Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : 333
તા.૧૧-૦૧-૨૦૧૮, ગુરૂવાર
સંવત ૨૦૭૪ પોષ વદ - ૧૦
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૫ સૂર્યાસ્ત : ૦૬:૧૨

તાપમાન
ડીસા ૧૪.૦
અમદાવાદ ૧૫.૫
ગાંધીનગર ૧૩.૫
વડોદરા ૧૬.૪
સુરત ૨૦.૮
નલિયા ૧૨.૨

ચાંદી : ૩૯,૪૦૦ સોનું : ૩૦,૩૦૦

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

રખેવાળ

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૭૭ વર્ષ...

એર ઈન્ડિયામાં ૪૯ ટકા રોકાણને મંજુરી

વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય કેબિનેટની મિટિંગમાં નિર્ણય

નવી દિલ્હી

ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ)ના નિયમોમાં મોટા ફેરફારને આજે લીલીઝંડી આપી દેવામાં આવી હતી. કેબિનેટે આને લીલીઝંડી આપી હતી. આમા સિંગલ બ્રાન્ડ રિટેલમાં ઓટોમેટિક રુટથી ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી આપવામાં આવી છે. પહેલા ૪૯ ટકા સુધી રોકાણને મંજુરી હતી. તેના ઉપરના મૂડીરોકાણ માટે સરકારની મંજુરી લેવાની જરૂર હતી. ઉડ્ડયન કન્ટ્રક્શનના સેક્ટરમાં પણ એફડીઆઈના નિયમોમાં છુટછાટ આપવામાં આવી છે. કન્ટ્રક્શન સેક્ટરમાં ઓટોમેટિક રુટથી ૧૦૦ ટકા એફડીઆઈને મંજુરી આપવામાં આવી છે. બીજી બાજુ એરઈન્ડિયા માટે ૪૯ ટકા રોકાણને મંજુરી આપવામાં આવી છે. એમ માનવામાં આવે છે કે, આમા એર ઈન્ડિયામાં ડિસઈન્વે સ્ટમેન્ટ કરવામાં સફળતા મળશે. સત્તાવાર સુત્રોએ કહ્યું છે કે, એર ઈન્ડિયાની મોટી હિસ્સેદારી ભારતીય નાગરિક ઉડ્ડયનના હાથમાં રહેશે. સુત્રોનું કહેવું છે કે, એર ઈન્ડિયા બોર્ડે સરકારી પ્રસ્તાવને મંજુરી આપી દીધી છે. અત્રે નોંધનીય છે કે, ૨૦૧૪માં સિંગલ બ્રાન્ડ રિટેલમાં ૧૦૦ ટકા એફડી આઈને મંજુરી આપવામાં આવી હતી. એ વખતે નાઇક જેવી મોટી ગ્લોબલ કંપનીઓએ ભારત તરફ રસ દાખવ્યો હતો. માનવામાં આવે છે કે, ઓટોમેટિક રુટથી મંજુરી મળી ગયા બાદ હવે બાકી અનેક કંપનીઓ પણ ભારતની તરફ આકર્ષિત થશે.

વડોદરાના મંજુસર ગામે કેમીકલ ફેકટરીમાં આગ ભભૂકી

મનીષ જોષી

વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના મંજુસરા ગામ નજીક કૂનપાડ રોડ પર આવેલી કેમકોન સ્પેશિયાલિટી કેમિકલ પ્રા.લિ. ના પ્લાન્ટમાં આગ અચાનક ભૂભૂકી ઉઠી હતી તેથી દોડધામ મચી જવા પામી હતી. કંપનીમાં કામ કરતા ૧૦૦ ઉપરાંતના કર્મચારીઓને બચાવી લેવાયા હતા જો કે કેમિકલનો મોટો જથ્થો આગમાં નાસ પામ્યો હતો આ વિકરાળ આગને બુઝાવવા મંજુસર જીઆઈડીસી, જીએલએફસી અને નંદેસરીના ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

વિચાર વૈભવ...

રાત રાણી

જૂનાગઢના જયશ્રી બહેન.. પોતાના પતિ, એક બાળક અને એક છોકરી સાથે રહે. અર્થાત્ પરિવારમાં તેઓ ચાર જણ... સૌ પોતપોતાનામાં મસ્ત.

જયશ્રી આખો દિવસ ઘરકામમાં જ વ્યસ્ત રહે. છોકરાઓને નવડાવવા. સ્કુલે મોકલવા- ટિફિન તૈયાર કરવું. પતિને ટિફિન તૈયાર કરી આપવું. કપડાં ધોવા- રસોઈ કરવી- વાસણ ઉટકવા- કચરા- પોતા કરવા- ઘસી સાફસૂફી કરવી. વસ્તુઓ યથાસ્થાને ગોઠવી રાખવી.

પતિ ઓફિસે જાય.. ઓફિસથી સાંજે પાછા આવીને, જમીન પુસ્તકાદિ વાંચીને સૂઈ જાય. છોકરાઓ નિશાળે જાય, ટ્યૂશને જાય, હોમવર્ક કરે, રમે, જમે ને સૂઈ જાય...

જાણે કોઈને કોઈની પડી ન હોય.

તેથી જયશ્રી ક્યારેક કંટાળી જતી.

તેને થતું કે અહીં મારી કોઈને ય પડી નથી. હું આટ-આટલું કામ કરૂં તો ય કોઈને મારી કોડીની યે કિંમત નથી. બધાં જાણે એમ જ સમજે છે કે મારે હંમેશાં કામ જ કરવું જોઈએ. વ્યકિત તરીકે મારી જાણે કોઈને પડી જ નથી. તેવામાં એક સમય એવું બન્યું કે જયશ્રી બીમાર પડી. ઓપરેશન માટે હોસ્પિટલ જવું પડ્યું. હોસ્પિટલમાં થોડાક વધુ દિવસો રોકાવું પડ્યું.

એક દિવસ તેણીએ ઘરે ફોન કર્યો. ફોન તેમના ચાર વરસના દીકરા મયૂરે ઉપાડ્યો. મયૂરનો અવાજ પણ પડી ગયેલો હતો.

જયશ્રીએ પૂછ્યુંઃ ‘મયુર, ઘરમાં તું એકલો તો નથી ને?’

મયૂરે પોતાની મમ્મીનો અવાજ ઓળખ્યો નહીં, તેથી રડમસ અવાજે કહ્યુંઃ ‘હું એકલો જ છું. મારી મમ્મી ઓપરેશન માટે હોસ્પિટલ ગઈ છે. એટલે ઘરમાં હું ને મારા પપ્પા અને મારી મોટી બહેન... અમે બધાં સાવ એકલા છીએ.’

આ સાંભળતાં જ જયશ્રીનો આજ સુધી ઘર કરી ગયેલો ભ્રમ ભાંગી ગયો.

‘ગૃહિણી ગૃહમુચ્યતે’ પંક્તિ તેણે વાંચી હતી પણ આજે તેને તે અનુભવે સમજાઈ ગઈ.

- પં.રાજહંસવિજયજી ગણિ

પોલીસે ચેકિંગ દરમ્યાન કારને ઉભી રાખવા જણાવ્યું હતું

દાંતાના હડાદ પાસે કાર ચાલકનો પોલીસકર્મી પર ગાડી ચડાવી દેવાનો પ્રયાસ



દાંતા

અવાર-નવાર પોલીસ પર હુમલાના બનાવો બનતા હોય છે. ખાસ કરીને બોર્ડર પર અથવા કોઈ ચેકપોસ્ટ પર કામ કરતા પોલીસ કર્મીઓએ અનેક વખત વાહનચાલકોના રોષનો ભોગ બનવું પડતું હોય છે. ત્યારે અંબાજીના હડાદ પાસે એક કાર ચાલકે પોલીસકર્મી પર ગાડી ચડાવી દેવાનો પ્રયાસ કર્યો હતો.

બનાવની વિગત એવી છે કે હડાદ પાસે ચેકિંગ દરમિયાન પોલીસે એક કારને ઉભી રાખી હતી. પોલીસના ઈશારા બાદ કાર ચાલક ઉભો પણ રહી ગયો હતો. પરંતુ બાદમાં તેણે ત્યાંથી કાર લઈને ભાગવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન તેણે એક પોલીસ કોન્સ્ટેબલને અડફેટે લીધો હતો. કારની ટક્કરથી કોન્સ્ટેબલ રસ્તા પર પટકાયો હતો. ચેકિંગ દરમિયાન સાથે રહેલા પોલીસ કર્મીઓએ કાર ચાલકને પકડવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેણે ગાડી મારી મૂકી હતી. પોલીસે આ કેસમાં સીસીટીવી મેળવીને કાર ચાલકને શોધવા પ્રયાસ હાથ ધર્યા છે. સીસીટીવીને જોતા એવું લાગી રહ્યું છે કે કાર અકસ્માતનો ભોગ બની હતી. કારનું આગળનું બોનેટ તૂટેલું જણાઈ રહ્યું છે. સીસીટીવીમાં જોઈ શકાય છે કે અકસ્માતનો ભોગ બનેલી લાગતી એક કારને પોલીસે રોકવાનો ઈશારો કર્યો હતો. બાદમાં એક કોન્સ્ટેબલ કાર ચાલક સાથે કંઈક વાતચીત કરે છે અને કારને રસ્તાની બાજુમાં લેવાનું કહે છે. કારચાલક કારને બાજુમાં લેવાનો ઢોંગ કરીને ત્યાંથી ભાગી નીકળે છે. આ દરમિયાન અન્ય એક કોન્સ્ટેબલ કારને રોકવાનો પ્રયાસ કરે છે, પરંતુ તે કારની અડફેટે આવી જાય છે અને જમીન પર પટકાય છે.

વડગામ તાલુકાના હસનપુરામાં બાળકોને રસી પીવડાવવાનો બહિષ્કાર

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનની ટીમ દોડી આવી

પુષ્કર ગૌસ્વામી

તા પ્રતિ. વડગામ

ભારત સરકારના આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બાળલકવો, ધનુર, ઓરી, ડીફથેરીયા, ટાઈફોઈડ, કમળો, મગજનો તાવ વગેરે જીવલેણ રોગોને જળમુળમાંથી નેસ્તના બુદ કરવા સઘન મિશન ઈન્દ્રધનુષ્ય યોજના અંતર્ગત ગામડામાં વસવાટ કરતા, અંતરીયાળ તથા ખેતરો-ઉદ્યોગ ધંધા સાથે સંકળાયેલ શ્રમિકોના ૦ થી ૧ અને ૧ થી ૨ વર્ષના તમામ બાળકોને જુદી જુદી રસીઓના સાતડોઝ આપવાનો કાર્યક્રમ અમલમાં મૂક્યો છે.

જે અંતર્ગત વડગામ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. વિક્રમભાઈ ગઢવીએ તમામ ૧૧૩ ગામોમાં રસીકરણ ઝુંબેશ ચલાવી ૯૯ ટકા કાર્ય પૂર્ણ કર્યું છે પરંતુ મુસ્લિમ લઘુમતી વસ્તી ધરાવતા હસનપુર ગામની એક ફેકટરીમાં ફરજ બજાવતા શ્રમિકોના પરિવારોના ૧૭ ભૂલકાંઓને રસીના સાતડોઝ પીવડાવવા વિરોધ કરતાં છેલ્લા ચાર મહીનાથી તંત્ર

અનુસંધાન પાના નં.૬

અંકલેશ્વરની જીઆઈએલ કંપનીમાં કામદારનું મોત

પ્રતિનિધિ અંકલેશ્વર

અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ જીઆઈએલ કંપનીમાં એક કામદારની તબિયત બગડતા તેને સારવાર મળે તે પહેલા જ મોત થતા જીઆઈડીસી પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. મળતી માહિતી મુજબ અંકલેશ્વર તાલુકાના નવા તરિયા ખાતે રહેતા ૪૯ વર્ષિય ભીમસિંગ વસાવા જીઆઈડીસી માં આવેલ જીઆઈએલ કંપનીમાં કામ કરતા હતા. તે દરમિયાન તેઓની તબિયત લથડતા તેમને જયાબેન મોદી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જો કે ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

અનુસંધાન પાના નં.૬

પાલિકા પ્રમુખ સહિત અધિકારીઓએ સ્થળ નિરીક્ષણ કર્યું

ડીસા પાલિકા દ્વારા રાજપુર ત્રણ રસ્તા પાસે સોલાર પાર્ક અને બગીચો બનાવાશે

રૂપિયા ૪ કરોડના ખર્ચે બનનાર સોલારપાર્ક થી વરસે લાઈટબિલમાં ૩.૫ કરોનો ફાયદો થશે

ભરત સુંદેશા

ડીસા

ડીસા શહેરમાં હવાઈ પિલ્લર પાસે અધ્યતન બગીચાનું કામ પૂર્ણ થવાના આરે છે ત્યારે ડીસા નગરપાલિકા દ્વારા શહેરના રાજપુર ગવાડી ત્રણ રસ્તા પાસેની ખુલ્લી જગ્યામાં ૪ એકર જગ્યામાં સુંદર બગીચો અને ૪ એકર જગ્યામાં સોલાર પાર્ક બનાવવાનું આયોજન હાથ ધરાયુ છે. ડીસા પાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસર સહિત અધિકારીઓએ મંગળ વારે સ્થળ મુલાકાત કરી હતી.

ડીસા નગરપાલીકા દ્વારા શહેરમાં વિકાસના અનેક કાર્યો ધમધમતા થયા છે. જેમાં પાલિકા દ્વારા દરેક વોર્ડમાં રસ્તાઓનું નેટવર્ક પૂર્ણ કર્યા બાદ હવે પાલિકા દ્વારા શહેરમાં શોભાયમાન અને પિકનિક ડેસ્ટિનેશન વિકસાવવા ની કવાયત હાથ ધરાઇ છે. જે અંતર્ગત પાલિકા દ્વારા રેલવે સ્ટેશન રોડ વોહળા માં તળાવ બનાવવાની દરખાસ્ત થયેલી છે. જ્યારે પાલિકા દ્વારા હવાઈ પિલ્લર મેદાનની બાજુમાં સુંદર બગીચાનું કામ નિર્માણાધીન છે જે પૂર્ણ થવાના આરે છે. ત્યારે હવે નગરપાલિકા દ્વારા શહેરના રાજપુર ગવાડી ત્રણ રસ્તા પાસેથી વર્ષોથી ખુલ્લી પડી રહેલી જગ્યામાં બગીચો અને સોલાર પાર્ક બનાવવાનું આયોજન હાથ ધરાયું છે. જે અંતર્ગત મંગળવારે ડીસા નગરપાલિકાના પ્રમુખ

અનુસંધાન પાના નં.૬

પાલિકાના ટ્યુબવેલ નું લાઈટબીલ બચશે

ડીસા નગરપાલિકા દ્વારા રાજપુર ગવાડી રોડ પર સોલાર પાર્ક સ્થાપવાનો નિર્ણય કરાતા તેનો સંપૂર્ણ પ્રોજેકટ રિપોર્ટ અમલમાં મૂકી દેવાયો છે. જે અંતર્ગત સોલાર પાર્ક થી જે વીજ ઉત્પન્ન થશે તે ઉત્તર ગુજરાત વીજ કંપનીની ક્રેડિટ સ્વરૂપે આપશે. જેનાથી ડીસાના વોટર વર્કસ શાખાના તમામ ટ્યુબવેલ ના લાઈટબિલમાં પાલિકાને વરસે ૩.૫ કરોડ રૂપિયાનો ફાયદો થશે.

બાદરપુરા(ભૂતેડી)ની બાળકીનું દુષ્કર્મ કરવાના ઈરાદે અપહરણ કરાયું હતું

બનાસકાંઠા પોલીસે રાજસ્થાન પોલીસની મદદથી ગણતરીના કલાકોમાં આરોપીને દબોચી લઈ બાળકીને બચાવી લીધી

સંજય જોષી

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લામાં સાત વર્ષની બાળકીનું દુષ્કર્મ કરવાના ઈરાદે અપહરણ કરાયું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં બનાસકાંઠા પોલીસે તાત્કાલિક અલગ અલગ ૭ ટીમો બનાવી બાળકીને અપહરણકારની ચુંગાલમાંથી હેમખેમ છોડાવી આરોપીને રાજસ્થાનથી ઝડપી લઈ જેલના સળિયા પાછળ ધકેલી વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાત સરકાર દ્વારા મહિલાઓ અને બાળકોની સુરક્ષાની ગુલબાંગોને પોકળ સાબિત કરતી ઘટના બનાસકાંઠામાં બની છે. જેમાં પાલનપુર તાલુકાના બાદરપુરા (ભૂતેડી) ખાતે બાલ મંદિરમાં સોપાન-૨માં અભ્યાસ કરતી ૭ વર્ષની બાળકીનું અપહરણ થયું હતું. જેમાં પોતાના ખેતરે ભાગીયા તરીકે કામ કરતો આદિવાસી યુવક મુકેશ મગનભાઈ આદિવાસી ઉર્ફે સરદાર (ઉ.૨૨ રહે.સેંબલપાણી તા.દાંતા) રોજ બાળકીને સ્કૂલમાં લેવા-મુકવા જતો હતો. પરંતુ ગઈકાલે બાળકીને લેવા ગયેલો મુકેશ મોડીસાંજ સુધી પરત ના આવતા પરિવારજનોને શંકા ગઈ હતી. જેથી બાળકીના પરિવાર જનોએ બાળકીનું અપહરણ થયું હોવાની તાત્કાલિક પોલીસને જાણ કરતા પોલિસે અલગ અલગ ૭ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. જેમાં આ યુવક બાળકીને લઈ રાજસ્થાન ગયો હોવાની માહિતી મળતા ગુજરાતને રાજસ્થાન પોલિસે સાથે

અનુસંધાન પાના નં.૬

પેટ્રોલ ખલાસ...ખેલ ખલાસ.

બાળકીના સદનસીબે એક ગંભીર પ્રકારની ઘટના બનતા રહી ગઈ હતી. આરોપી બાળકીનું અપહરણ કરી બાઈક પર લઈ જતો હતો. ત્યારે ધાનેરા નજીક બાઈક મા પેટ્રોલ ખલાસ થઈ જતા ત્રણ કલાક સુધી પેટ્રોલ ન મળતા પોલીસ ને આરોપી સુધી પહોંચવાનો મોકો મળી ગયો.અને એક ગંભીર પ્રકારની ઘટના બનતા અટકી હતી. આમ, પેટ્રોલ ખલાસ થતા અપહરણકારનો ખેલ પણ ખતમ થઈ ગયો હતો. જોકે, બનાસકાંઠા જિલ્લા પોલિસવડા નિરજકુમાર બડગુજરે અંગત રસ લઈ સાયબર સેલમાં હાજર રહી સતત માર્ગદર્શન પૂરૂં પડતા એલ.સી.બી, એસ.ઓ.જી., પેરોલ ફર્લો સ્કવોર્ડ, જિલ્લા ટ્રાફિક, પાલનપુર, ધાનેરા, અને પાંથાવાડા સહિતની બનેલી બનાસકાંઠા પોલિસની ટીમની કામગીરી આ કિસ્સા માં બિરદાવવા લાયક રહી હતી.

પરિવારજનોએ પોલીસનો આભાર માન્યો

દુષ્કર્મ કરવાના ઈરાદે બાળકીનું અપહરણ થયું હતું. પરંતુ પોલિસની સતર્કતાથી આ અપહરણકારની ચૂંગલમાંથી બાળકીનો હેમખેમ છુટકારો થતા તેના પરિવારજનોએ પોલીસ નો આભાર માન્યો હતો.

સાર સમાચાર...

ભારતમાં ક્ષમતા છે : ૭.૩ ટકા વિકાસ દર થઇ શકે છે

નવી દિલ્હી

હાલમાં જ સેન્ટ્રલ સ્ટેટિસ્ટિક્સ ઓફિસ દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં વિકાસ દરનો અંદાજ ઘટાડી દેવામાં આવ્યા બાદ ચારેબાજુથી ટિકા ટિપ્પણીનો સામનો કરી રહેલી મોદી સરકારને મોટી રાહત મળી છે. કારણ કે વર્લ્ડ બેંકે કહ્યુ છે કે ભારતમાં મોટી ક્ષમતા રહેલી છે. વર્ષ ૨૦૧૮માં વિકાસ દર ૭.૩ ટકા રહી શકે છે. વર્લ્ડ બેંકે કહ્યુ છે કે આ મહત્વકાંક્ષી સરકારમાં થઈ રહેલા વ્યાપક સુધારા ઉપાયની સાથે સ્થિતીમાં સુધારો થઈ શકે છે. બીજી ઉભરતી અર્થવ્યવસ્થાની તુલના માં વિકાસ દર વધારે રહી શકે છે. વર્લ્ડ બેંકે આજે વર્ષ ૨૦૧૮ માટે ભારતના વિકાસ દર ૭.૩ ટકા રહેવાનો અંદાજ મુકી દીધો છે.

શ્રધ્ધાંજલિ

સ્વ. રાંણાભાઈ કલ્યાણભાઈ દેસાઈ (મકવાણા)
સ્વ. તા. ૬/૧/૨૦૧૮
મુ. નાથપુરા તા.કાંકરેજ જિ.બ.કા.

હિમાલય જેવું ખળખળ હાસ્ય,
દરિયા જેવું નિખાલસ હ્રદય,
સૂર્ય જેવું તેજસ્વી જીવન,
ચંદ્ર જેવો શીતળ સ્વભાવ,
આકાશના તારા જેવું
ઝળહળતું જીવન જીવ્યા અને
અચાનક તારાની જેમ ખરી
પડ્યા, પ્રભુ તમારા દિવ્ય
આત્માને શાંતિ આપે
એજ પ્રાર્થના....

લિ.
દેસાઈ ઝવેરભાઈ મશરૂભાઈ - લવાણા
દેસાઈ લીલાભાઈ મશરૂભાઈ - લવાણા
દેસાઈ સગરામભાઈ મશરૂભાઈ - લવાણા
દેસાઈ વાસીભાઈ મશરૂભાઈ - લવાણા
દેસાઈ જલાભાઈ મશરૂભાઈ - લવાણા
દેસાઈ મોતીભાઈ લીલાભાઈ - ભાણેજ, લવાણા
દેસાઈ મફાભાઈ સગરામભાઈ - લવાણા
દેસાઈ મેરાજભાઈ લીલાભાઈ - ભાણેજ, લવાણા
દેસાઈ જોગાભાઈ ઝવેરભાઈ - લવાણા
દેસાઈ મુકેશભાઈ જલાભાઈ - લવાણા
દેસાઈ રમેશભાઈ સગરામભાઈ - લવાણા
દેસાઈ શંકરભાઈ જલાભાઈ - લવાણા
દેસાઈ મોહનભાઈ ઝવેરભાઈ - લવાણા
દેસાઈ ભરતભાઈ જલાભાઈ - લવાણા
જય મેલડી એગ્રો સેન્ટર - લાખણી
જય મેલડી એગ્રો સેન્ટર - લવાણા

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

સૂર્યોદય - ૭.૨૫ સૂર્યાસ્ત - ૬.૧૨

તિથિદર્શન

પોષ વદ-૧૦ ગુરૂવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ પોષ વદ : દશમ ગુરૂવાર નક્ષત્ર:વિશાખા યોગ : શુલ કરણ :બવ આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર.ત.) રાત્રે ૧૨.૪૯ પછી વૃશ્ચિક (ન.ય.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

માનુષ્યં વરવંશજન્મ
વિભવો દીર્ઘાયુરારોગ્યતા
સન્મિત્રં સુસુતઃ સતી પ્રિયતમા
ભક્તિશ્ચ નારાયણએ
વિદ્વત્વં સુજનત્વમિન્દ્રિયજયઃ
સત્પાત્રદાને રતિ- સ્તે પુણ્યેન વિના
ત્રયોદશ ગુણાઃ સંસારિણાં દુર્લભાઃ

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા 'ગૃહસ્થાશ્રમ' વિષયક આ શ્લોક છેઃ સંસારીજનોના પુણ્યફળને કારણે જ અપ્રાપ્ય એવાં આ તેર સદ્‌ગુણ પ્રાપ્ત થાય છેઃ ૧.મનુષ્યપણું, ૨. ઉત્તમ વંશમાં જન્મ, ૩. વૈભવ, ૪. લાંબું નિરોગી આયુષ્ય, ૫. તંદુરસ્તી, ૬. સારો મિત્ર, ૭. સારો પુત્ર, ૮. સદ્‌ગુણી સ્ત્રી, ૯. ઈશ્વરમાં શ્રદ્ધા- ભક્તિ, ૧૦.વિદ્વત્તા, ૧૧. સજ્જનતા- સંસ્કારીપણું, ૧૨. સંયમી જીવન, ૧૩. સુપાત્રને દાન કરવામાં આનંદ અર્થાત્ દાનવૃત્તિ. પૂર્વજન્મોનાં સત્કર્મો અને પુણ્યફળ આધારિત જ જન્મ પ્રાપ્ત થાય છે. કઈ - કેવી યોનિમાં જન્મ મેળવવો એ પણ આપણા હાથની વાત નથી. કર્મો અને પુણ્યબળને કારણે જ ઘર- કુટુંબ- પરિવાર અને સમાજની પ્રાપ્તિ થાય છે. ઉપર જણાવેલા તેર સદ્‌ગુણ અને પરિસ્થિતિ પણ સત્કર્મો આધારિત જ મળે છે.

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.)ગૃહજીવનમાં આનંદ રહે. વણસેલા સંબંધો સુધરે.
વૃષભ : (બ.વ.ઉ.) કોર્ટ-કચેરીના કાર્યમાં લાભ થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.
મિથુન : (ક.છ.ઘ.)વ્યર્થ ચિંતા દૂર થાય. આનંદપૂર્ણ દિવસ વિતે.
કર્ક : (ડ.હ.) મહત્વના કાર્યમાં સફળતા મેળવી શકશો. તકનો લાભ ઉઠાવજો.
સિંહ : (મ.ટ.)લાંબા સમયથી અટકી પડેલા કાર્યો પૂર્ણ થાય. મનની મૂંઝવણ દૂર થાય.
કન્યા : (પ.ઠ.ણ.) વ્યર્થ ક્રોધથી દૂર રહેવું. આંધળો વિશ્વાસ મૂકીને કામ કરવાની વૃતિ ટાળવી.
તુલા : (ર.ત.) યશ, માનના ભાગીદાર બનશો. આર્થિક લાભ મળે.
વૃશ્ચિક : (ન.ય.) સ્વભાવમાં ઉગ્રતા રહે. ધારી સફળતામાં વિલંબ રહે.
ધન : (ભ.ફ.ધ.) મનની મૂંઝવણ મનમાં રહે. વ્યર્થ ક્રોધ રહે.
મકર : (ખ.જ.)અચાનક પ્રવાસ થાય. મહામહેનતે કાર્યમાં સફળતા મળે.
કુંભ : (ગ.શ.સ.) કાર્યબોજ વિશેષ રહે. શેર-સટ્ટા, લોટરીમાં લાભ મળે.
મીન : (દ.ચ.જ.થ.)આર્થિક લાભ રહે. મનની મુરાદ બર આવે.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

આપણા દેશના નિષ્ઠાવાન અને સેવાભાવી વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીની પુણ્યતિથી છે. એમનો જન્મ ૨-૧૦-૧૯૪૦ના રોજ મુગલરાઈમાં થયો હતો.

જેલવાસમાં એમણે 'માદામ કયુરી'નું જીવનચરિત્ર અંગ્રેજીમાંથી હિંદી ભાષામાં ભાષાંતરિત કરેલું. એ એમનું પહેલું અને છેલ્લુ પુસ્તક છે. બાકી તો આખી જીંદગી એમણે લોકસેવા જ કરી છે.

પં. જવાહરલાલના તેઓ ખાસ વિશ્વાસપાત્ર હતા. 'જય જવાન,જય કિસાન' નું એમણે આપેલું સુત્ર આજે પણ ચિરંજીવ છે. તા.૧૧-૧-૧૯૬૬ના રોજ એમનું અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

તા. ૧૧.૦૧.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

નિફ્ટી ફ્યુચર ૧૦૫૭૩ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ....!!!

તા. ૧૦.૦૧.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૬૩૫ પોઈન્ટ :-

આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૫૯૦ પોઈન્ટના પ્રથમ અને ૧૦૫૭૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૬૬૦ પોઈન્ટ થી ૧૦૬૭૬ પોઈન્ટ, ૧૦૭૦૭ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૭૦૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

તા. ૧૦.૦૧.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૬૨૫ પોઈન્ટ :-

આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૫૪૦ પોઈન્ટના પ્રથમ અને ૨૫૫૦૫ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૬૯૦ પોઈન્ટ થી ૨૫૭૧૩ પોઈન્ટ, ૨૫૭૭૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૭૭૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

ડો.huœe (૨૪૪૨) :- ફાર્મા ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૨૪૩૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૨૪૦૪ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૨૪૬૩ થી રૂ.૨૪૭૦ ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૨૪૭૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

ACC લિમિટેડ (૧૮૧૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૮૦૮ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૭૯૦ના સપોર્ટથી ખરીદવાલાયક આ સિમેન્ટ સ્ટોક રૂ.૧૮૩૩ થી રૂ.૧૮૪૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!

સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૪૪૬) :- રૂ.૧૪૨૪ નો પ્રથમ તેમજ રૂ.૧૪૦૯ના બીજા સપોર્ટથી સિમેન્ટ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૪૬૩ થી રૂ.૧૪૭૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!

ઇન્ફોસિસ (૧૦૫૫) :- ટેક્નોલોજી સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૦૬૭ થી રૂ.૧૦૭૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૧૦૨૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

બાટા ઇન્ડિયા (૭૫૬) :- રૂ.૦૫ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૭૪૪ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક બેન્ક સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૭૭૩ થી રૂ.૭૮૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

HDFC બેન્ક (૧૮૬૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટર નો આ સ્ટોક રૂ.૧૮૮૮ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૮૪૪ થી રૂ.૧૮૩૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૮૯૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

લ્યુપિન લિમિટેડ (૯૩૧) :- રૂ.૯૪૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૯૫૦ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૯૨૩ થી રૂ.૯૧૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૯૫૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

HCL ટેક્નોલોજી (૯૧૪) :- ટેક્નોલોજી સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૯૩૩ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૮૯૮ થી રૂ. ૮૯૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

તાતા મોટર્સ (૪૩૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઓટો સેક્ટરનો આ સ્ટોક રૂ.૪૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૪૧૭ થી રૂ.૪૦૯ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૪૫૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

JSW સ્ટીલ (૨૮૩) :- રૂ.૨૯૦ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૨૯૬ ના સ્ટોપલોસે વેચવાલાયક સ્ટીલ સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૨૭૬ થી રૂ.૨૭૦નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૨૯૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

મહાકાલ સેના નો હુંકારઃ સરકાર ને ૧૧ દિવસનું અલ્ટીમેટમ

પદ્માવત ફિલ્મ રિલીઝ થશે તો ૨૨ મીએ કમલમનો ઘેરાવો કરશે

અમદાવાદ

ગુજરાત મહાકાલ સેના એ બુધવારે અમદાવાદ ખાતે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં આગામી ૨૫ મી જાન્યુઆરી એ રિલીઝ થનારી પદ્માવત ફિલ્મ ને લઈ ગુજરાત સરકાર જો ૧૧ દિવસ માં ફિલ્મ પર બેન નહિ મુકેતો ૨૨ મી જાન્યુઆરી એ ગાંધીનગર ખાતે ભાજપ ના પ્રદેશ કાર્યાલય કમલમ નો ઘેરાવો કરવામાં આવશે તેવી ખુલ્લી ચેતાવણી આપવામાં આવી હતી.

પદ્માવતી ફિલ્મ ને લઈ સમગ્ર ભારત માં વિરોધ નો વંટોળ ઉભો થયો હતો. ત્યારબાદ ફિલ્મ નું પ્રસારણ થોડા દિવસ સુધી અટકાવી દેવામાં આવ્યું હતું. પરંતુ હવે પદ્માવતી ફિલ્મ નું નામ પદ્માવત રાખી આગામી ૨૫ જાન્યુઆરી એ ફિલ્મ રિલીઝ થઈ રહી છે. પણ આ ફિલ્મને લઈ ક્ષત્રિય સમાજની સાથે હિંદુ સમાજ આ ફિલ્મ નો વિરોધ કરી રહ્યો છે.

૧૨ તારીખે મુંબઈ ખાતે સેન્સર બોર્ડ નો ઘેરાવો કરાશે

પદ્માવત ફિલ્મ ના મુદ્દે શ્રી રાષ્ટ્રીય રાજપૂત કરણી સેના અને મહાકાલ સેના દ્વારા ૧૨ મી જાન્યુઆરી એ મુંબઈ માં સેન્સર બોર્ડ ની ઓફિસ નો ઘેરાવો કરવામાં આવનાર છે. જેના માટે ગુજરાત ભરના અગ્રણીઓ મુંબઈ કુચ કરી રહયા હોવાનું પણ મહાકાલ સેના ના ક્રિપાલસિંહ ચાવડાએ જણાવ્યું હતું.

અનુસંધાન પાના નં.૬

પાટણના ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે કાર્યશાળા યોજાઈ

ડીસા

આજરોજ રીલાયન્સ ફાઉન્ડેશન રાધનપુર દ્વારા પાટણ ના ખેડૂત તાલીમ કેન્દ્ર ખાતે સરકાર ના વિવિધ વિભાગ સાથે જિલ્લા કક્ષાની કાર્ય શાળા યોજાઈ ગયી. કાર્યક્રમમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ના નિયામક ડીએલ પરમાર જિલ્લા ખેતીવાડી અધિકારી શૈલેષ પટેલ સરદાર કૃષિનગરના વિસ્તરણ શિક્ષણ નિયામક કે એ ઠક્કર જગુદણ બીજ મસાલા સંશોધન કેન્દ્ર ના ભૂતપૂર્વ સંશોધન વૈજ્ઞાનિક અબ્બાસ આગલોડિયા નાયબ જિલ્લા વિકાસ અધિકારી એમ એન ચૌહાણ રીલાયન્સ ફાઉન્ડેશન ના ગુજરાત યુનિટ ના વડા ભરત પટેલ વિવિધ સરકારી વિભાગના અધિકારીઓ તથા સ્વૈચ્છીક સંસ્થા ના પ્રતિનિધિઓ બનાસ ફાર્મર્સ પ્રોડ્યૂસર કંપની ના ડાયરેકટર કિસાન સંઘના અગ્રણી જગમાલ ભાઈ આર્ય હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં જિલ્લા ના સર્વાંગીણ વિકાસ માટે સરકારી વિભાગો અને રીલાયન્સ ફાઉન્ડેશન દ્વારા સંકલન કરી ને વિકાસ ના કામો છેવાડા ના માનવી સુધી પહોંચાડવાની નેમ વ્યક્ત કરી હતી. કાર્યક્રમ દરમ્યાન રીલાયન્સ ફાઉન્ડેશન દ્વારા સમગ્ર દેશમાં થયી રહેલા વિકાસ ના કાર્યો નું સંક્ષિપ્ત પ્રેઝન્ટેશન રજૂ કરવા માં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન અને આભારવિધિ હેમજીભાઈ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

શિયાળાની ઠંડીમાં કચરીયા પાકનો અનેરો ગરમાવો

વિનોદ બાંડીવાલા

શિયાળાના પૌસ્ટીક આહારમાં તલનું શ્રેષ્ઠ સ્થાન છે. પ્રાચીન યુગમાં બળદની ઘાણી થી તલ પીલીને કચરીયું નીકળતું ઉપરોક્ત તસ્વીરમાં હવે આધુનિક યુગમા મોટર સાયકલનાં ઉપયોગથી ગોળ - ગોળ ફરીને સાધન દ્વારા કચરીયું તૈયાર કરવામાં આવે છે. "કચરીયું" નામ ભલે કચરીયું પણ દાંતવાળા કે દાંત વગરના સર્વે ને આ કચરીયા થી શક્તિ મળે છે.

ડીસા સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલયનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો

ડીસા

ડીસાની નામાંકિત સંસ્થા જે.ડી. અજબાણી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલય, ડીસામાં તા.૨૬/૧૨/૨૦૧૭ દરમ્યાન શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવેલ જેમાં ડીસાથી સોમનાથ - દીવ - જૂનાગઢ - ચોટીલા - પાટડી આ શૈક્ષણિક પ્રવાસમાં તમામ સ્થળોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓએ ઐતિહાસિક માહિતી મેળવેલ હતી. સતત તમામ સ્થળોની ઐતિહાસિક માહિતીમાં શાળાના શિક્ષક અશોકભાઈ પ્રજાપતિએ માર્ગદર્શન પુરૂ પાડયું હતું. શાળાના તમામ સ્ટાફના સાથ અને સહકાર શૈક્ષણિક પ્રવાસ સુંદર રીતે પુર્ણ થયો હતો.

શ્રી નવાપુરા (જા) પ્રા.શાળાના શિક્ષકનો વિદાય સમારંભ યોજાયો

પ્રતિ. કાંટ

તાજેતરમાં નવીન એમ.ટાટા આચાર્યોની નિમણૂંક થતા દિયોદર તાલુકાની નવાપુરા પ્રા.શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા અશોકભાઈ પટેલ આચાર્ય તરીકે પસંદગી પામી સોની શાળામાં હાજર થયા છે. ત્યારે તેમને તેમની માતૃશાળા માંથી હર્ષભેર વિદાય આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં દિયોદર તાલુકાના તાલુકા પ્રાથમિક અધિકાર પ્રકાશભાઈ, શિક્ષક ઘટક સંઘના મહામંત્રી ચેલાભાઈ ચૌધરી, બી.વી. પટેલ હાઈસ્કુલના આચાર્ય લાલજીભાઈ, ખોડા હાઈસ્કુલના આચાર્ય જયંતિભાઈ ચૌધરી, બળવંતસિંહ વાઘેલા, જબ્બરસિંહ વાઘેલા અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં વિદાય આપવામાં આવી હતી. ગ્રામજનો પણ બહોળી સંખ્યામાં હાજર રહી તેત્રના કાર્યને બિરદાવ્યું હતું શાળા પરિવાર તરફથી અશોકભાઈને સ્મૃતિ ચિન્હ અર્પણ કરવામાં આવ્યું હતું. અશોકભાઈ તરફથી શાળાના બાળકો તથા પધારેલા મહેમાનો માટે ભોજન સમારંભનું આયોજન પણ કર્યું હતું કાર્યક્રમના અંતે આચાર્ય સી.કે. પટેલે આભારવિધિ કરી હતી.

ધાનેરામાં લાયન્સ કલબ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન

તા.પ્રતિનિધિ ધાનેરા

૩૨૩ બી. ઈન્ટરનેશનલ કલબ ધાનેરા શાખા દ્વારા ધાનેરા તાલુકાના ધો.૧૦, ૧૨ ના તથા નીટના તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલર સ્ટુડન્ટ એવોર્ડ એનાયત કરવામાં આવેલ. જેમાં ધાનેરાના વર્તમાન ધારાસભ્ય નથાભાઈ એમ. પટેલ, બનાસડેરીના ડિરેક્ટર માવજીભાઈ દેસાઈ, વસંતભાઈ પુરોહિત, વિવેકાનંદ સ્કુલના ગોવિંદભાઈ, રોયલ સ્કુલના નારણસિંહ વાઘેલા, એસ.ડી.એમ.ધાનોરા આર.કે.પાઠક, ડૉ.બી.જે.મોર, લાયન પંકજભાઈ શાહ, રીજીયન ચેરપર્સન લાયન કેતનભાઈ શાહ, જોન ચેરમેન લાયન મગનભાઈ એન. આકોલીયા, ડી.સી.જીવદયા તથા અરવિંદભાઈ તુવર પ્રમુખ ઉ.ગુ. ભા.વિ.પરિષદ વગેરે હાજર રહી ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓનું સન્માન કર્યુ હતું.

દાંતીવાડા કોલીની અંબિકા પેટ્રોલિયમ ખાતે ડ્રો યોજાયો

ઈશ્વર દેસાઈ

પ્રતિનિધિ દાંતીવાડા

આજે દાંતીવાડા કોલીની ખાતે અંબિકા પેટ્રોલ પંપ ઉપર રૂા.૨૦૦ ઉપર રૂા.૨૦૦નુ ફ્રી પેટ્રોલ ડ્રો યોજવામાં આવ્યો હતો. આ પસંગે સરપંચ અશોકભાઈ, કોંગેસ તાલુકા પ્રમુખ નટવરસિંહ વાધેલા, ડૉ.મહેન્દ્રભાઈ, પુર્વ ભાજપ મહામંત્રી જયેન્દ્રભાઈ જોષી, ડેલીગેટ હેમરાજભાઈ ગોહીલ, ગણેશભાઈ ચોધરીની હાજરીમાં યોજવામાં આવ્યો હતો. જે વિજેતા ભાઈઓને રૂબરૂ ૨૦૦ રૂા. પેટ્રોલ ભરી આપવામાં આવેલ.

સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ ડીસા અને બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ

ડીસા

રાજયકક્ષાની વુડબૉલ સ્પર્ધામાં સેંટ ઝેવિયર્સ હાઈસ્કુલ ડીસાનો વિદ્યાર્થી માજીરાણા રાહુલ ઉદાજીએ સિલ્વર મેડલ પ્રાપ્ત કરી શાળા અને બ.કા. જિલ્લાનું ગૌરવ વધારેલ છે. શાળાના આચાર્ય ફાધર જોન પીટરે માજીરાણા રાહુલ અને વ્યાયામ શિક્ષક દેસાઈ દિનેશભાઈને અભિનંદન પાઠવ્યા હતા.

ડીસા ડેપો ખાતે ઓપન હાઉસ કાર્યક્રમ યોજાયો

ડેપો કક્ષાએ દર બુધવારે તથા વિભાગીય પ્રમાણે માસની ૧૫ અને ૧૩ તારીખે કાર્યક્રમો થશે

ડીસા

એસ.ટી. નિગમના કર્મચારીઓની સકારાત્મકતામાં વધારો થાય અને કામદાર અને અધિકારીઓ વચ્ચેનાં સંબંધો સુદ્રઢ બને તેવા ઉમદા આશયથી પાલનપુર એસ.ડી. નિગમના વિભાગીય નિયામક સોલંકી અને ડેપો મેનેજર દ્વારા ડીસા ડેપોમાં ઓપન હાઉસ કાર્યક્રમ યોજાયો હતો.

જેમાં નિગમના કર્મચારીઓ તેમના પ્રશ્નો રજુઆત અને સૂચનો રજુ કરી શકે છે. તંત્રના આ અભિગમને એસ.ટી. કર્મચારીઓમાં આવકાર સાંપડી રહ્યો છે. ડીસા ડેપો ખાતે ડેપો મેનેજર પરમારની ઉપસ્થિતમાં યોજાયેલ ઓપન હાઉસ કાર્યક્રમમાં એસ.ટી.ના ડ્રાઈવર-કંડકટરો તેમજ તમામ વહીવટી સ્ટાફે હાજરી આપી હતી. જેમાં ડેપો મેનેજરે કાર્યક્રમનો ઉદ્દેશ્ય સમજાવ્યો હતો. જયારે કર્મચારીઓ ફરજ દરમિયાન પડતી મુશ્કેલીઓ, એસ.ટી. ની આવક વધે તે માટે રૂટમાં જરૂરી ફેરફાર કરવા સહિતના સૂચનો કર્યા હતા અને સ્થળ ઉપર જ હકારાત્મક ઉકેલ લાવવો અને ઉત્તરાયણ દિવસે પતંગ લૂટતા બાળકોની દોટવાથી અકસ્માત ન સર્જાય તે માટે એસ.ટી. સુરક્ષા કાળજી લેવા ખાસ સમજ આપી હતી. ઉપરાંત ડેપોની આવક વધે તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિભાગીય નિયામક સોલંકી, ડેપો મેનેજર પરમાર, ડી.આઈ., એટીઆઈઓ તેમજ ડીસા ડેપોના દરેક ડ્રાઈવર-કંડકટર મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

હાંસોટની પાંડવાઈ સુગરના ચેરમેન તરીકે ઈશ્વરસિંહ પટેલની બિનહરીફ વરણી

અંકલેશ્વર

હાંસોટ તાલુકાની પંડવાઈ સુગર ફેકટરીમા આગામી અઢી વર્ષ માટે ચેરમેન તથા વાઈસ ચેરમેન તરીકે ઈશ્વરસિહ પટેલની બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

એસ.ડી.એમ ની અધ્યક્ષતા હેઠળ યોજાયેલ ચૂંટણી પ્રક્રિયામાં વ્યવસ્થાપક કમિટી સભ્યો જોડે પણ બેઠક યોજાઈ હતી. નવા સહકારી કાયદા મુજબ કોઈ પણ સહકારી સંસ્થામાં પ્રતિ અઢી વર્ષ માટે ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી અંકલેશ્વરના પ્રાંત અધિકારી રમેશ ભગોરાની અધ્યક્ષતા હેઠળ યોજાઈ હતી. રાજયના સહકાર અને વાહન વ્યવહાર મંત્રી ઈશ્વરસિંહ પટેલને પુનઃચેરમેન તરીકે અને વાઈસ ચેરમેન તરીકે હિતેન્દ્ર પટેલને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મંત્રી ઈશ્વરસિંહ પટેલેએ જણાવ્યું હતું કે સંસ્થાને દેવા મુક્ત કરી રાજયમાં બીજા ક્રમનો ભાવ આપતી સંસ્થા કરી છે. અને આગામી દિવસોમાં ગુજરાતની નંબર ૧ સુગર ફેકટરી બને તે દિશામાં તેમજ ખેડૂતો વધુ પોષણક્ષમ ભાવ મળે તેવા પ્રયત્નો રહેશે.

આદિત્ય બિરલા સનલાઈફ મ્યુચ્યુઅલ ફંડે નડિયાદમાં શાખા શરૂ કરી

નડિયાદ

આદિત્ય બિરલા કેપિટલ લિમિટેડ (અગાઉ આદિત્ય બિરલા ફાઈનાન્શિયલ સર્વિસીસલિ. તરીકે ઓળખાતીહતી) અને ભારતમાં સૌથી વિશાળ૧ મ્યુચ્યુઅલ ફંડ આદિત્ય બિરલા સનલાઈફ મ્યુચ્યુઅલફંડ (એબીએસએલએમએફ) ની ઈન્વેસ્ટમેન્ટ મેનેજર આદિત્ય બિરલા સનલાઈફ એએમસીલિમિટેડ (અગાઉ બિરલા સનલાઈફ એસેટમેનેજમેન્ટ કંપનીલિ. તરીકેઓળખાતીહતી) દ્વારા તેની પરિપૂર્ણ સેવા શાખ ગુજરાતના ખેડા જિલ્લામાં નડિયાદ ખાતે શુભારંભ કરવામાંઆવ્યોહોવાની જાહેરાત કરવામાં આવીહતી. આ નવી શાખા જિલ્લામાં મ્યુચ્યુઅલ ફંડની પહોંચને વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. તેઆ પ્રદેશમાં રોકાણકારોની નાણાકીય રોકાણ જરૂરતો વધારવા માટે મદદરૂપ થશે અને ગુજરાતમા એબીએસએલએમએફની વૃદ્ધિમાં સક્રિય યોગદાન આપશે.

આદિત્યબિરલા સનલાઈફ મ્યુચ્યુઅલ ફંડની નડિયાદ બ્રાન્ડે ફંડગૃહની ગુજરાતમાંહાજરી ૨૧ સ્થળ સુધી વધારીછે, જેમાં ૧૭ શાખા અને ૪ ઊભરતી બજારોમાં પ્રતિનિધિત્વનો સમાવેશ થાયછે.

એક્સીયો બાયો સોલ્યુશન્સનું સલામત ઉત્તરાયણ માટે ઝાયડસ હોસ્પિટલ્સ સાથે જોડાણ

અમદાવાદ

તા.૧૪ અને તા. ૧૫ જાન્યુઆરીનાં ઉતરાયણનાં તહેવારોમાં અમદાવાદીઓ ધાબે ચડીને પતંગ ચડાવવાની અને કાપવાની મઝા માણશે. પતંગમાં તીક્ષ્ણ દોરીઓને કારણે ઘાયલ થવાના કિસ્સાઓ વધી રહ્યા છે, ત્યારે ઉત્તરાયણનાં તહેવારોમાં સલામતી કેમ રાખવી તે મુદ્દો ધ્યાન ખેંચે તેવો છે.અમદાવાદઓનાં પતંગનાં ક્રેઝને ધ્યાનમાં રાખીને એક્સિયો બાયોસોલ્યુશન્સ નામની કંપનીએ એકસીયોસ્ટેટ નામની ફર્સ્ટ એઈડ ડ્રેસીંગ કીટ તૈયાર કરી છે. એક્સિસોસ્ટેટની ખાસિયત એ છે કે તે માત્ર બે જ મિનિટમાં ઘાયલ થયેલી વ્યક્તિનાં લોહીનાં પ્રવાહને બંધ રહે છે.

એક્સિયો બાયોસોલ્યુશન્સે આ માટે અમદાવાદની જાણીતી ઝાયડસ હોસ્પિટલ્સ સાથે જોડાણ કર્યું છે. તા. ૧૪ અને તા. ૧૫ જાન્યુઆરીનાં ઉત્તરાયણનાં તહેવારોમાં અમદાવાદનાં પાંચ વિસ્તારો - દિલ્હી દરવાજા, જવાહર ચોક - મણીનગર, ધરણીધર - વાસણા, માનસી સર્કલ - વસ્ત્રાપુર અને અખબારનગરમાં ઝાયડસ હોસ્પિટલ્સની તાલીમબધ્ધ કલીનીકલ ટીમો એક્સિયોસ્ટેટની ફર્સ્ટ એઈડ ડ્રેસીંગ કીટનું નિઃશુલ્ક વિતરણ કરશે.

એક્સિયોસ્ટેટનો વપરાશ ભારતીય સૈન્ય દ્વારા તાજેતરમાં સર્જીકલ સ્ટ્રાઈક્સ દરમિયાન કરવામાં આવ્યો હતો, જેનાથી ઘાયલ જવાનોની સારવાર શક્ય બની હતી. આ ઉપરાંત એનએસજી કમાન્ડો અને અન્ય અર્ધલશ્કરી દળો દ્વારા પણ એક્સિયોસ્ટેટનો ઉપયોગ કરવામાં આવે છે

રવિવારે સૂર્ય દેવનો મકર રાશીમાં પ્રવેશ : મોઘવારી વધશે, ખેડૂતો માટે સારા ચોમાસાની આશા

ડીસા

આગામી રવિવારે સૂર્ય દેવનો મકર રાશીમાં પ્રવેશની સાથે મકરસંક્રાતિ પર્વની ઉજવણી થશે જો કે ગ્રહોની સ્થિતિ જોતાં રાશિ પરિવર્તનથી સત્તાધારી પક્ષમાં આંતરિક ખેંચતાણ વધશે. મોઘવારીનું પ્રમાણ વધશે સાથે સાથે ખેડૂતો માટે ચોમાસુ સંતોષકાર્ય રહે તેવું અનુમાન થઈ રહ્યું છે.

આ બાબતે જ્યોતિષ કનુભાઈ દવે (જગાણા) એ જણાવ્યું છે કે પોષ વદ ૧૩ રવિવાર તા.૧૪-૧-૨૦૧૮ ના બપોરે ૧-૪૭ વાગે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરશે. આ સમયે મૂળ નક્ષત્ર ચંદ્ર ધનરાશિનો છે. સંક્રાંતિ પુણ્યકાળ સાંજના ૬-૧૪ સુધી છે.

પુણ્યકાળ સમય તલ-તલની માતર, સુખડી, ખીચડો, ફળો નાના બાળકોને તથા સાધુ સંત બ્રાહ્મણો ને વસ્ત્રદાન, અન્નદાન,અર્થદાન કરવાથી તથા પશુ-પંખીઓને ઘાસ-દાણા ખવરાવવાથી મોટામાં મોટું પુણ્ય મળે છે.

અનુસંધાન પાના નં.૬

મેષ-(અ.લ.ઈ) પ્રગતિ.લાભ પ્રમોશન, ઉન્નતિ, યાત્રા પ્રવાસ મનની ઈચ્છાપુર્ણ થાય
વૃષભ-(બ.વ.ઉ) ધંધામાં પ્રગતિ, ધનપ્રાપ્તી, શત્રુનાશ,પત્નીની તંદુરસ્તી જાળવવી.
મીથુન-(ક.છ.ઘ) શરીરમાં રોગ ન પ્રવેશે તેનું દયાન રાખવું આધિ-વ્યાધિ ઉપાધીથી સાવધાન રહેવું.
કર્ક-(ડ.હ) સરકારી લાભ, કુટુંબથી લાભ, ચોર, અગ્નિથી સાવધાન રહેવું
સિંહ -(મ.ટ) ધર્મ કાર્યથી ફાયદો, મિત્રોથી લાભ, તંદુરસ્તી સાચવવી, મોસાળથી ફાયદો,
કન્યા-(પ.ઠ.ણ) વ્યાપારમાં ફાયદો, ઝગડા, લડાઈથી દૂર રહેવું, નેત્ર રોગથી સાવધાન રહેવું
તુલા-(ર.ત) ધન હાની, માનસિકચિંતા, કફરોગોથી સાવધાન, નાણાલાભ મળે
વૃશ્ચિક (ન.ય.)સફળતા પરિવાર સુખ, ધનલાભ, શત્રુનાશ, હાડકાના રોગથી સાચવવું
ધન (ભ.ધ.ફ) માથાનો દુઃખાવો , નેત્રપીડા, કાર્ય પ્રગતિ,સફળતા, ધનલાભ થાય
મકર-(ખ.જ) સન્માન મળે, ધન મદયમ, પ્રકારે પરિશ્રમથી મળે, માથુ ભારે રહે, ચિંતા વધે.
કુંભ-(ગ.શ.સ) નાણાખર્ચ, ચિંતા વધે યાત્રા પ્રવાસ થાય, સાચવીને ચાલવું
મીન-(દ.ઝ.ચ.થ) ધંધામાં પ્રગતિ, સરકારથી ફાયદો, શુભકામો થાય

જુનાડીસા જિ.પં.બેઠક ઉપર સ્થાનિક ઉમેદવારીની માંગ

ડીસા

બનાસકાંઠા જિલ્લા અને તાલુકા પંચાયતોની યોજાનાર ચૂંટણીના ગરમાવા વચ્ચે ડીસા તાલુકાની જુનાડીસા જિલ્લા પંચાયત બેઠક ઉપર સ્થાનિક અને સક્ષમ ઉમેદવારની પસંદગીની માંગ ઉઠવા પામી છે.

કોમી એકતા માટે વખણાતું જુનાડીસા ગામ તાલુકાનું સૌથી મોટું ગામ છે. જિલ્લા પંચાયત બેઠકમાં જુનાડીસા સાથે આસેડા, નવા વેળાવાપુરા, માણેકપુરા, ખરડોસણ અને વાસણા જેવા ગામનો સમાવેશ કરાયો છે. પરંતુ જુનાડીસા ગામના સૌથી વધુ મતદારો હોવા છતાં જિલ્લાની બેઠક ઉપર દર વખતે અન્ય ગામનો ઉમેદવાર જીતે છે.જેથી ગામના વિકાસ ઉપર વિપરીત અસરો પડે છે. અન્ય ગામનો ડેલિગેટ જુનાડીસા ગામની મુલાકાત પણ લેતો નથી જેથી શિક્ષિત ગામ હોવા છતાં જરૂરી સરકારી ગ્રાન્ટો ફાળવાતી નથી. જેના કારણે પ્રાથમિક સવલતો માટે પણ લોકો હાડમારીઓ ભોગવે છે જેને ગંભીરતાથી લઈ ગામના હિન્દુ - મુસ્લિમ આગેવાનો પક્ષાપક્ષી છોડી એક સૂરે જિલ્લાની બેઠક માટે ગામના સ્થાનિક અને સક્ષમ ઉમેદવારને પસંદ કરે તો ગામના વિકાસને વેગ મળી શકે. ગામના હિતમાં આ વખતે આગેવાનો આગળ આવી આ મુદે એક મત થઈ સહમતી સાધે તેવો જનમત પ્રવર્તે છે.

કાણોદરમાંથી સગીરાનું અપહરણ કરાયું હોવાની રાવ

પાલનપુર

પાલનપુર તાલુકાના કાણોદર ગામની એક સગીરાનું લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરાયું હોવાની ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગત મુજબ, પાલનપુર તાલુકાના કાણોદર ગામની હૂસેની ટેકરી વિસ્તારમાં રહેતા એક પરિવારની સગીરાને રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના કોટડા તાલુકાના ઝુડવા ગામનો રમેશભાઈ મીનાભાઈ પરમાર (ગરાસીયા) અને ગુજરાભાઈ સુરતાભાઈ ગરાસીયા લલચાવી-ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી ગયા હતા. જેમની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો લાગ્યો ન હતો.

દરમિયાન, તેણીના પરિવારજનો એ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગૂનો નોંધી સર્કલ પીઆઈ એન. ડી. અસારી વધુ તપાસ હાથ ધરી છે.

ધાનેરામાં મહેશ્વરી સમાજ દ્વારા આવેદન પત્ર

पाकिस्तान में
हिंदुओं की हत्या
STO
એન.કે.મોદી

પાકિસ્તાનમાં મહેશ્વરી સમાજના બે યુવકોની થયેલ હત્યા બાબતે મહેશ્વરી સમાજ દ્વારા પ્રાંત અધિકારીને આવેદન પત્ર પાઠવવામા આવ્યું હતું.

દીઓદર ગજાનન ગૌ શાળામાં શ્રીમદ્ ગૌ ભાગવત કથાનો પ્રારંભ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર ખાતે બોડા ઉપર આવેલ ગજાનન ગૌ શાળામાં તા.૯-૧-૨૦૧૮થી તા.૧૫-૧-૨૦૧૮ સુધી પરમ શ્રધ્યેય સ્વામી શ્રી દત્તશરણાનંદજી મહારાજ,શ્રી પથમેડા પ્રેરીત શ્રી ગજાનન્ ગૌ સેવા આશ્રમના લાભાર્થે શ્રીમદ્ ગૌ ભાગવત કથાનો પ્રારંભ થયેલ છે.ગઈકાલે કથાના પ્રારંભે પોથી યાત્રાનો વરઘોડો યોજાયેલ જેમાં મોટી સંખ્યામાં ગૌ ભક્તો જોડાયેલ અને વાજતે ગાજતે પોથી યાત્રાને કથા મંડપમાં લઈ ગયેલ.કથાનો સમય બપોરે ૧૨ થી સાંજે ૪ કલાક રાખવામાં આવેલ છે.જેમાં કથાના મુખ્ય યજમાન તરીકેનો લાભ સ્વ.માળી રતનબેન છોગાજી પરિવાર લુદરા તરફથી લેવામાં આવેલ છે.આ કથા મહોત્સવમાં અનેક નામી-અનામી દાતાઓએ સારો એવો દાન થકી સાથ સહકાર આપેલ છે.કથાના વક્તા તરીકે શાસ્ત્રી ધનેશ્વરભાઈ ગાંધીધામ (કચ્છ) તરફથી કથાનું રસપાન કરાવવામાં આવશે.

કથા દરમ્યાન વિવિધ પ્રસંગો યોજાશે જેવા કે કૃષ્ણ બાળ ચરિત્ર,કપિલ જન્મ,રામ જન્મ કૃષ્ણ જન્મોત્સવ,કૃષ્ણ બાળ ચરિત્ર,ગોવર્ધન પૂજા / કૃષ્ણ રૂકમણી વિવાહ,સુદામા ચરિત્ર પરિક્ષીત મોક્ષ વિગેરે.તા.૧૨-૧-૨૦૧૮ને શુક્રવારના રોજ રાત્રે ફરીદાબેન મીર એન્ડ ગૃપ દ્વારા ભવ્ય સંતવાણી કાર્યક્રમ યોજાશે.કથા દરમ્યાન મોટી સંખ્યામાં સંતો-મહંતો પધારી આર્શીવચન પાઠવશે.સમસ્ત શ્રી ગજાનન ગૌશાળા પરિવાર દીઓદર દ્વારા સુંદર આયોજન કરવામાં આવેલ છે.તા.૧૫-૧-૨૦૧૮ને સોમવારના રોજ કથાની પૂર્ણાહુતી થશે.

શિહોરી ખાતે ભાજપની સેન્સ લેવાની પ્રક્રિયા હાથ ધરાઈ

વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી સર્કિટ હાઉસ ખાતે તા.૧૦-૧-૨૦૧૮ ના રોજ બપોરે ભારતીય જનતા પાર્ટીના નિરીક્ષકોની બેઠક યોજાઈ હતી. જેમાં કાંકરેજ ધારાસભ્ય કિર્તીસિંહ વાઘેલા, અણદાભાઈ પટેલ, કેશરભાઈ વાયડા, મિતાબેન સોનીની હાજરીમાં પૂર્વ ધારાસભ્ય મગનસિંહ વાઘેલા, ડાયાભાઈ પિલીયાતર હરગોવનભાઈ શિરવાડિયા, ભારતસિંહ ભટેસરીયા, કિશોરભાઈ પ્રજાપતિ, ઈશુભા વાઘેલા, અણદૂભા ડાભી, મફાજી સોલંકી સહિત જિલ્લા પંચાયત અનેતાલુકા પંચાયતના તમામ ડેલીગેટો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સેન્સની આ પ્રક્રિયા બાદ આગામી તા.૧૩-૧-૨૦૧૮ ના રોજ જિલ્લાની સંકલન સમિતીની મીટીંગ યોજાશે તેમાં આગામી તાલુકા પંચાયત જિલ્લા પંચાયતની સીટો માટે ઉમેવારોએ રજુ કરેલા પોતાના બાયોડેટા ઉપર ચકાસણી કરાશે આ તમામ પ્રક્રિયાઓ પૂર્ણ કરાયાબાદ ઉમેદવારોની પસંદગી કરાશે આ વખતે જિલ્લાની ૬ સીટો અને તાલુકાની ૩૦ સીટો ઉપર ડેલીગટોની ચૂંટણી યોજાનાર છે જેને લઈ ભારતીય જનતા પાર્ટી તરફથી તડામાર તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે ગત વર્ષમાં ૫ જિલ્લા પંચાયત અને ૨૫ તાલુકા પચાયતો હતી જેમાંથી આ વખતે જિલ્લા પંચાયતની એક સીટ વધારીને ૬ કરવામાં આવી છે જ્યારે ૨૫ તા-પં સીટો હતી જે ૩૦ કરવામાં આવતાં આ વખતે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં કેવો જંગ જામશે તે આવનાર સમય બતાવશે તાલુકા ભાજપ પ્રમુખ ડાયાભાઈ પિલીયાવર અને મહામંત્રી કિશોરભાઈ, ઈશુભા પાર્ટીના કાર્યકરો સાથે સતત સંપર્કમાં રહી ઉમેદવારોની પસંદગી માટે બાયોડેટા લેવામાં વ્યસ્ત દેખાયા હતા.

રૂની પ્રા.શાળામાં વિદાય સમારંભ યોજાયો

તા.પ્રતિ. ભાભર

ભાભર તાલુકાના રૂની ગામે આવેલ રૂની પ્રા. શાળામાં ઉપશિક્ષક તરીકે ફરજ બજાવતા શીવરામભાઈ જી. માળવીની એચ. ટાટ (આચાર્ય) ઉચોસણ પ્રા. શાળા તા.સુઈગામમાં નિયુક્ત થતાં શાળા પરિવાર દ્વારા વિદાય સમારંભ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં તાલુકા પ્રા. શિ. અધિકારી એન.બી.કાપડી, બી.આર.સી. મનોજભાઈ સુથાર, ગોસણ સી.આર.સી સામાભાઈ રબારી રૂની સી.આર.સી. મુકેશભાઈ દીની, રૂની પ્રા.શાળાના નવનિયુક્ત આચાર્ય વસરામભાઈ કે.પટેલ, શિક્ષક પાનાભાઈ પટેલ, હાજર રહીને વિદાયમાન શિક્ષકને શ્રીફળ આપી શાલ ઓઢાડીને વિદાય આપી હતી. બાળકોએ પણ શિક્ષકને ભેટ આપીને સન્માનીત કર્યા હતા. આ પ્રસંગે વિદાયમાન શિક્ષકે રૂની પ્રા.શાળાના તમામ બાળકોને તીથી ભોજન આપ્યું હતું. વિદાય સમારંભ શાળાના શિક્ષકગણે સુંદર રીતે આયોજન કર્યું હતું.

ઉણ કોલેજ ખાતે વ્યસનમુક્તિ આર્ટ ઓફ લીવીંગનો કાર્યક્રમ યોજાયો

યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ થરા

કાંકરેજ તાલુકાના ઉણ વિભાગ કેળવણી મંડળ સંચાલિત આર્ટસ - કોમર્સ સાયન્સ કોલેજ ઉણ ગામ ખાતે ભારત સરકાર પ્રેરીત મિનીસ્ટ્રી ઓફ યુથ અફૈર એન્ડ સ્પોર્ટ અંતર્ગત એક સેમીનાર યોજાઈ ગયો જેમાં વ્યસન મુક્તિ પ્રોગ્રામ ઓફીસર કે.આર.ગઢવી નેચરોપેથી અને યોગ નિષ્ણાંત ડો.ડાહ્યાભાઈ શર્મા, ટ્રેનીંગ ટ્રેનર અમીચંદભાઈ શ્રીમાળી, રમેશભાઈ પલાણી દ્વારા યુવાઓને ધ આર્ટ ઓફ લીવીંગ વિશેની માહિતી તેમજ વ્યસન મુક્તિ- યોગ અંગેની માહિતી પુરી પાડવામાં આવી હતી. કોલેજ પ્રિન્સિપાલ - સ્ટાફગણ તથા વિદ્યાર્થી ભાઈ - બહેનોએ રસપ્રદ રીતે કાર્યકર્મને માણ્યો હતો.

ગુજરાત પેન્શન સમાજ દ્વારા ડીસા તાલુકા પેન્શન એસો. પ્રમુખનું સન્માન

વિનોદ બંડીવાલા

ડીસા

એસ.એમ. જોષી (પ્રમુખ પેન્શન સમાજ, અમદાવાદ) દ્વારા પેન્શન સમાજ ગુજરાત રાજયની સામાન્ય સભા તા.૮/૧/૨૦૧૮ ના રોજ ડીસા તાલુકા પેન્શન એસોસીએશનના પ્રમુખ નાગરભાઈ પરમારનું સન્માન કરવામાં આવ્યું જેમા તેમની પેન્શન એસોસીએશનની ઉત્તમ સેવાની કદરરૂપે તેમને સન્માનીત કર્યા જેમાં સામાજીક સેવા ક્ષેત્રે ડીસા નગરપાલિકામાં બાંધકામ સમિતીના ચેરમેન તરીકે હોદો શોભાવેલ અને અન્ય પ્રશ્નોમાં સફાઈ કામદારોના પ્રશ્નો, પ્રાથમિક શિક્ષકોના પ્રશ્નોના નિકાલની સફળ કામગીરી કરેલી. જેમાં મંત્રી મંડોરીનો સહયોગ મળેલ નાગરભાઈ પરમારના વડપણ હેઠળ સમગ્ર ટીમ ઉત્તમ કામગીરી બદલ ગુજરાત પેન્શન સમાજ અમદાવાદ તરફથી તેખઓનું સાલ બુકે તેમજ પ્રમાણપત્ર આપી સ્નમાનીત કરાયા હતા. અને આ મંડળ ખુબ પ્રગતિ કરે તેમ જણાવ્યું હતું.

ફતેપુર પ્રાથમિક શાળામાં તિથિભોજન

સંજય જોષી

પાલનપુર

ફતેપુર પ્રાથમિક શાળામાં ગામના ભગવાનસિંહ દાનસિંહ પરમારના સમગ્ર પરિવારના તરફથી તા.૯-૧-૨૦૦૯ તી દર વર્ષે શાળાના બાળકોને તિથી ભોજન આપવામાં આવે છે. તે પ્રમાણે ગત તા.૯-૧-૨૦૧૮ ના દિવસે ભગવાનસિંહ દાનસિંહ પરમારના હસ્તે તેમનાં ધર્મપત્ની સ્વ.ભીખીબેન ભગવાન સિંહની યાદમાં સમગ્ર પરિવાર તરફથી પ્રાથમિક શાળાના બાળકોને તિથી ભોજન આપવામાં આવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લામાં ચાઇનીઝ તુક્કલ ઉડાવવા પર પ્રતિબંધ મુકાયો

પાલનપુર

ઉત્તરાયણના તહેવારો તેમજ અન્ય તહેવારો દરમ્યાન સ્કાય લેન્ટર્સ ઉડાડવાની પ્રથા ચાલુ થયેલ હોઈ સ્કાય લેન્ટર્સ પવન કે અન્ય વસ્તુ સાથે અથડાય તો આગ લાગવાના બનાવો બને છે. તેમજ સ્કાય લેન્ટર્સ એકવાર ઉડાન કર્યા પછી ગમે તે જગ્યાએ પડી શકે છે. તેમજ વિદેશમાંથી ગેરકાનૂની રીતે આયાત થાય છે. વળી તે સસ્તા મટીરીયલમાંથી બનાવામાં આવતા હોઈ પર્યાવરણને પણ નુકશાન થાય છે. નામ.ગુજરાત હાઈકોર્ટ સમક્ષની અન્ય રીટ પીટીશન (પી.આઈ.એલ.) નં. ૨૫૩/૨૦૧૬માં નામ.ગુજરાત ગુજરાત હાઈકોર્ટના તા.૧૩/૦૧/૧૭ના હુકમથી ચાઈનીઝ માંઝા/ નાયલોન/ પ્લાનસ્ટીક દોરી, કાચ પાયેલી તથા અન્ય હાનિકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે.

જિલ્લાર મેજીસ્ટ્રે ટશ્રી, બનાસકાંઠા પાલનપુરને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલી સતાની રૂએ સમગ્ર બનાસકાંઠા જિલ્લાના હદ વિસ્તારમાં સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ) ઉડાડવા, પતંગ ચગાવવાના નાયલોન અથવા અન્ય સિન્થેટીક માંઝા, સિન્થેટીક પદાર્થથી કોટીગ કરેલ હોય અને નોન બાયોડીગ્રેબલ હોય તેવી દોરી/ચાઈનીઝ માંઝાના ઉતરાયણ તહેવાર દરમ્યાન ખરીદ, સંગ્રહ, વેચાણ અથવા ઉપયોગ પર પ્રતિબંધ જાહેર કરવા હુકમ કરવામાં આવ્યો છે. આ હુકમ તા.૨/૧/૧૮ થી તા.૩૧/૧/૧૮ સુધી અમલમાં રહેશે.

અર્બુદા માધ્યમિક શાળા, ડીસામાં તુલસી પૂજન અને ગીતા જયંતીની સમજણ અપાઈ

ભરત સુંદેશા

ડીસા

આપણે ઉત્સવઘેલા છીએ. કોઈને કોઈ બહાના હેઠળ તહેવારો મનાવીને આપણે આનંદની અનુભૂતિ કરી શકીએ તે માટે આપણા ઋષિ-મુનિઓએ અનેક તહેવારોની વ્યવસ્થા કરી છે. છતાં છેલ્લા કેટલાક વરસોથી પશ્ચિમી સંસ્કૃતિના આંધળા અનુકરણ કરતાં આપણે થર્ટીફસ્ટ જેવા ઉત્સવો ઉજવતા થયા છીએ. આવા તહેવારોમાં પવિત્રતાની ભાવના ન હોવાથી તેની ઉજવણીમાં ક્યાંક વિકૃતિઓ આવતી જોઈ શકાય છે. તેની સામે આપણે ભારતીય સંસ્કૃતિની પરંપરા મુજબ તુલસી પૂજન જેવા કાર્યક્રમ મનાવીને પર્યાવરણ પ્રેમ જાળવી શકીએ. વિશ્વમાં એક માત્ર ગીતા ગ્રંથ જ એવો છે જેની જન્મ જયંતી જ્ઞાનદા એકાદશી-માગર સુદ-૧૧ ના રોજ ધામધુમથી મનાવીને ગીતામાં રહેલા જ્ઞાનની ઉપાસના કરીએ છીએ.

૧૪ મી ફેબ્રુઆરી-વેલેન્ટાઈન ડે ના બદલે માતૃ-પિતૃ પૂજન તરીકે મનાવીએ તો ઘરડાં ઘર સુધી માતા-પિતાને જવાનો સમય નહિં આવે. આવી સુંદર સમજ આપતા મહાન સાધક વી.એચ.ઠાકોર (નિવૃત મામલદાર)

અનુસંધાન પાના નં.૬

ડીસા સાંઈબાબા મંદિર ખાતે ગૌશાળાના લાભાર્થે શરૂ થયેલ શ્રીમદ્ ભાગવત કથા

ડીસા

ડીસા નગર ખૂબ જ પુન્યશાળી, નસીબદાર અને ભાગ્યશાળી છે.ડીસા નગરમાં અનેકવિધ સામાજીક, ધાર્મિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, કાર્યક્રમો ચાલતા હોય છે. તાજેતરમાં તા.૬/૧/૨૦૧૮ ને શનિવારથી સાંઈબાબા મંદિર ડીસા ખાતે રાજવિદ્યા પ્રચાર સેવા સંસ્થાન, કુંવારવાના સ્વામીશ્રી ભૂરાનંદજી મહારાજના આર્શીવાદથી પૂજ્ય મહાત્મા બાઈ કરૂણામૂર્તિજીના વ્યાસાસને ગૌશાળાના લાભાર્થે ભાગવત કથાનો પ્રારંભ થયેલ છે. કથાના મુખ્યદાતા તરીકે સદગત નાનુભાઈ અને ગંગાસ્વરૂપ પ્રમોદબેન તેમજ નિરવભાઈ પઢિયારે લાભ લીધેલ છે. ખૂબ જ મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ભાઈ - બહેનો આ કથાનો લાભ લઈ રહેલ છે.

કથા દરમ્યાન વિવિધ સંતો, મહંતો, ભૂદેવો, આગેવાનો પણ પધારીને કથાશ્રવણ કરી રહેલ છે. કથા દરમ્યાન ડીસાના ધારાસભ્ય શશીકાંન્તભાઈ પંડયા, જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ મહેશભાઈ દવે, ડીસાના અગ્રણી ભગવાનભાઈ બંધુ, સાંઈબાબા ટ્રસ્ટના પ્રમુખ સતીષભાઈ પંચાલ, ડીસા સીટી પી.આઈ શ્રી પંચોલી, ડીસા શહેર ભાજપ પૂર્વ પ્રમુખ રમેશભાઈ સ્વાતીવાળા, અગ્રણી કાર્યકર સુરેશભાઈ દેવવાળા સહિત અનેક આગેવાનોએ ખાસ પધારીને સંતદર્શન તેમજ કથાશ્રવણનો લાભ લીધો હતો.

અનુસંધાન પાના નં.૬

તા.૧૨ જાન્યુઆરીના રોજ સ્વામી વિવેકાનંદજીની ૧૫૫મી જન્મજયંતિ ઉજવાશે

પાલનપુર

યુગપુરૂષ યુગદ્રષ્ટા સ્વામી વિવેકાનંદજીની ૧૫૫મી જન્મજયંતિ નિમિત્તે વિવેકાનંદ ચોક, દિલ્હીગેટ, પાલનપુર સ્થિત સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને આદરાંજલિ, પુષ્પાંજલિનો કાર્યક્રમ તા. ૧૨ જાન્યુઆરી-૨૦૧૭ શુક્રવારે સવારે ૯-૩૦ કલાકે યોજાનાર છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પાલનપુરના તમામ નાગરિક ભાઈ-બહેનોને વિવેકાનંદ કેન્દ્રના કન્વીનર ગણપતભાઈ કે.જોષીએ જણાવ્યું છે.

ડીસા તાલુકાના વડાવળમાં ઠાકોર સેનાના જિલ્લા પ્રમુખનું સન્માન

નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

ડીસા તાલુકાના વડાવળ ગામમાં વડાવળ ઠાકોર સેના સમિતિ દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા ઠાકોર સેનાના પ્રમુખ મેલાજી મદારસિંહને ગુજરાત કોંગ્રેસ પ્રદેશ દ્વારા મહામંત્રીની જવાબદારી સોંપવામાં આવી છે. ત્યારે ઠાકોર સેના દ્વારા પ્રદેશ મહામંત્રી તરીકે નિમણુંક થતાં તેજાજી ઠેરઠેર સન્માન કરવામાં આવી રહ્યું છે. ગતરોજ ડીસા તાલુકાના વડાવળ ગામમાં પણ ઠાકોર સેનાના જિલ્લા પ્રમુખ મેલાજીના સન્માન કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમમાં ડીસા તાલુકાના કોંગ્રેસના પ્રમુખ પી.વી.રાજગોર નગરપાલિકા પૂર્વ પ્રમુખ પ્રકાશભાઈ ભરતીયા, તાલુકા કોંગ્રેસ મહામંત્રી જીતુભાઈ વ્યાસ સાથે ઠાકોર સેનાના પ્રકાશભાઈ કેશરસિંગ તથા કેવળભાઈએ પણ હાજરી આપી હતી. સમસ્ત વડાવળ ગામના તમામ સમાજના આગેવાનો વડીલો અને યુવાનોની ઉપસ્થિતિમાં કોંગ્રેસ પ્રદેશના મહામંત્રી તરીકે વરણી થયેલ મેલાજી મદારસિંહનું ગ્રામજનો દ્વારા ફુલહાર સાથે સન્માનિત કરાયા હતા. વડાવળ ઠાકોર સેના સમિતિના કાર્યકરો દ્વારા પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પણ સંગઠન શક્તિ જ મહત્વની ભુમિકા ભજવે છે અને સમાજ સંગઠિત હશે તો ધાર્યુ પરિણામ મેળવી શકાશે. જેથી અનેક બાબતો પર ચર્ચા કરી હતી.

આ કાર્યક્રમમાં વડાવળ ગામનો દરેક સમાજના લોકોની હાજરી જોવા મળી હતી અને કાર્યક્રમ સફળ બન્યો હતો.

કુંભાસણના વેપારીને બે ગઠીયા સોનાનો નકલી હાર પધરાવી ગયા

હારની કિંમત ૧ લાખ કહી ૬૩ હજારમાં સોદો કર્યો

પાલનપુર

પાલનપુરના કુંભાસણ ગામના વેપારીને બે ગઠીયા સોનાનો નકલી હાર પધરાવી ગયા હતા. સાત માસ બાદ હાર નકલી હોવાની જાણ થતાં તેમણે પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, કુંભાસણ ગામના વેપારી ચેલાભાઈ ઈશ્વરભાઈ સાણોદરિયાને સાત માસ અગાઉ પાલનપુર શહેરના કોઝી વિસ્તાર માં દાંતીવાડાના ઓઢવા ગામના નરસિંહભાઈ ભુતડીયા અને એક ઓડ જ્ઞાતિનો અજાણ્યો શખ્સ મળ્યા હતા. જેમણે પોતાની પાસે રહેલો સોનાનો હાર વેચવાનો છે તેમ જણાવી તેની કિંમત એક લાખ રૂપિયા જણાવી હતી. અંતે આનાકાની બાદ રૂપિયા ૬૩૦૦૦ માં સોદો નક્કી થયો હતો. અને ચેલાભાઈએ હાર ખરીદી લીધો હતો. જોકે, ઘરે જઈને જોતા આ હાર નકલી હોવાનું જાણવા મળ્યું હતુ. સાત માસ બાદ હાર નકલી હોવાનું સાબિત થતાં તેમણે આ અંગે પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે બંને શખ્સો સામે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાહેર નિવિદા

આથી અમે સર્વે જાહેર જનતાને જણાવીએ છીએ કે, અમારી ફાઈલ રોયલ પ્લોટ્સ એલ.એલ.પી. નામે ચાલતી યોજના નામે રોયલ ૯ જેના સભ્ય નંબર ૧૯૩૦ નામ જયશ્રીબેન હિરાભાઈ ચૌધરી, રહે.કટાવના નામે ચાલતી હતી તે ફાઈલોની કોઈ કારણસર તમામ રસીદો સાથે ગુમ થયેલ છે જેની જાણ મે કંપનીના આયોજકોને કરેલ છે અને એ સર્વે પહોંચો આજરોજ તા.૩૦/૧૧/૨૦૧૭ થી સર્વે રસીદો જે કંપનીએ રદબાતલ કરી અને નવું સ્ટેટમેન્ટ કાઢી આપેલ છે જેથી ઉપર મુજબની સર્વે રસીદો હવેથી રદબાતલ ગણાશે અને એ રસીદોની કોઈપણ પ્રકારની કાનુની અસર રહેશે નહીં. જેની સર્વેએ નોંધ લેવા વિનંતી.

લી.સભ્ય નં. ૧૯૩૦ જયશ્રીબેન હિરાભાઈ ચૌધરી

ગુજરાત સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો - ૧૯૮૨ હેઠળ જાહેરનામું

નં.વહટ/દિયોદર/તા.ખ.વે.સંઘ/ચૂંટણી/વશી

નાયબ કલેક્ટર કચેરી
દિયોદર તા.૧૧/૧/૨૦૧૮

આથી જણાવવામાં આવે છે કે, બનાસકાંઠા જિલ્લાના ધી દિયોદર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. મુ.દિયોદરની વ્યવસ્થાપક સમિતિની આગામી ચૂંટણીની કામચલાઉ મતદાર યાદી (ગુજરાત સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમ - ૧૯૮૨ના નિયમ-૪ અને ૫ અન્વયે) તૈયાર કરી સદરહું કામચલાઉ મતદારયાદી (ઝોનવાર) તથા નિયમ - ૩ (ક) મુજબ મુકરર કરેલ મતદાર વિભાગની [illegible] (ઝોન) ની એક નકલ [illegible] જે કામકાજના દિવસે કચેરી સમય દરમ્યાન [illegible] જોઈ શકાશે.

(૧) ધી દિયોદર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.મુ.દિયોદર

આ કામચલાઉ મતદાર યાદીમાં અને મુકરર કરેલ મતદાર વિભાગની (ઝોન) અંગે કોઈ હકદાવો (વાંધાઓ) હોય તો તે તા.૨૦/૧/૨૦૧૮ ના રોજ કચેરી સમય સુધીમાં અથવા તે પહેલા રજુ કરવાના રહેશે.

(૧) આ દરેક હકક દાવાઓ (વાંધાઓ) મોડામાં મોડા ઉપર જણાવેલ તારીખ સુધીમાં મને તે રીતે મારી કચેરીમાં રજુ કરવો.

(૨) આ બાબતે સંબંધિત મંડળીનો જે તે વિભાગનો જે કોઈ સભ્ય મતદાર હોય તે અથવા સભ્ય મંડળી વતી મત આપવા અધિકૃત કોઈપણ પ્રતિનિધિ સંબંધિત મતદાર મંડળની કામચલાઉ મતદાર યાદીઓ, નામ, સરનામાં કે અન્ય કોઈ વિગતો સબંધ કોઈ ભૂલ હોય તો તે ઉપર જણાવેલ મુદત અંદર નાયબ કલેકટરશ્રી, દિયોદરને ધ્યાને લાવી શકશે.

(૩) દાવો કરતી/વાંધો ઉઠાવતી દરેક વ્યક્તિએ જુદી લેખિત અરજી દ્વારા એમ કરવું જોઈએ, અને જે કારણોસર દાવો આધારિત હોય તે કારણો અરજીમાં લેખિતમાં જણાવવા જોઈએ અને તેના આધાર રજુ કરવા જોઈએ.

(૪) વાંધો રજુ કરનારે જરૂરી આધાર પુરાવા સાથે તા.૨૨/૧/૨૦૧૮ ના રોજ ૧૨:૦૦ કલાકે અત્રેની કચેરીએ ઉપસ્થિત થવાનું રહેશે.

આ જાહેરનામાનો ઉતારો જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બનાસકાંઠા, પાલનપુરની કચેરીએ તથા સંબંધિત મંડળીની કચેરીએ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે કોઈપણ કામકાજના દિવસે કચેરી સમય દરમ્યાન જોવા મળશે.

સિક્કો

(એ.ડી.ચૌહાણ)
ચૂંટણી અધિકારી
ધી દિયોદર તાલુકા સહ. ખ.વે. સંઘ લી.
અને નાયબ કલેક્ટર, દિયોદર

ક્રમાંક:નામાનિ/પાલન/૪૮૭/૨૦૧૭-૧૮

તંત્રી સ્થાનેથી ...

વિનય સૌથી મોટું આભુષણ છે.

પાકિસ્તાન પર દબાણ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સખત ચેતવણીઓ બાદ પાકિસ્તાન દબાણમાં આવ્યું છે. હાફિઝ સઈદ અને મૌલાના મસૂદ અઝહર સાથે જોડાયેલાં સંગઠનો સહિત કેટલાક બીજા સંગઠનો પર પણ તેણે પ્રતિબંધ લગાવ્યો. ત્યાર બાદ તેણે એ એલાન પણ કર્યું છે કે આ સંગઠનોને ફાળો આપનારાઓને દસ વર્ષ સુધી જેલ થશે. સાથે જ તેમના પર ભારે દંડ પણ લાગી શકે છે. જો આ પગલાં પર પાકિસ્તાન ખરેખર ગંભીરહોય, તો તેનાથી બહુ ફરક પડી શકે છે. પરંતુ આપણે જોયું છે કે ભૂતકાળમાં તેનાં આવાં પગલાં બનાવટી સાબિત થતાં રહ્યાં છે. અનુભવ એ છે કે જેવું આંતરરાષ્ટ્રીય દબાણ ઓછું થાય છે,કોઈને કોઈ બહાને ત્યાં આતંકી સંગઠનોને ખુલ્લેઆમ પોતાની ગતિવિધિઓ ચલાવવાની છૂટ આપી દેવામાં આવે છે. તેથી એ સવાલ તો ઊભો જ છે કે પાકિસ્તાનની જાહેરાતો પર કઈ રીતે વિશ્વાસ કરવો? હજુ પણ સ્થિતિ એ છે કે જમાત-ઉદ-દાવા, ફલહ-એ-ઈન્સાનિયત ફાઉન્ડેશન, લશ્કર-એ-તૈયબા, જૈશ-એ-મોહંમદ જેવાં સંગઠનોને ફાળો આપવા પર રોક લગાવી દેવાઈ છે, પરંતુ આ સંગઠનોની ગતિવિધિઓ ચાલુ છે. શનિવારે કાશ્મીરના સોપોરમાં એક વિસ્ફોટમાં ચાર પોલીસકર્મી માર્યા ગયા. આ હુમલાની જવાબદારી જૈશ-એ-મોહંમદે લીધી છે.

આ તરફ એક બીજા સમાચાર અનુસાર હાફિઝ સઈદે લશ્કરના આતંકવાદીઓને ભારતમાં ગણતંત્ર દિવસ પર મોટો હુમલો કરવાના નિર્દેશ આપ્યા છે. હાફિઝ સઈદ થોડા સમય પહેલાં સુધી કેદમાં હતો. પરંતુ તેને છોડી મૂકવામાં આવ્યો. આજે પણ તે ભારત વિરુદ્ધ ખુલ્લેઆમ ઝેર ઓકી રહ્યો છે. પઠાણકોટ હુમલા બાદ મૌલાના મસૂદ અઝહરને અટકાયતમાં લેવામાં આવ્યો હતો, પરંતુ તેને થોડા જ દિવસ બાદ છોડી દેવામાં આવ્યો. એ બંનેનાં સંગઠનો સતત ભારતને નિશાનો બનાવી રહ્યાં છે. એ વાતના કોઈ સંકેત નથી કેપાકિસ્તાની અધિકારી આ ઘટનાઓને ખરેખર ગંભીરતાથી લે છે. એટલે પાકિસ્તાનમાં હાલમાં થઈ રહેલ કાર્યવાહીઓ પર ભારત સરકારે સતર્ક રહેવાની જરૂર છે. તણે એના પર નજર રાખવી પડશે કેફરીથી પાકિસ્તાન બનાવટી પગલાં ભરીને બચી ન નીકળે. એ પણ સુનિશ્ચિત કરવું પડશે કે આંશિક કાર્યવાહીઓથી અમેરિકી ચિંતાઓને દૂર કરીને પાકિસ્તાન ટ્રમ્પ પ્રશાસનની નારાજગી દૂર કરવામાં સફળ ન થઈ શકે. એ સારી વાત છે કે વર્તમાન અમેરિકી પ્રશાસને ભારતને નિશાનો બનાવતા લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલાં સંગઠનો પર કાર્યવાહી માટે પણ દબાણ કર્યું છે. આશા છે કે તે પોતાના સ્તર પર પણ તેમના વિરુદ્ધ ઉઠાવવામાં આવેલ પગલાંનું આકલન કરશે. પરંતુ ભારતે ફક્ત તેના ભરોસે ન રહેવું જોઈએ. તેણે આ બાબતે સતત અમેરિકા સાથે સંપર્ક રાખવો જોઈએ. પાકિસ્તાનમાં ઉઠાવવામાં આવેલ પગલાંની વાસ્તવમાં શી અસર થાય છે, તે બાબતે ટ્રમ્પ પ્રશાસનને અવગત કરાવતા રહેવું જોઈએ. આતંકવાદને પાકિસ્તાને દાયકાઓથી પોતાના રણનીતિક ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવાનો રસ્તો બનાવ્યો છે.આ રણનીતિનું નુક્સાન ખુદ તેણે પણ ઉઠાવવું પડે છે. હવે, ભલે અમેરિકાના દબાણમાં, તે આ તંત્રને તોડશેતો તેનો ફાયદો તેને પણ મળશે. પરંતુ મોટો પ્રશ્ન એ છે કે શું એવી સદ્બુદ્ધિ અને દૂરદર્શિતાનો પરિચય ત્યાંનું નેતૃત્વ આપી શકશે?

ન્યૂજેન સોફ્ટવેર ટેકનોલોજીસ લિમિટેડ

અમદાવાદ

સોફ્ટવેર પ્રોડક્ટ્સ કંપની ન્યૂજેન સોફ્ટવેર ટેકનોલોજી લિમિટેડ (“કંપની”) તેની ઈનિશિયલ પબ્લિક ઓફર (“આઈપીઓ” અથવા “ઓફર”) રજૂ કરશે, જે ૧૬ જાન્યુઆરી, ૨૦૧૮નાં જ ખુલશે અને ૧૮ જાન્યુઆરી, ૨૦૧૮નાં રોજ બંધ થશે. કંપનીનાં રૂ. ૧૦ની ફેસ વેલ્યુ (“ઈક્વિટી શેર”) ધરાવતા ઈક્વિટી શેરદીઠ પ્રાઇઝ બેન્ડ રૂ. ૨૪૦થી રૂ. ૨૪૫ છે. એન્કર ઈન્વેસ્ટર બિડિંગની તારીખ ૧૫ જાન્યુઆરી, ૨૦૧૮ને સોમવાર રહેશે, જે બિડ/ઓફર ખુલવાની તારીખ અગાઉ એક ચાલુ દિવસ રહેશે. કંપનીએ આ ઈશ્યૂમાંથી પ્રાપ્ત થનાર ભંડોળનો ઉપયોગ (i) ઉત્તરપ્રદેશમાં નોઇડા-ગ્રેટર નોઇડા નજીક સંકુલોની ખરીદી અને ફર્નિશિંગ; અને (ii) સાધારણ કોર્પોરેટ ઉદ્દેશો માટે થશે. કંપની વેચાણની ઓફર (ઓએફએસ)માંથી કોઈ પણ ભંડોળ નહી મેળવે. સીક્યોરિટીઝ કોન્ટ્રાક્ટક્સ (રેગ્યુલેશન) રુલ્સ, ૧૯૫૭ના નિયમ ૧૯(૨)(બી), જેમાં સમયેસમયે સુધારા મુજબ, (“એસસીઆરઆર”)ને સીક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયેરમેન્ટ્સ) નિયમનો, ૨૦૦૯; સુધારા સહ (“સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ”)નાં ૪૧ સાથે વાંચીને ઓફર બુક બિલ્ડિંગ પ્રોસેસ મારફતે રજૂ થઈ છે, જે સેબી આઈસીડીઆર નિયમોનાં નિયમ ૨૬(૧)નું પાલન કરે છે, જેમાં નેટ ઓફરનો મહત્તમ ૫૦ ટકા હિસ્સો સપ્રમાણ આધારે ક્વોલિફાઇડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ (“ક્યુઆઈબી”) (“ક્યુઆઈબી કેટેગરી”)ને ઓફર કરવામાં આવશે. કંપની અને વિક્રેતા શેરધારકો બુક રનિંગ લીડ મેનેજર્સ સાથે ચર્ચાવિચારણા કરીને એલોકેશન પ્રાઇઝ પર વિવેકાધિન ધોરણે એન્કર ઈન્વેસ્ટર્સને ક્યુઆઈબીનો મહત્તમ ૬૦ ટકા હિસ્સો ફાળવી શકે છે (“એન્કર ઈન્વેસ્ટર પોર્શન”). જેમાંથી એક-તૃતિયાંશ સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ માટે અનામત રાખવામાં આવશે, જે સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ પાસેથી પ્રાપ્ત માન્ય બિડ્સ સેબી આઈસીડીઆરનાં નિયમો મુજબ એન્કર ઈન્વેસ્ટર એલોકેશન પ્રાઇઝ પર કે તેનાથી વધારે પ્રાઇઝ પર મળવાને આધિન છે. ઉપરાંત ક્યુઆઈબીનો ૫ ટકા હિસ્સો (એન્કર રોકાણકારના હિસ્સાને બાદ કરતાં) મ્યુચ્યુઅલ ફંડ્સને જ સપ્રમાણ આધારે ફાળવણી માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે અને ક્યુઆઈબીનો બાકીનો હિસ્સો સમપ્રમાણ આધારે તમામ ક્યુઆઈબી બિડર્સ (એન્કર રોકાણકારો સિવાય)ને ફાળવવા માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેમાં મ્યુચ્યુઅલ ફંડ સામેલ છે, જે ઓફર પ્રાઇસ પર કે તેનાથી વધારે કિંમત પર બિડ મળવાને આધિન છે.

‘રખેવાળ’ ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

ન્યુરોજન બ્રેઈન એન્ડ સ્પાઈન ઈન્સ્ટીટ્યુટે કરોડરજ્જુની ગંભીર ઈજાની દર્દી

ગુજરાતની વિરાલી મોદીને નવજીવન બક્ષ્યું

અમદાવાદ

કરોડરજ્જુમાં ઈજા ધરાવતા વ્યક્તિઓનું રિહેબિલિટેશન કરવું એ રિહેબિલિટેશન નિષ્ણાતો માટે સૌથી વધુ પડકારરૂપ ક્ષેત્રોમાંનું એક છે. આજ દિન સુધી, ખૂબ ઓછા લોકો દાવો કરી શક્યા છે કે કરોડરજ્જુને થયેલું નુકસાન દૂર કરવામાં કે તેની ઈજાનો કોઈ ઈલાજ થઈ શક્યો હોય. જો કે દુનિયાભરના સંશોધકોને સ્ટેમ સેલ થેરાપી (એસસીટી)માં મોટી આશા જોવા મળી છે અને તેણે દર્શાવ્યું છે કે એસસીટી રિહેબિલિટેશનની ભૂમિકા કરોડરજ્જુની ઈજા ધરાવતા દર્દીઓને સ્વતંત્ર બનાવવામાં વધી જાય છે. ગુજરાતના દર્દીઓ માટે, ન્યુરોજન બ્રેઈન એન્ડ સ્પાઈન ઈન્સ્ટીટ્યુટ દ્વારા ૨૦ જાન્યુઆરીના રોજ અમદાવાદમાં ફ્રી વર્કશોપ તેમજ ઓપીડી કન્સલ્ટેશન કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કેમ્પનું આયોજન ન્યુરોજનના દર્દીઓને સન્માનિત કરવા થઈ રહ્યું છે કેમકે ન્યુરોજન સમજે છે કે કરોડરજ્જુની ઈજા, મસ્ક્યુલર ડાઈસ્ટ્રોફી, ઓટિઝમ, સેરેબ્રલ પાલ્સી વગેરેના દર્દીઓ માટે મુંબઈ રાતે માત્ર કન્સલ્ટેશન માટે આવવું એ ઘણું જ તકલીફદાયક નીવડી શકે છે. આ તમામ દર્દીઓ કે જેઓ લાઈલાજ ન્યુરોલોજિકલ ડિસઓર્ડર્સથી પીડાય છે તેઓ આ ફ્રી કેમ્પ માટે અપોઈન્ટમેન્ટ મેળવવા માટે મોનિકાનો ૦૮૮૨૮૨૦૦૪૦૦ - પુશકલાનો ૦૯૮૨૧૫૨૯૬૫૩ નંબર પર સંપર્ક સાધી શકે છે. ‘કરોડરજ્જુની ઈજા વ્યક્તિના કામકાજની સ્વતંત્રતા પર અસર કરે છે અને તેના કારણે જીવનધોરણ પર મોટી અસર પડે છે, પોતાની સેલ્ફ વર્થની લાગણી અને પરિણામે સામાજિક રીતે સમાવિષ્ટ રહેવાથી તે દૂર રહે છે. એ સામાન્ય રીતે અપેક્ષિત હોય છે કે કામકાજની રીતે વ્યક્તિની સ્વતંત્રતાનું સ્તર કોઈ વ્યક્તિની કરોડરજ્જુની ઈજા પર નિર્ભર હોય છે. એક વ્યક્તિના ન્યુરોલોજિકલ સ્તરનું ચોક્સાઈપૂર્વક અનુમાન ન લગાવી શકાય પરંતુ સંભવિત કાર્યના સંકેત તરીકે પણ તેને જોઈ શકાય.’

સ્પાઈનલ કોર્ડ એ નર્વ્સનું જૂથ છે જે તમારી પીઠની મધ્યમાંથી પસાર થાય છે. તે તમારા શરીર અને મગજ વચ્ચેના સંકેતોને આગળ અને પાછળ પસાર કરે છે. સ્પાઈનલ કોર્ડ ઈન્જરી (એસસીઆઈ) ત્યારે થાય છે જ્યારે કરોડરજ્જુને કોઈ નુકસાન થાય છે જેનાથી મગજ અને શરીર વચ્ચેનું કમ્યુનિકેશન અટકી જાય છે. સ્પાઈનલ કોર્ડની ઈજા રોડ ટ્રાફિક અકસ્માતો, રેલવે અકસ્માતો, ઊંચાઈ પરથી પડવાથી અને રમતગમતમાં ઈજાથી થતી હોય છે. સ્પાઈનલ કોર્ડની ઈજા થયા પછી, વ્યક્તિની સેન્સરી, મોટર અને પ્રતિક્રિયાત્મક સંદેશાઓને અસર કરે છે અને સ્પાઈનલ કોર્ડની ઈજા દૂર પણ થઈ શકતી નથી સામાન્ય રીતે, સ્પાઈનલ કોર્ડમાં ઈજાથી મોટાભાગે વ્યક્તિ સ્વતંત્ર રીતે કામ કરી શકવાની ક્ષમતા ગુમાવે છે.

ઝી ટીવીમાં બેગણી ઉજવણી!

જીત ગયી તો પિયા મોરે અને ભૂતુએ ૧૦૦ એપિસોડનું સિમાચિન્હ હાંસિલ કર્યું!

ઝી ટીવી પર પુષ્કળ ઉજવણીનો સમય છે! ચેનલના તાજેતરમાં જ રજૂ થયેલા પ્રાઈમટાઈમ કાલ્પનિક કથા શો ‘ભૂતુ’ અને ‘જીત ગયી તો પિયા મોરે’ બંનેએ ૧૦૦ એપિસોડ પૂરા કરીને તેના પ્રથમ મોટા સિમાચિન્હ હાંસિલ કર્યા છે. તેના રસપ્રદ પ્લોટ્સ, ટ્વિસ્ટ અને જકડી રાખે તેવા નાટક તથા પ્રેમાળ જોડીને લીધે બંને શોએ દર્શકોને પોતની પાસે જકડી રાખીને દર્શકોની પસંદગીના બની રહ્યા છે.બ્યુટી એન્ડ ધ બિસ્ટની ભારતીય આવૃતિ, જીત ગયી તો પિયા મોરેની વાર્તા, રાજસ્થાનના સુજનગઢ નામના નાનકડા ગામ પર આધારીત છે અને તેમાં બે પરિવાર ચૌહાણ અને રાજાવત પરિવારની દુશ્મની પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. શોની વાર્તા એવી છે કે, દેવી ચૌહાણ (યેશા રુઘાણી), જેના લગ્ન બળજબરીથી અધિરાજ રાજાવત (ક્રિપ કપૂર સુરી) દુશ્મન પરિવારના દિકરા સાથે થયા છે. આમાં દેવીની વાર્તા દર્શાવવામાં આવી છે, જે અધિરાજને એક ખરાબ વ્યક્તિમાંથી તેના સપનાનો માણસ બનાવે છે. ૧૦૦ એપિસોડના સિમાચિન્હની ઉજવણીના ભાગરૂપે જીત ગયી તો પિયા મોરેના મેકર્સ અને ક્રુના સભ્યોએ એક ગેટ ટુ ગેધર યોજીને ગ્રાન્ડ ડિનર માટે બહાર જવાનું નક્કી કર્યું હતું.

લખનૌની પૃષ્ટ ભૂમીને ધ્યાને રાખીને, ભૂતુની વાર્તા રજૂ કરવામાં આવી હતી, જેમાં એક બાળક ભૂત પિહુ (આર્શિયા મુખર્જી), જે તેની મૃત્યુથી અજાણ છે અને તેની માતાની ખોજમાં છે, તે બતાવવામાં આવ્યું છે. પિહુ અને તેની માતા વચ્ચેનું અત્યંત શક્તિશાળી જોડાણ બતાવવવામાં આવ્યું છે, કે તેનો નિર્દોષ પ્રેમ જોઈને ઈશ્વરે પણ તેની સામે જુકવું પડે છે, અને હંમેશા પિયુની સાથે તેઓ બાલ ગોપાળ (વિરાજ કપૂર) બનીને રહે છે. બાળ ગોપાલ સતત પિહુની સાથે હોય છે અને તેની માતાની શોધમાં તેના સાથીદાર પણ છે. આ ઉપરાંત તે શુચી (સાના અમિન શેખ)ને મળે છે, તે પણ તેની માતાને શોધવામાં મદદ કરે છે. ભૂતુની સમગ્ર ટીમે તેમના આ સિમાચિન્હની ઉજવણી સેટ પર મોટી કેક કાપીને કરી હતી.જૂઓ ભૂતુ અને જીત ગયી તો પિયા મોરે દર સોમવારથી શુક્રવાર સાંજે ૬.૩૦ વાગ્યે અને ૭ વાગ્યે ફક્ત ઝી ટીવી પર!

છેલ્લાં સ્ટેજમાં પહોંચેલી લીવરની બિમારીનો ટ્રાન્સપ્લાન્ટથી ઉપચાર શક્ય

અમદાવાદ

ભારતમાં લીવર સંબંધિત બિમારીઓનું પ્રમાણ ઝડપથી વધી રહ્યું છે. એક અહેવાલ મૂજબ દેશમાં દર વર્ષે આશરે ૧૦ લાખ નવા દર્દીઓ લીવર સિરોસિસથી પીડાતા હોવાનું નિદાન થાય છે. લીવર સિરોસિસ એવી સ્થિતિ છે કે જેમાં લીવરને ગંભીર નુકશાનના સંજોગોમાં સ્કાર ટિશ્યુ પેદા થાય છે અને તે તંદુરસ્ત લીવર ટિશ્યુનું સ્થાન લે છે. જોકે, સમયસર નિદાન થાય તો અંતિમ તબક્કામાં પણ લીવર ટ્રાન્સપ્લાન્ટની મદદથી દર્દીને બચાવી શકાય છે અને તેનો સફળતા દર ૯૫ ટકાથી પણ વધુ છે. આ રોગ થવાના પ્રાથમિક કારણો દારૂનું વધુ પડતું સેવાન અને નોન-આલ્કોહોલિક ફેટી લીવર ડિસિઝ (એનએએફએલડી) છે. અમદાવાદ સ્થિત નારાયણા મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના આંકડા મૂજબ મેદસ્વીતા અને ટાઈપ ૨ ડાયાબિટિસની સમસ્યા ધરાવતા દર્દીઓને એનએએફએલડીનું જોખમ વધુ હોય છે. ઘણાં કિસ્સામાં લીવર ઉપર સોજો આવે છે અને પુખ્તવયના લોકો લીવર સિસોરિસનો ભોગ બને છે.ઘણીવાર દર્દીમાં લીવર સંબંધિત બિમારના ચિન્હો જોવા મળતા નથી અને લીવર કામ કરતું બંધ થઈ જાય ત્યારે જ દર્દીને જાણ થાય છે. જોકે, કમળો, પેટમાં પાણી ભરાઈ જવું અને લોહીની ઉલટી વગેરે તેના લક્ષણો હોઈ શકે છે. ડો. સિન્હા કે જેમણે ૫૦૦થી વધુ લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરી છે તેમણે જણાવ્યું હતું કે ૪૦ વર્ષથી વધુ ઉંમરના દરેક વ્યક્તિએ નિયમિત આરોગ્યની તપાસ કરાવવી જોઈએ. આજે એડવાન્સ સ્ટેજમાં પહોંચેલા લીવર કેન્સર માટે પણ સારવારના વિવિધ વિકલ્પો ઉપલબ્ધ છે, પરંતુ લોકોને જાગૃત કરવા જરૂરી છે. જીવનશૈલીમાં સામાન્ય બદલાવ કરવાથી અને યોગ્ય આહાર લેવાથી વ્યક્તિ લીવરની બિમારીથી બચી શકે છે.

ટોટલી બ્રો-ફેશનલ – ઓકલેન્ડમાં નવી હાકા હોટેલ બ્રાન્ડ ખુલી

સંખ્યાબંધ ઓવર્ડ જીતનાર ન્યુઝિલેન્ડની નવિનતમ્ હોટેલ બ્રાન્ડે નવો ચિલો ચિતર્યો

માઓરી સંસ્કુતિમાં હાકા એ પરંરાગત સ્વાગત નૃત્ય છે જે મહેમાનોનું સમ્માન કરવા માટે કરવામાં આવે છે. હાકા ટુરિઝમ ગ્રૂપના ફાઉન્ડર રયાન સેન્ડર્સ જણાવે છે કે, આ નામ ન્યુઝિલેન્ડ માટે અદ્વિતીય છે અને હાકા ટુર્સ માટે લાભદાયી પણ છે. જે ન્યુઝિલેન્ડની માલિકી ધરાવતી અને સંચલાકીય કંપની છે જે ૨૫થી ૪૫ વર્ષના ઈન્ટરનેશનલ ટ્રાવેલર્સ માટે ગાઈડેડ એડવેન્ચર ટુરનું સંચાલન કરે છેચાલુ મહિને ઓકલેન્ડમાં બે નવી હોટેલ્સના ઓપનિંગ સાથે હાકા પાસે ડાન્સ કરવાનું વધારાનું કારણ છે જે કંપનીના અસાધારણ આતિથ્યના ઈતિહાસમાં એક આકર્ષક નવા પ્રકરણને દર્શાવે છે.

ઓકલેન્ડના હિપેસ્ટ ઈનર સિટી નજીકમાંના એકમાં ‘કે’ રોડ (સ્થાનિક લોકોનું સંક્ષિપ્ત કરનગાહાપે રોડ) પર સ્થિત છે, આ ફોર-સ્ટાર, ૬૦ સ્યુટ્સ હાકા હોટેલ ‘કે’ રોડના એપાર્ટમેન્ટના દરવાજા મહેમાનો માટે ૧લી ડિસેમ્બરથી ખુલ્યા મૂક્યાં છે. એક સ્માર્ટ કોન્ટેમ્પરી સ્ટાઈલમાં ડેકોરેટ કરવામાં આવ્યું છે જે કંપનીના પર્સનાલિટીને દર્શાવે છે. એપાર્ટમેન્ટની રેન્જ સ્ટુડિયો સ્યુટ્સથી લઈને બે બેડરૂમ સ્યુટ્સ સુધી છે, સંપૂર્ણ રીતે સજ્જ કિચન અને એચડી ટીવી, ફ્રી અનલિમિટેડ વાઈ-ફાઈ જેવી ફોરવર્ડ ફોક્સ્ડ ટેક્નલોજી સાથે નજીકના જીમ અને ઓનલાઈન ગ્રોસરી ડિલિવરી સાથે કોલેબ્રેશન કરેલું છે.

ભારતની સૌપ્રથમ મલ્ટી-પ્લેટફોર્મ મલ્ટી-ગેમ સ્પોર્ટસ ચેમ્પિયનશિપ યુસાઈફર યુવાનોનાં પ્રતીક વરુણ સૂદ અને આયેશા અદલાખા હોસ્ટ કરશે

મુંબઈ

ઈલેક્ટ્રોનિક સ્પોર્ટસની લોકપ્રિયતા વધી રહી છે ત્યારે અનોખી ભારતીય ઈસ્પોર્ટસ લીગ યુસાઈફર સ્પર્ધાત્મક ગેમિંગને પ્રકાશમાં લાવી રહી છે. આ લીગમાં દેશભરમાંથી બેસ્ટ ગેમર્સ ભેગા થવાના છે ત્યારે યુ સ્પોર્ટસ કંપની દ્વારા યુસાઈફર આ ક્રાંતિકારી શોને પ્રસ્તુત કરવા માટે હોસ્ટ્સનું રોમાંચક સંમિશ્રણ રજૂ કરશે, જેમાં લોકપ્રિય યુવાનોનાં પ્રતીકો વરુણ સૂદ અને આયેશા અદલાખા સાથે અવ્વલ સ્પોર્ટસ પ્રસ્તુતકર્તા અને કોમેન્ટેટર સુહેલ ચેન્ડહોક દરેક એપિસોડ સાથે દર્શકોનું ભરપૂર મનોરંજન કરશે.એમટીવીનાં લોકપ્રિય વીજે વરુણ સૂદ અને આયેશા અલદાખા યુસાઈફરની સીઝન વન હોસ્ટ કરશે. વરુણ સ્પ્લિટ્સવિલા અને રોડીઝ જેવા લોકપ્રિય રિયાલિટી શોમાં જોવા મળ્યો હતો, જેણે ટેલિવિઝન વેપારમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે, જ્યારે આયેશાએ એમટીવી ગર્લ્સ ઓન ટોપમાં લીડ સાથે જૂની ઘરેડ તોડીને ચેનલના લોકપ્રિય વીજેમાંથી એક બની છે અને ઈન્સ્ટાગ્રામની સેલિબ્રિટી બની ચૂકી છે. વરુણ અને આયેશા યુસાઈફરના ટેલિવિઝન પર પદાર્પણ સાથે ગેમર્સને ગળાકાપ હરીફાઈ કરાવશે અને ખેલાડીઓની સૌથી સ્પર્ધાત્મક બાજુને બહાર લાવશે.રોમાંચને નવી ઊંચાઈ પર લઈ જતાં શોએ ભારતીય ટેલિવિઝન પર સૌથી લોકપ્રિય ચહેરામાંથી એક સુહેલ ચેન્ડહોકને ગેસ્ટ સેલિબ્રિટી હોસ્ટ તરીકે રોક્યો છે.

ડિસ્કવરી જીત ભારતના જીઈસી માર્કેટમાં ખળભળાટ મચાવવા માટે તૈયાર

મુંબઈ

ડિસ્કવરી જીત ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૮થી ભારતમાં જીઈસી સ્પેસમાં ખળભળાટ મચાવશે. ‘હૈ મુમકીન’ થીમ પર આધારિત ચેનલ પર ડિસ્કવરીની અજોડ સ્ટોરીટેલીંગ અને ઉત્તમ રિયલ લાઈફ એન્ટરટેનમેન્ટ સાથે ચેનલ લાખો લોકોને પ્રેરણારૂપ એવી સ્ટોરીઝ રજૂ કરે છે. ડિસ્કવરી જીત દ્વારા સૌથી વધુ એવું ડિસ્ટ્રીબ્યુશન જેમકે ૧૦૦ મિલિયનથી વધુ ઘરોમાં પહોંચશે, જે ભારતના જીઈસીના ઈતિહાસમાં સૌથી વધુ હશે. આ ચેનલ તમામ અગ્રણી ડીટીએચ અને કેબલ પ્લેટફોર્મ પર દેશભરમાં ઉપલબ્ધ થશે. ડિસ્કવરી કમ્યુનિકેશન્સ ઈન્ડિયા (ડીસીઆઈએન) દ્વારા નેટફ્લિક્સને કન્ટેન્ટ માટે એક્સ્લુઝિવ ગ્લોબલ ઓટીટી પ્લેટફોર્મ પાર્ટનર તરીકે સાઈન કર્યુ છે. આ ડીલ એ સુનિશ્ચિત કરશે કે ડિસ્કવરી જીતની માર્કી કન્ટેન્ટ ઓડિયન્સને વિશ્વભરમાં ૧૯૦થી વધુ દેશોમાં પ્રાપ્ત થઈ શકે. નેટફ્લિક્સ કમ્યુનિટીઝ વિશ્વભરમાં ભારતમાં પ્રસારિત થતી ડિસ્કવરી જીત ચેનલ જોઈ શકશે.ડિસ્કવરી જીતનો હેતુ હિન્દી જીઈસી એરિનામાં પર્પઝ ડ્રિવન એન્ટરટેનમેન્ટ કન્ટેન્ટ સાથે અવરોધોને દૂર કરવાનો છે. ચેનલ પાંચ કલાકના પ્રોગ્રામિંગ બેન્ડ સાથે દરરોજ પ્રસારિત થશે જેમાં ૩ કલાક માટે ઓરિજિનલ પ્રોગ્રામિંગ સામેલ હશે જે અન્ડરડોગ વિનિંગ થીમ પર આધારિત હશે. ભારતના પ્રથમ નેશનલ જીઈસી બનવાના હેતુ સાથે ડિસ્કવરી જીત હિન્દી, તામિળ અને તેલુગુમાં ઉપલબ્ધ થશે.‘ડિસ્કવરી જીત વિશાળ ફોર્મેટ, સિનેમેટિકમાં સંબંધિત કેરેક્ટર્સની પ્રસ્તુતિ, સંબંધિત અને વાસ્તવિક સ્ટોરીઝ સાથે લાઈનઅપ થઈને સૌથી અલગ પડે છે. ડિસ્કવરી જીત આજની પેઢીના લોકો આશાવાદી હોય છે અને તેઓ તેમના અને પરિવારના સારા ભવિષ્ય માટેનો ઉત્સાહ હોય છે એ વાત પર ભાર મૂકે છે. આ ‘હૈ મુમકીન’ની મજબૂત લાગણીનું રિપ્રેઝન્ટેશન છે જે ટીઅર-ટુ અને થ્રી શહેરોને સ્પર્શે છે.’અંડરડોગ વિનિંગના થીમ પર આધારિત ડિસ્કવરી જીતના માર્કેટીંગ કેમ્પેનનું લક્ષ ‘સ્વામી રામદેવ: એક સંઘર્ષ’, ’૨૧ સરફરોષ: સારાગરહી ૧૮૯૭’ અને ‘મેરે પાપા હીરો હિરાલાલ’ પર રહેલું છે જેમાં મુખ્ય પાત્ર તેના જીવનની સમસ્યાઓને પાર કરીને સફળતા મેળવે છે.

અંગ્રેજી માધ્યમ દ્વારા આધુનિક શિક્ષણ લેનાર બાળક આપણા ભવ્ય સાંસ્કૃતિક વારસાથી વંચિત રહી જાય છે

આજે લગભગ દરેક મા-બાપને પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાનો મોહ લાગુ પડ્યો છે. આ એક પ્રકારનો માસ મેનિયા છે અથવા મોબ સાઈકોલોજી છે. આજે આપણે કોઈ પણ મા-બાપને પૂછીશું કે,“તમે તમારા બાળકને શા માટે અંગ્રેજી માધ્યમમાં ભણાવો છો ?” જવાબ મળશે, “કે બધા ભણાવે છે “માટે.” આમ અંગ્રેજી મિડિયમમાં બાળકોને ભણાવવાનું એક આંધળું અનુકરણ આપણા સમાજોમાં જોવા મળે છે. આપણા સમાજોમાં એક એવી માન્યતા ઘર કરી ગઈ છે કે અંગ્રેજી મિડિયમમાં ભણેલુ બાળક વધુ બુધ્ધિશાળી બને છે અને માતૃભાષા કે રાષ્ટ્રભાષા હિન્દી મિડિયમમાં ભણેલાં બાળકો ડફોળ અને ઓછાં બુધ્ધિવાળા હોય છે આવી એક માન્યતા આપણા સમાજોમાં અંગ્રેજોના સમયથી ઘર કરી ગઈ છે. કારણ કે અંગ્રેજીભાષા આપણને અંગ્રેજો વારસમાં આપતા ગયા છે.અંગ્રેજો સાપ હતા પરંતુ સાપ તો પોતાના વતન ઈંગલેન્ડમાં જતા રહ્યા પરંતુ વારસામાં તેમના લીસોટા સમી અંગ્રેજી ભાષા આપણા દેશમાં મુકતા ગયા ત્યારથી આપણા સમાજમાં એક એવી માન્યતા પ્રવેશ કહી ગઈ છે કે જે અંગ્રેજી મિડિયમમાં ભણે તે હોંશીયાર અને લોકલ પ્રાહાદેશીક ભાષામાં ભણે તે ડફોળ અથવા ઓછો હોંશીયાર. આમ પહેલીથી જ આપણે વિદેશી સંસ્કૃતિને મહાન માની બેઠા છીએ અને આપણા બાળકોને વિદેશી સંસ્કૃતિનું ગાડું અનુકરણ કરાવીને આપણા ભારતદેશમાં ભવ્ય સાંસ્કૃતિક વારસાથી વંચિત રાખીએ છીએ. અંગ્રેજી ભાષાનું શિક્ષણ લેવું તે ખરાબ નથી પરંતુ આપણા ભારત દેશની ભવ્ય સંસ્કૃતિના ભોગે અંગ્રેજી ભાષાનું શિક્ષણ લેવું તેખૂબ જ ખરાબ બાબત છે.આપણા બાળકોને આપણે ચોક્કસ અંગ્રેજી મીડીયમમાં ભણાવીએ પરંતુ સાથે સાથે આપણું બાળક આપણી માતૃભાષા કે આપણી રાષ્ટ્રભાષા હિન્દીથી કે આપણા હિન્દુસ્તાનના ભવ્ય સાંસ્કૃતિક વારસાથી વંચિત ન રહીજાય તેની કાળજી ભારત દેશના તમામ મા-બાપોએ પોતાના બાળકો માટે લેવી જ પડશે. નહીતો આપણું બાળક આપણા જ દેશનું ભવ્ય હિન્દુ સંસ્કૃતીથી વિમુખ થઈ જશે અને પાશ્ચાત્ય સંસ્કૃતીનું ગાંડુ અનુકરણ કરીને આપણા સમાજથી એકલુ અટલુ પડી જશે.

અંગ્રેજી મિડિયમમાં ભણેલુ બાળક વધુ બુધ્ધિશાળી બને છે એવી માન્યતા આપણા સમાજમાં ભલે પ્રવર્તતી હોય પરંતુ હજુ સુધી આ બાબતને કોઈએ સાબીત નથી કરી બતાવી. કારણ કે એસ.એસ.સી ના મેરીટ લીસ્ટમાં હંમેશા માતૃભાષામાં જ ભણેલાં બાળકો ટોપ ઉપર જોવા મળે છે ભારત દેશના જાહેર જીવનમાં મોખરાની ૧૦૦ વ્યક્તિઓની યાદી બનાવવામાં આવે તો ભાગ્યે જ દસનામ એવાં મળશે કે જેઓ અંગ્રેજી મિડિયમમાં ભણેલ હોય. દુનિયાનો કોઈપણ શિક્ષણશાસ્ત્રી એવું નથી કહેતો કે બાળકને પોતાની માતૃભાષા કે રાષ્ટ્રભાષા સિવાયની ભાષામાં ભણાવવું જોઈએ એમં પણ આપણી માતૃભાષાનું સ્થાન પ્રમુખ હોવું જોઈએ અર્થાત આપણી જન્મજાત ભાષા જે આપણને જન્માતાની સાથે જ માતા તથા પિતા પાસેથી શિખવા મળે છે તે ભાષાને કદી પણ ભૂલવી ન જોઈએ.

દુનિયાનો કોઈપણ માનસશાસ્ત્રી એવુ નહી કહે કે અંગ્રેજી ભાષામાં બાળકને ભણાવવાથી બાળકના મગજનો વિકાસ વધારે થાય છે. તેમ છતાં મા-બાપના મગજમાં એવી ગેરસમજ ઘર કરી ગઈ છે કે અંગ્રેજી મિડિયમમાં ભણીને ગ્રેજ્યુએટ થનારને જલ્દીથી નોકરી મળી જાય છે જો કે ઉચ્ચ અભ્યાસમાં આજે અંગ્રેજી ભાષાની અમૂક જરૂર પડે જેવી ચાર્ટડ એકાઉન્ટ થવુ હોય તો અંગ્રેજી માંધ્યમમાં જ ભણવું પડે તેવી જ રીતે ર્ડાકટરસાહેબ બનવું હોય તો પણ અંગ્રેજી માધ્યમમાં જ ભણવું પડે. એવી જ રીતે હાઈકોર્ટના કે સુપ્રીમ કોર્ટના સફળ વકીલ સાહેબ થવુ હોય તો પણ અંગ્રેજી મીડીયમાંજ અભ્યાસ કરવો પડે કારણ કે આ બધા અભ્યાસક્રમના પુસ્તકોજ ગુજરાતી ભાષામાં ઉપલબ્ધજ નથી અંગ્રેજી મિડિયમમાં જ પુસ્તકો બહાર પડેલા છે અને આચહરણમાં તેમજ વહીવટમાં પણ અંગ્રેજીભાષાનો જ ઉપયોગ થાય છે તેથી વ્યવસાયના ધોરણે કે રોજગારીના ધોરણે જ્યાં જ્યાં અંગ્રેજી ભાષાની જરૂર પડે તેટલા પુરતુ અંગ્રેજીનું જ્ઞાન અવશ્ય મેળવવું જરૂરી છે પરંતુ અહીયા અમારો કહેવાનો આશય એટલો જ છે કે અંગ્રેજી માધ્યમ દ્વારા આધુનિક શિક્ષણ લેનાર બાળક આપણા ભારત દેશના ભવ્ય સાંસ્કૃતિક વારસાથી વંચિત રહી ના જાય તેની પણ કાળજી લેવીઅતિ આવશ્યક છે નહીતો જે મા-બાપો પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવે છે તેઓ પોતાના સંતાનોને કેવી અદભૂત્ સાંસ્કૃતિક બાબતોથી વંચિત રાખે છે તે નીચે મુજબ હવે જોઈએ.

(૧) ધર્મશાસ્ત્રો :

હિન્દુ પ્રજાના મોટાભાગના ધર્મશાસ્ત્રો સંસ્કૃત કે પ્રાકૃત ભાષાઓમાં લખાયેલાં છે. અને બધી જ પ્રાદેશિક ભાષામાં તેના અનુવાદો થયા છે. રામાયણ અને મહાભારત જેવી આપણી હિન્દુ સંસ્કૃતિની ગૌરવગાથાઓ આપણી આજની યુવા પેઢીમાં આદર્શોનું સિંચન કરી શકે છે. અને યુવાનોને જીવન જીવવાની કળા શીખવી શકે છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં આર્યાવર્તનું આધ્યાત્મિક તત્વજ્ઞાન ઠાંસી ઠાંસીને ભર્યું છે. અંગ્રેજી માધ્યમની કઈ શાળામાં આવુ શિક્ષણ આપવામાં આવે છે? અમે તો બિનસાંપ્રદાયિકતાના નામે ગુજરાતી માધ્યમમાં ભણતા બાળકોને પણ આ સમૃધ્ધ સાંસ્કૃતિક વારસામાંથી વંચિત રાખવામાં આવે છે પરંતુ ગુજરાતી ભષામાં ભણેલુ બાળક આ બધુંય જાતે વાંચી તો શકે છે ને અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળકો માટે શ્રીરામ એટલે રામા અને લક્ષ્મણ એટલે બની જાય છે આ પરીસ્થિતિમાં અંગ્રેજી મિડિયમમાં ભણતું આપણું બાળક આપણા ધર્મશાસ્ત્રોનું અમૃત કેવી રીતે પ્રાપ્ત કરી શકે ?

(૨) ભજનો, સંતવાણી અને સંતાનો :

ભારતીય ભાષાઓમાં આપણા ભક્તકવિઓએ રચેલા આધ્યાત્મિક ભજનો અને સ્તવનોનો ભવ્ય વારસો પડેલો છે. અને સાથે સાથે સંતવાણીનો પણ ભવ્ય વારસો પડેલો છે. આ ભજનો સાહિત્યના અણમોલ ખજાના જેવા છે. ગુજરાતી ભાષામાં નરસિંહ મહેતા, મીરાંબાઈ, પ્રેમાનંદ, અખો વગેરે જેવા ભકતકવિઓનાં ભજનો અને પદોમાં જિંદગી જીતવાની જડીબુટ્ટી જેવી અનેક અજાયબીઓ પડેલી છે. અંગ્રેજી મિડિયમમાં ભણતુ બાળક આપણી હિન્દુ સંસ્કૃતિના કે માતૃભાષામાં ગવાયેલા ભજનો સ્તવનો કે સંતવાણીની મઝા માણી શકે ખરૂ ? અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરી’ કે“મૈલી ચાદર ઓઢ કે કૈસે ઠાર,તુમ્હારે મૈ આવું હે પાવન પરમેશ્વર મેરે મન હા મન શરમાવું ” જેવાં પવિત્ર પદોની મજાતો માત્ર ગુજરાતી મિડિયમ કે હિન્દી મિડિયમમાં ભણેલુ બાળક જ માણી શકે ને ? એવી જ રીતે જૈન વાણીયાનું બાળક જો અંગ્રેજી મિડિયમમાં ભણાતું હશે તો તે બાળક જૈન સ્તવનોનો આનંદ કેવી રીતે માણી શકશે ? આનંદધનજી કે ઉપાધ્યાયજી, યશો વિજયજી જેવા જ્ઞાની જૈન કવિઓના સત્વનોના અર્થો ભાગ્યે જ સમજી શકશે. આમ જૈનના બાળકો માટે અંગ્રેજી મિડિયમમાં ભણવું એટલે જૈન સ્તવનોનું અજ્ઞાન આ કંઈ એક જૈન ના બાળક માટે જેવું તેવું નુકસાન છે ?

(૩) સાહિત્ય :

અંગ્રેજી મિડિયમમાં ભણનારૂ બાળક ભારતીય સાહિત્યના ભવ્ય ખજાના માટે અજનબી કે પરાયુ બની જાય છે. ગુજરાતી ભાષાની વાત કરીએ તો કવિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રચાર્યથી લઈને અત્યાર સુધીમાં આપણા દેશ, સમાજ અને સંસ્કૃતિનો પરિચય કરાવતા અનેક અમર સાહિત્યકારોએ આપણા ગુજરાત રાજયમાં જન્મ લીધો છે. ગુજરાતમાં નર્મદાશંકર લાલશંકર દવે(બ્રાહ્મણદેવ)થી લઈને ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી અને ઉમાશંકર જોષી (ભૂદેવ) જેવા બ્રાહ્મણ દેવતાઓ સાહિત્ય સ્વામીઓ પેદા થયા છે. એવી જ રીતે ઝવેશચંદ મેઘાણી જેવા સાહિત્યકારોએ ગાંમડાની સંસ્કૃતિનો ધબકાર પોતાના સાહિત્યમાં ઠાલવ્યો છે. તો વળી કનૈયાલાલ મુનશીએ ગુજરાતના ગૌરવવંતા ઈતિહાસનું નવલકથાઓ દ્વારા આલેખન કર્યું છે.

અંગ્રેજી મિડિયમમાં ભણનારા બાળકો માટે ચુનીલાલ મડિયા કે પન્નાલાલ પટેલ જેવા સાહિત્યકારો મંગળના ગ્રહ ઉપરથી ઉતરી આવેલા માણસો જેવા અજાણ્યા છે. આ અક્ષરોએ જે અમર સાહિત્યનું સર્જન કર્યું છે તેનો કોઈ જ લાભ અંગ્રેજી માધ્યમમાં ભણતા બાળકોને મળતો નથી.

(૪) આયુર્વેદ :ભારત પાસે આયુર્વેદના અમૂલ્ય ખજાનો છે. જે આજે પણ આખી દુનિયાને સ્વસ્થ અને તંદુરસ્ત જીવન કેવી રીતે જીવવું તેનો માર્ગ ચિંધી શકે છે આયુર્વેદના ચરકસંહિતા અને સુશ્રુત સંહિતા તેમજ ભાવપ્રકાશ જેવા ગ્રંથો સંસ્કૃત ભાષામાં લખાયેલા છે અને તેનો અનેક ભારતીય ભાષાઓમાં અનુવાદ થયેલો છે. અંગ્રેજી મિડિયમની સ્કૂલોમાં કે અધુનિક કેળવણીમાં આયુર્વેદના શિક્ષણને કોઈ સ્થાન જ નથી વનસ્પતિશાસ્ત્રનો વિષય લઈને બી.એસ.સી (સાયન્સ ગ્રેજયુએટ) થયેલા વિદ્યાર્થીઓને પણ અહીં અશ્વગંધા ક બ્રાહમીના ઔષધિય ગુણોની ખબર નહી હોય. ઘરના આંગણે ઉગતા તુલસીના છોડ કે લીમડાના ઝાડ દ્વારા જીવનને કેવી રીતે નિરોગી રાખી શકાય તેનું જ્ઞાન આધુનિક કેળવણી લેનાર અંગ્રેજી મિડિયમમાં ભણતા બાળકને નહીં હોય.તેને કોઈ આમળાંને ઓળખી શકશે. કેટલુ મોટુ નુકસાન ?

(ક્રમશ)

જીતેન્દ્ર કે.દેસાઈ મુ.થરા તા.કાંકરેજ

ખેલફલક

જેમાં ક્રિકેટથી
માંડીને તમામ રમતોની રસપ્રદ માહિતી...

ઓસ્ટ્રેલિયન ઓપન : અંતે અઝારેન્કા પણ નિકળી ગઈ

ઓસ્ટ્રેલિયન ઓપન ટેનિસ ચેમ્પિયનશીપ શરૂ થાય તે પહેલા જ ટેનિસ ચાહકોને એક પછી એક આઘાત લાગી રહ્યો છે. મળેલી માહિતી મુજબ હવે બે વખતની મહિલા ચેમ્પિયન વિક્ટોરિયા અઝારેન્કા પણ ખસી ગઈ છે. ઈજાના પરિણામ સ્વરુપે તે આ ચેમ્પિયનશીપમાંથી ખસી ગઈ છે. વર્ષની પ્રથમ ગ્રાન્ડસ્લેમ ઓસ્ટ્રેલિયન ઓપન ચેમ્પિયનશીપ શરૂ થાય તે પહેલા જ અઝારેન્કાએ અંગેની જાહેરાત કરી છે. વર્તમાન ચેમ્પિયન સેરેના વિલિયમ્સ પહેલાથી જ સ્પર્ધામાંથી ખસી ગઈ છે તેનું કહેવું છે કે, આંતરરાષ્ટ્રીય સ્તર પર રમવા માટે હજુ સુધી તે સંપૂર્ણપણે ફિટનેસ મેળવી શકી નથી. આ વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં એન્ડી મરે પણ ભાગ લે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. એન્ડી મરેએ હાલમાં જ સર્જરી કરાવી છે. તેનું ધ્યાન વિમ્બલ્ડન ઉપર કેન્દ્રિત થઈ ગયું છે. **અનુસંધાન પાન નં.૬ ઉપર**

આફ્રિકાને વધુ રન આપવા પાછળ ભૂવીએ સ્વીકારી ભૂલ

ભારતીય ટીમના ઝડપી બોલર ભુવનેશ્વર કુમારે પાંચ ટેસ્ટની સિરિઝના પ્રથમ દિવસે સ્વીકાર્યું હતું. અમે ભૂલથી દ.આફ્રિકાની ટીમને ૩૦ જેટલા રન વધુ આપી દીધા છે. જેના કારણે તેઓ પહેલી ઈનિંગમાં ૨૮૬ રન સુધી પહોંચી શક્યા હતા. એક સમયે મેચની શરૂઆતમાં દ.આફ્રિકાનો સ્કોર ૩ વિકેટે ૧૨ રન હતો.

ભુવીએ દિવસ પૂર્ણ થયા બાદ જણાવ્યું હતું કે, 'અમે એક જગ્યાએ ચૂક્યા છીએ તેના કારણે મને લાગે છે કે અમે ૨૫-૩૦ જેટલા રન વધુ આપી દીધા છે. તેણે કહ્યું કે દર એક કલાકમાં ૨-૩ ઓવર એવી હતી જ્યાં ખૂબ જ સહેલાઈથી અમે બાઉન્ડ્રી ગુમાવી બેઠા છીએ. આ મામલે અમારે પોતાના પ્રદર્શનમાં સુધાર લાવવો જોશે.' દ. આફ્રિકાએ વિકેટ પડી ગઈ હોવા છતા પોતાની બેટિંગ ઈનિંગમાં પ્રતિ ઓવર ૪ રનની રનરેટ જાળવી રાખી હતીભુવનેશ્વરે જણાવ્યું કે આ રનરેટ અમારા માટે એક ચિંતાનો વિષય હતો. અમે શક્ય તેટલું સાઉથ આફ્રિકાને દબાણમાં રાખવા માગતા હતા. ભુવીએ વધૂમાં કહ્યું કે, 'સાઉથ આફ્રિકાની રનરેટ ઓછી થાય તે માટે બ્રેક દરમિયાન પણ અમે એ જ ચર્ચા કરી રહ્યા હતા કે કોઈપણ ભોગે તેમની રનરેટ નીચે લાવવાનો પ્રયાસ કરવો જ પડશે. કેમ કે ટેસ્ટ ક્રિકેટમાં ચારની એવરેજથી રમવું એ ખુબ સારૂં હોય છે. જોકે ભુવનેશ્વરે એમ પણ કહ્યું હતું કે ભારતીય બોલિંગથી હું ખૂબ ખુશ છું કેમ કે સમગ્ર મેચ દરમિયાન એક પણ બોલરે પોતાની લાઈન અને લેન્થ ગુમાવી નહોતી.ભુવનેશ્વરે પ્રથમ ઈનિંગમાં ૮૭ રન આપીને ચાર વિકેટ ઝડપી હતી. તે શિખર ધવને જો સ્લિપમાં કેશવ મહારાજનો કેચ પકડી લીધો હોત તો ભુવનેશ્વરને પાંચમી વિકેટ પણ મળી ગઈ હોત.

ઈંગ્લેન્ડના ઓપનર એલિસ્ટર કૂકે ટેસ્ટમાં ૧૨ હજાર રન પૂરા કર્યા

ટીમ સ્પીરીટ

ઈંગ્લેન્ડના ઓપનર એલિસ્ટર કૂકે સિડનીમાં રમાઈ રહેલી એશિઝ શ્રેણીની પાંચમી ટેસ્ટમાં ૧૨,૦૦૦ રન નોંધાવવાની સિદ્ધી મેળવી છે. ટેસ્ટમાં આ સિદ્ધી મેળવનારો તે ઈંગ્લેન્ડનો પ્રથમ અને ટેસ્ટ મેચ ઈતિહાસનો છઠ્ઠો ખેલાડી બન્યો છે. ૧૫૨મી ટેસ્ટમાં કૂકે આ કારનામું કર્યું છે. ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધારે રન નોંધાવવાના મામલે ભારતનો માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર પ્રથમ સ્થાને છે.

સચિન તેંડુલકરઃ ક્રિકેટના ભગવાન કહેવાતા ભારતના પૂર્વ ક્રિકેટર સચિન તેંડુલકરે ૨૦૦ ટેસ્ટમાં ૫૩.૭૮ની સરેરાશથી ૧૫,૯૨૧ રન નોંધાવ્યા છે. તેમાં ૫૧ સદી અને ૬૮ અડધી સદીનો સમાવેશ થાય છે. સચિનનો સર્વોચ્ચ સ્કોર ૨૪૮□ છે. આ ઉપરાંત તેણે ૪૬ વિકેટ પણ લીધી છે.

રિકી પોન્ટિંગઃ ઓસ્ટ્રેલિયાનો રિકી પોન્ટિંગે ૧૬૮ ટેસ્ટમાં ૫૧.૮૫ની સરેરાશથી ૪૧ સદીની મદદ વડે ૧૩,૩૭૮ રન નોંધાવ્યા છે. તેનો શ્રેષ્ઠ સ્કોર ૨૫૭ રન છે.

જેક કાલિસઃ સાઉથ આફ્રિકાનો ઓલરાઉન્ડર જેક કાલીસ ટેસ્ટ ક્રિકેટમાં સર્વાધિક રન નોંધાવનારાની યાદીમાં ત્રીજા નંબરે છે. કાલીસે ૧૬૬ ટેસ્ટમાં ૫૫.૩૭ની સરેરાશથી ૧૩,૨૮૯ રન બનાવવાની સાથે ૨૯૨ વિકેટ પણ લીધી છે. તેનો શ્રેષ્ઠ સ્કરો ૨૨૪ રન છે. જ્યારે બોલિંગમાં સર્વશ્રેષ્ઠ દેખાવ ૫૪ રનમાં ૬ વિકેટ છે.

રાહુલ દ્રવિડઃ ટીમ ઈન્ડિયામાં ધ વોલ તરીકે ઓળખાતા રાહુલ દ્રવિડે ૧૬૪ ટેસ્ટમાં ૫૨.૩૧ની એવરેજથી ૧૩,૨૮૮ રન નોંધાવ્યા છે. જેમાં ૩૬ સદી અને ૬૩ અડધી સદીનો સમાવેશ થાય છે. તેનો શ્રેષ્ઠ સ્કોર ૨૭૦ રન છે.

કુમાર સંગાકારાઃ શ્રીલંકાના વિકેટકિપર બેટ્સમેન કુમાર સંગાકારાએ ૧૩૪ ટેસ્ટમાં ૫૭.૪૦ની એવરેજથી ૧૨,૪૦૦ રન નોંધાવ્યા છે. તેણે ૩૮ સદી અને ૫૨ ફિફ્ટી નોંધાવી છે. તેનો શ્રેષ્ઠ સ્કરો ૩૧૯ રન રહ્યો છે.

એલિસ્ટર કૂકઃ ઈંગ્લેન્ડના ઓપનર એલિસ્ટર કૂકે એશિઝ સીરિઝની સિડની ટેસ્ટની બીજી ઈનિંગ દરમિયાન ૧૦ રન કરતાં જ ૧૨,૦૦૦ રન નોંધાવનારો છઠ્ઠો બેટ્સમેન બની ગયો હતો.

સ્પોર્ટ્સ ક્વીઝ

ડો.પી.ડી.શર્મા

સવાલ :

૧.હાલમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી ૧૬ હજાર રન કરનાર ખેલાડી કોણ છે ?

૨. હાલમાં ટેસ્ટ કારકીર્દીમાં સૌથી વધુ બેવડી સદી કરનાર ખેલાડી કોણ છે ?

૩. હાલમાં જ ભારતે કયા દેશ સામે સતત નવમી ટેસ્ટ શ્રેણી જીતીને ઈતિહાસ રચ્યો હતો ?

૪. હાલમાં જ ભારતે સતત નવમી ટેસ્ટ શ્રેણી જીતીને કયા બે દેશોની બરોબરી કરી હતી ?

૫. સતત નવ ટેસ્ટ શ્રેણી જીતી ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ કયા કેપ્ટનની બરોબરી કરી હતી ?

૬.હાલમાં જ વર્લ્ડ હોકી લીગ ફાઈનલ્સ ટુર્નામેન્ટનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?

૭. હાલમાં જ ભારતની હોકી ટીમ કયા દેશને સડનડેથમાં ૩-૨ ગોલથી હરાવીને વર્લ્ડ હોકી લીગ ફાઈનલ્સ ટુર્નામેન્ટની સેમીફાઈનલમાં પ્રવેશી હતી ?

૮. હાલમાં જ કયા ખેલાડીએ ૨૦૧૭ ના બેસ્ટ ફુટબોલર તરીકેનો 'બાલોનડી' ઓર એવોર્ડ' પાંચમી વખત જીતીને ઈતિહાસ રચી દીધો હતો ?

૯. હાલમાં જ આંતરરાષ્ટ્રીય ટેનીસ ફેડરેશને કયા ખેલાડીની પસંદગી ૨૦૧૭ ના વર્લ્ડ ચેમ્પિયન તરીકે કરી હતી ?

૧૦. હાલમાં જ આંતરરાષ્ટ્રીય ટેનીસ ફેડરેશને કઈ મહિલા ખેલાડીની પસંદગી ૨૦૧૭ ની 'વર્લ્ડ ચેમ્પીયન' તરીકે કરી હતી ?

૧૧. હાલમાં જ વર્લ્ડ હોકી લીગ ફાઈનલ્સ ટુર્નામેન્ટમાં ભારતની હોકી ટીમ કયા દેશ સામે સેમીફાઈનલ્સમાં હારી ગઈ હતી ?

૧૨. હાલમાં જ એશિયન એરગન ચેમ્પિયનશીપનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?

૧૩. ઓલિમ્પિકસમાં જિમ્નાસ્ટીકસમાં ભાગ લેનારી પ્રથમ ભારતીય મહિલા ખેલાડી કોણ ?

જવાબ :

૧.હાલમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી ઝડપી ૧૬ હજાર રન કરનાર ખેલાડી વિરાટ કોહલી છે.

૨. હાલમાં ટેસ્ટ કારકીર્દીમાં સૌથી વધુ બેવડી સદી કરનાર ખેલાડી ઓસ્ટ્રેલિયાના ડોન બ્રેડમેન છે.

૩. હાલમાં જ ભારતે શ્રીલંકા દેશ સામે સતત નવમી ટેસ્ટ શ્રેણી જીતીને ઈતિહાસ રચ્યો હતો.

૪. હાલમાં જ ભારતે સતત નવમી ટેસ્ટ શ્રેણી જીતીને ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ એમ બે દેશોની બરોબરી કરી હતી.

૫. સતત નવ ટેસ્ટ શ્રેણી જીતી ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ ઓસ્ટ્રેલીયાના લેજન્ડરી કેપ્ટન રીકી પોન્ટીંગ નામના કેપ્ટનની બરોબરી કરી હતી.

૬.હાલમાં જ વર્લ્ડ હોકી લીગ ફાઈનલ્સ ટુર્નામેન્ટનું આયોજન ભારતમાં ભુવનેશ્વર મુકામે કરવામાં આવ્યું હતું.

૭. હાલમાં જ ભારતની હોકી ટીમ ઓલિમ્પિક સીલ્વર મેડાલીસ્ટ બેલ્જીયમ દેશને હરાવીને ક્રીસ્ટીયાનો રોનાલ્ડો એ સડનડેથમાં ૩-૨ ગોલથી હરાવીને વર્લ્ડ હોકી લીગ ફાઈનલ્સ ટુર્નામેન્ટની સેમીફાઈનલમાં પ્રવેશી હતી.

૮. હાલમાં જ ક્રીસ્ટીયાનો રોનાલ્ડો નામના ખેલાડીએ ૨૦૧૭ ના બેસ્ટ ફુટબોલર તરીકેનો 'બાલોનડી' ઓર એવોર્ડ' પાંચમી વખત જીતીને ઈતિહાસ રચી દીધો હતો.

૯. હાલમાં જ આંતરરાષ્ટ્રીય ટેનીસ ફેડરેશને સ્પેનના રફેલ નડાલ નામના ખેલાડીની પસંદગી ૨૦૧૭ ના વર્લ્ડ ચેમ્પિયન તરીકે કરી હતી.

૧૦. હાલમાં જ આંતરરાષ્ટ્રીય ટેનીસ ફેડરેશને સ્પેનની ગાર્બિન મુગુરૂઝા નામની મહિલા ખેલાડીની પસંદગી ૨૦૧૭ ની 'વર્લ્ડ ચેમ્પીયન' તરીકે કરી હતી.

૧૧. હાલમાં જ વર્લ્ડ હોકી લીગ ફાઈનલ્સ ટુર્નામેન્ટમાં ભારતની હોકી ટીમ આર્જેન્ટીના દેશ સામે સેમીફાઈનલ્સમાં હારી ગઈ હતી.

૧૨. હાલમાં જ એશિયન એરગન ચેમ્પિયનશીપનું આયોજન જાપાનના વાકો સીટીમાં કરવામાં આવ્યું હતું.

૧૩. ઓલિમ્પિકસમાં જિમ્નાસ્ટીકસમાં ભાગ લેનારી પ્રથમ ભારતીય મહિલા ખેલાડી દિપા કરમાકર છે.

-ડો.પી.ડી.શર્મા
(અમદાવાદ)

ક્રિકેટના આશ્ચર્યજનક રેકોર્ડસ એક બોલર પર મેચ જીતી શકાય ?

ખેલના મેદાનમાંથી

કમલેશ કંસારા

ક્રિકેટ ઈતિહાસ અજીબો ગરીબ ઘટનાઓથી ભરેલી પડી છે. કેટલીક ઘટનાઓ તો એવી હોય છે કે એની પર વિશ્વાસ મુકવો મુશ્કેલ છે. જયારે કેટલીક ઘટનાઓ એવી છે કે જે બીજી વાર થવાની ઉમ્મીદ પણ નથી હોતી.

જ્યારે એક બોલ પર બનેલા રનોએ મેચ જીતાડી દીધી. છે ને આશ્ચર્યજનક ઘટના ? કોઈ એક ટીમ માત્ર એક જ બોલ રમે અને વિપક્ષી ટીમને કેવી રીતે હરાવી શકે ? શું બીજી ટીમના ૧૧ ખેલાડીઓ ભેગા થઈને જીતવા જેટલા રન ન બનાવી શકે જેટલા કે પહેલી ટીમે માત્ર એક જ બોલ રમીને બનાવ્યા હોય. આ કેવી રીતે સંભવ બની શકે ? પરંતુ જાણીને આશ્ચર્ય થશે કે એ ટીમ જેણે એક માત્ર બોલ રમેલ અને એની ઉપર ૨૬૮ રન બનાવી દીધા હતા. અર્થાત ૧ બોલ પર ૨૬૮ રન આ એક વિચિત્ર વાત લાગે છે પણ વિશ્વાસ તો કરવો જ પડશે.

આ ઘટના ૧૮૯૩-૯૪ ની છે. ઓસ્ટ્રેલિયામાં રમાતી ઘરેલુ ટુર્નામેન્ટમાં વિકટોરીયા અને સ્કેચ ઈલેવન વચ્ચેની મેચ હતી. આ અનોખી મેચનો અહેવાલ ઈંગ્લેન્ડની ખેલપત્રિકામાં પણ છપાયો હતો. એ વખતે બેટસમેન ૧ બોલ પર કેટલા રન દોડી શકે છે ?

ખેલપત્રિકા અનુસાર વિકટોરીયાના એક બેટસમેને ઈનીંગ્સની પ્રથમ બોલ પર જ એક જોરદાર ફટકો લગાવ્યો. આ ફટકાથી બોલ મેદાનમાં આવેલ એક વૃક્ષની ડાળીઓ વચ્ચે ફસાઈ ગયો. બસ પછી તો પુછવાનું જ શું ? મેદાન પર ક્રીઝ પરના બેટસમેનોએ રન લેવા માટે દોડવાનું શરૂ કર્યું. જોકે બોલ વૃક્ષની ડાળીઓ વચ્ચે ફસાયો હતો એટલે મેદાન પરના અમ્પાયરો બંને બેટસમેનોને રન લેતા અટકાવી ન શકે. બોલ વૃક્ષ પર ચોખ્ખી દેખાતી હતી અને કોઈ એવો નિયમ પણ બન્યો નહોતો કે જેનાથી બેટસમેનોને રન લેતા રોકી શકાય.

બોલ પાછો મેળવવાની કોઈ જ સંભાવના ન દેખાતા એમ્પાયરે ગ્રાઉન્ડસમેનને વૃક્ષ કાપવાને માટે કહ્યું પરંતુ એમાં કોઈ જ સફળતા ન મળી અને બીજી એક આશ્ચર્યજનક વાત એ હતી કે,વૃક્ષમાં ફસાયેલ દડાને પથ્થરો દ્વારા નિશાન લગાવીને નીચે પાડવાની પણ કોશીશ કરવામાં આવી. બોલ માટે રાયફલ પણ મંગાવી અને ઘણાં જ પ્રયત્નો બાદ બોલ વૃક્ષ પરથી જમીન પર પડી એને કોઈપણ ખેલાડી કેચ પણ ન કરી શકયો અને તે સમય સુધી બંને બેટસમેનોએ ક્રીઝ પર દોડીને ૨૬૮ રન બનાવી દીધા હતા.

સાવ એક બોલ પર બનેલ રનોના આધાર પર જ વિકટોરીયાએ પોતાની ઈનીંગ્સ ડીકલેર્ડ કરી. વિપક્ષી ટીમ ૧ બોલ પર આટલા બધા રનો ન બનાવી શકી એટલે તે ટીમ મેચ હારી ગઈ.

સૌથી હેરાન થવા જેવી વાત એ હતી કે આ ઘટના ઓસ્ટ્રેલિયાની જ છે પરંતુ એની ખબર સૌથી પહેલા ઈંગ્લેન્ડ (લંડન)ની 'પાલમાલ ગેઝેટ' નામની પત્રિકામાં ખેલ કોલમમાં છપાઈ હતી.

આ પત્રિકામાં આ ખબર ૧૫ જાન્યુઆરી ૧૯૮૪ ના રોજ છપાઈ હતી. જ્યારે આ પત્રિકાની સ્થાપના ૭ ફેબ્રુઆરી, ૧૮૬૫ માં થઈ હતી. એટલે આ ખબર છપાઈ તે પહેલાથી આ પત્રિકાનું પ્રકાશન થતું હતું. એટલે આ ખબરને કોઈ ખોટી ન કહી શકે. મજાની વાત તો એ છે કે ઓસ્ટ્રેલિયામાં આ ઘટનાની ખબર ૨ માર્ચ ૧૮૯૪ ના રોજ એક પત્રિકાના લેખક સમરવીલે ગીબની એ લખ્યું હતું કે, 'નિઃસંદેહ આ વરસ એક બોલ પર મારવામાં આવેલ સૌથી મોટો ફટકો ૯૩ રનનો બનેલો છે. ૨૬ મે ના રોજ સાઉથ લંડનમાં કૈબરવેલ એલબીઓન અને પૈખમ પુશર્સની વચ્ચે મેચ ચાલી રહી હતી. એલીબીઓનના ૧૨૯ રનના સ્કોરની સામે જીતવા માટે ૧૩૦ રન બનાવવાના હતા.રમતની માત્ર ૫૫ મીનીટ જ બાકી હતી અને મેચ ડ્રોમાં જાય તેવી શકયતા વધુ હતી.પૈખમ પુશર્સના ઓપનીંગ બેટસમેન જે.એચ.બ્રાઉન ઈનીંગ્સની પ્રથમ બોલ પર તેજ ફટકો માર્યો. આ વખતે પણ બોલ મેદાનમાં ઉગેલ એક વૃક્ષની ઉપર બનેલા મોટા માળામાં જઈને પડયો. જો કે બોલ દેખાતો હતો. એટલે મેદાન પરના અમ્પાયરોએ બેટસમેનોને રન લેતા ન અટકાવ્યા. જયારે બોલ મળ્યો ત્યાં સુધીમાં તો તે બ્રાઉન અને એના સાથી બેટસમેનએ આર્ચરે દોડીને ૯૩ રન બનાવી લીધા. પ્રથમ જ બોલ પર મળેલી આવી સારી શરૂઆતનો પુશર્સે ફાયદો ઉઠાવ્યો અને મેચ ૪ વિકેટોથી જીતી લીધી.

આ ઉપરાંત પણ સોલોમન આઈસલેન્ડમાં રમાયેલ એક મેચમાં બદલ નદીમાં પડતાં બેટસમેનોએ મેદાનમાં ક્રીઝ પર દોડીને ૫૬ રન બનાવ્યા હતા.

બીજી એક ઘટનામાં બીકોન હીલ ગ્રાઉન્ડ પર બોલ પહાડની નીચે જવાના કારણે સસેકસના બેટસમેનોએ ૬૭ રન બનાવ્યાનો પણ ઉલ્લેખ મળે છે.

શું નિયમ હતો એ સમયે ?: ક્રિકેટના નિયમ ૨૦ પ્રમાણે એવું કહેવાય છે કે બોલ ખોવાયેલ હોય ત્યારે એવું માનવામાં આવે છે કે બોલ પ્રાપ્ત નહીં થાય ત્યારે અથવા તો બોલ પાછો મેળવી શકાય ત્યારે બેટસમેનો ૧ બોલ પર જેટલા રન બનાવવા હોય તેટલા તેઓ બનાવી શકે છે. આ નિયમનો ફાયદો ઉઠાવીને બેટસમેનો ૧ બોલ પર વધુને વધુ રન બનાવતા હતા. ત્યારબાદ આ નિયમમાં ફેરફાર કરવામાં આવ્યો હતો.

આ રેકોર્ડ બની તો ગયા પણ એનું તુટવું લગભગ અસંભવ જ છે. કારણ કે આજે ક્રિકેટના નિયમો બદલાઈ ગયા છે. આજના નિયમાનુસાર એક બોલ પર બેટસમેન વધુમાં વધુ ૩ કે ૪ રન જ મેળવી શકે છે. ઓવર થ્રો કે પેનલ્ટીની સ્થિતિમાં આટલા બધા રન કરવા ખુબ જ મુશ્કેલ છે. એટલે ભુતકાળમાં થયેલા એક બોલ પરના રનનો રેકોર્ડ અતુટ રહેશે.

-કમલેશ કંસારા

ક્રિકેટ શ્રેણીનો વિસ્તૃત કાર્યક્રમ

ટર્નીંગ પોઈન્ટ

ત્રણ ટેસ્ટ, છ વનડે મેચો, ત્રણ ટ્વેન્ટી મેચ રમાશે

જેની ઉત્સુકતાપૂર્વક કરોડો ક્રિકેટ પ્રેમીઓ રાહ જોઈ રહ્યા હતા તે ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની પ્રથમ ટેસ્ટ મેચ શરૂ થઈ છે. પ્રવાસી ભારતીય ટીમ જીતના સિલસિલાને આગળ વધારી દેવા માટે તૈયાર છે પરંતુ વિદેશી મેદાન પર શાનદાર દેખાવ કરવા માટે ટીમ ઈન્ડિયા સામે પડકાર દેખાઈ રહ્યા છે. ભારત અને આફ્રિકા વચ્ચે પહેલા ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણી રમાયા બાદ વનડે મેચો રમાશે. છેલ્લે ટ્વેન્ટી મેચો પણ રમાનાર છે. બન્ને દેશો વચ્ચે રમાનાર ટેસ્ટ, વનડે અને ટ્વેન્ટી મેચોનો કાર્યક્રમ નીચે મુજબ છે.

૯-૧૩ જાન્યુઆરી : સેન્ચ્યુરિયનમાં બપોરે ૧.૩૦થી બીજી ટેસ્ટ મેચ

૨૪-૨૮મી જાન્યુઆરી : જ્હોનિસબર્ગમાં ૧.૩૦ વાગ્યાથી ત્રીજી ટેસ્ટ મેચ

પહેલી ફેબ્રુઆરીના દિવસે ડર્બનમાં ૪.૩૦ વાગ્યાથી પ્રથમ વનડે

૪થી ફેબ્રુઆરીના દિવસે સેન્ચુરિયનમાં બપોરે ૧.૩૦ વાગ્યાથી બીજી વનડે

૭મી ફેબ્રુઆરીના દિવસે કેપટાઉનમાં ૪.૩૦ વાગ્યાથી ત્રીજી વનડે

૧૦મી ફેબ્રુઆરીના દિવસે જ્હોનિસબર્ગમાં ૪.૩૦ વાગ્યાથી ચોથી વનડે

૧૩મી ફેબ્રુઆરીના દિવસે પોર્ટએલિઝાબેથમાં ૪.૩૦ વાગ્યાથી પાંચમી વનડે

૧૬મી ફેબ્રુઆરીના દિવસે ૪.૩૦ વાગ્યાથી સેન્ચુરિયનમાં છ્ઠી વનડે

૧૮મી ફેબ્રુઆરીના દિવસે સાંજે છ વાગ્યાથી જ્હોનિસબર્ગમાં પ્રથમ ટ્વેન્ટી

૨૧મી ફેબ્રુઆરીના દિવસે સેન્ચુરિયનમાં ૯.૩૦ વાગ્યાથી બીજી ટ્વેન્ટી

૨૪મી ફેબ્રુઆરીના દિવસે કેપટાઉનમાં ૯.૩૦થી ત્રીજી ટ્વેન્ટીક્રિકેટ શ્રેણીનો વિસ્તૃત કાર્યક્રમત્રણ ટેસ્ટ, છ વનડે મેચો, ત્રણ ટ્વેન્ટી મેચ રમાશે

અન્ડર-૧૯ વર્લ્ડકપમાં બે ભારતીય અમ્પાયરનો સમાવેશ

૧૪મી જાન્યુઆરીથી ન્યૂઝીલેન્ડમાં યોજાનાર અન્ડર ૧૯ના વર્લ્ડકપમાં ફરજ બજાવવા માટે નીમાયેલા ૧૪ સત્તાવાર અમ્પાયરની યાદીમાં બે ભારતીય અમ્પાયર અનિલ ચૌધરી અને સી. કે. નંદનનો પણ સમાવેશ કરાયા છે. એવી જાહેરાત આઈસીસીએ કરી હતી.

આ વર્ષના અન્ડર ૧૯ના વર્લ્ડકપમાં કામગીરી બજાવનાર અમ્પાયરમાં રોબર્ટ બેઈલી, ગ્રેગરી બ્રેથવેઈટ, અનિલ ચૌધરી, નાઈગલ ડુગુડ, શોન જ્યોર્જ, શોન હેગ, માર્ક હોવથોર્ન, રેનમોર માર્ટિનેઝ, સી. કે. નંદન, અહેસન રાઝા, શોઝબ રાઝા, ટિમોથી રોબર્ટ રોબિનસન, લેન્ગટન રુસર્વ અને પોલ વિલ્સનનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, આઈસીસી ડેવલપમેન્ટ પેનલના ડેવિડ ઓડિહેમ્બો, બુદ્ધિ પ્રધાન અને ઈયાન રમેજ પણ સ્પર્ધામાં ફરજ બજાવશે. આઈસીસી મેચ રેફરીઓની એલિટ પેનલના જેફ ક્રોવ તથા આઈસીસી મેચ રેફીઓની આંતરરાષ્ટ્રીય પેનલના દેવદાસ ગોવિંદજી તથા ગ્રેએમ લા બ્રૂય પણ કામગીરી બજાવશે. સ્પર્ધાના નોક આઉટ તબક્કાની મેચો માટેના અમ્પાયર અને રેફરીઓની ટીમ નક્કી થયા પછી નિમણૂક કરાશે.

વેસ્ટ ઈન્ડીઝ પોતાના ગઈ વેળાના વિજેતાપદને જાળવી રાખવાના અને પાકિસ્તાનની બરોબરી કરવાના પ્રયાસમાં રમશે. પાકિસ્તાને ૨૦૦૪ અને ૨૦૦૬માં ઉપરાઉપરી આ સ્પર્ધા જીતી હતી.

ઓસ્ટ્રેલિયા અને ભારતે આ સ્પર્ધાનો તાજ ત્રણ વાર જીત્યો છે. અન્ય વિજેતાઓમાં ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ છે. ૧૬ ટીમની આ સ્પર્ધામાં ડિફેન્ડિંગ ચેમ્પિયન વેસ્ટ ઈન્ડીઝ અને આયોજક ન્યૂઝીલેન્ડ વચ્ચે આરંભિક મેચ ઓવલ ખાતે રમાશે.

દુનિયાનો સૌથી કંજૂસ ભારતીય બોલર, જેણે સતત ૨૧ ઓવર મેઈડન ફેંકીને રેકોર્ડ સર્જ્યો

ક્રિકેટની રમતમાં હંમેશાં બોલરની સરખામણીએ બેટ્સમેનને વધુ મહત્ત્વ આપવામાં આવ્યું છે. બોલર્સની સરખામણીએ બેટ્સમેનોએ વધુ રેકોર્ડ બનાવ્યા છે. ખાસ કરીને ટી-૨૦ ક્રિકેટના આગમન પછી તો બોલરની હાલત પહેલાં કરતાં પણ વધુ ખરાબ થઈ ગઈ છે, પરંતુ દુનિયામાં હજુ પણ કેટલાક એવા બોલર છે, જેઓ બેટ્સમેનો પર પોતાનો કાબૂ જમાવી શકે છે. ભારતીય ટીમમાં ભુવનેશ્વરકુમાર અને જસપ્રીત બૂમરાહ જેવા બોલર આવવાથી ટીમને એક અલગ જ ઓળખ મળી છે.આજે તમને અહીં એક બોલર અંગે જણાવવાનું છે, જેમણે સતત ૨૧ ઓવર મેઈડન ફેંકીને વર્લ્ડ રેકોર્ડ સર્જ્યો હતો. આ રેકોર્ડ આજે પણ ઈતિહાસનાં એ પાનાંમાં નોંધાયેલો છે, જે કદાચ જ કોઈ તોડી શકે. ૧૯૬૫માં ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમ ભારતના પ્રવાસે આવી હતી. ભારતે એ મેચમાં પહેલી બેટિંગ કરતાં ૫૫૭ રનનો સ્કોર બનાવ્યો, જેના જવાબમાં ઈંગ્લેન્ડની ટીમે પોતાની ઈનિંગ્સ ઘણી ધીમી રમવાનું શરૂ કર્યું અને અંતે મેચ ડ્રોમાં પરિણમી.મેચના બીજા દિવસની રમત પૂરી થઈ ત્યારે ઈંગ્લેન્ડે બે વિકેટે ૬૩ રન બનાવ્યા હતા. જ્યારે ત્રીજા દિવસની રમત શરૂ થઈ ત્યારે ભારત તરફથી બાપુ નાડકર્ણીએ બોલિંગની જવાબદારી સંભાળી. નાડકર્ણી પોતાની બોલિંગથી ઈંગ્લેન્ડના બેટ્સમેનોને બાંધી રાખવામાં સફળ રહ્યા. ઈંગ્લેન્ડે મેચના ત્રીજા દિવસે પોતાનો સ્કેર બે વિકેટે ૬૩ રનથી આગળ ધપાવ્યો, પરંતુ ઘણા સમય સુધી તેમના ખાતામાં રન આવ્યા જ નહીં. આનું કારણ હતું નાડકર્ણીની બોલિંગ.

ઈંગ્લેન્ડની ત્રીજી વિકેટ ૧૧૬ રનના સ્કોર પર પડી, પરંતુ એ દરમિયાન નાડકર્ણીએ સતત ૨૧ ઓવર મેઈડન ફેંકીને એક વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે નોંધાવી દીધો હતો. બાપુ નાડકર્ણીએ એ મેચમાં કુલ ૨૯ ઓવર બોલિંગ કરી, જેમાં તેમણે ૨૬ ઓવર મેઈડન ફેંકીને ફક્ત ત્રણ જ રન આપ્યાહતા, જોકે બાપુને એ ઈનિંગ્સમાં કોઈ વિકેટ મળી નહોતી.

ડીસા પાલિકા ...

પાના નં .૧ ચાલુ

પ્રવીણ માળી, ચીફ ઓફિસર જીગર પટેલ, દબાણ અધિકારી મનોજભાઈ પટેલ સહિત અધિકારીઓએ સ્થળ નિરીક્ષણ કર્યુ હતું. જયારે આ જગ્યાની આજુબાજુ મુસ્લિમ સમાજનું કબ્રસ્તાન, મસ્જિદ અને છબિલ ની જગ્યા આવેલી હોવાથી ભવિષ્યમાં કોઈ વિવાદ ન થાય તે માટે પાલિકાના પ્રમુખ અને અધિકારીઓએ મુસ્લિમ સમાજના કોર્પોરેટરો તેમજ આગેવાનો સાથે પણ ચર્ચા વિચારણા કરી હતી.

આ અંગે ડીસા નગરપાલિકાના પ્રમુખ પ્રવીણ માળીના જણાવ્યા મુજબ પાલિકા દ્વારા રાજપુર ગવાડી ત્રણ રસ્તા પરની ખુલ્લી જગ્યામાં ૪ એકર જમીનમાં બગીચો અને ૪ એકર જમીનમાં સોલાર પાર્ક સ્થાપવામાં આવશે. સોલાર પાર્કનાં કારણે જે વીજળી ઉત્પન્ન થશે તેનાથી પાલિકાની વર્ષે ૩.૫ કરોડ નો લાઈટબિલમાં ફાયદો થશે. નગરપાલિકા રૂપિયા ચાર કરોડના ખર્ચે આકાર પામનારા બંને પ્રોજેક્ટનો સીધો લાભ ડીસા નગરપાલિકાના વોર્ડ નંબર ૮, ૯ અને ૧૧ ના લોકોને વધુમાં વધુ લાભ મળશે.

અંકલેશ્વરની ...

પાના નં .૧ ચાલુ

આ બાબતની તેમના કુટુંબીજનોને જાણ થતા તેમના કુટુંબીજનો તાત્કાલિક જયાબેન હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. આ અંગે જીઆઈડીસી પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે આકસ્મિક મોત અંગેનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બાદરપુરા...

પાના નં .૧ ચાલુ

મળી અપહરણકાર ને રાણીવાડાથી ઝડપી પાડ્યો હતો. અને બાળકીને પણ તેની ચૂંગાલમાંથી હેમખેમ છોડાવી પરિવાર ને સોંપી હતી. જ્યારે આ આરોપીની પૂછપરછ કરતા તેણે દુષ્કર્મ આચરવાના ઈરાદે ફૂલ જેવી કોમળ બાળકીનું અપહરણ કર્યું હોવાનું જણાવતા ખુદ પોલીસ પણ ચોંકી ઉઠી હતી.

વડગામ તાલુકાના ...

પાના નં .૧ ચાલુ

દ્વારા સમજાવવામાં આવ્યા હતા છતાં ઉપરોક્ત પરિવારો રસી પીવડાવવા સહમાત નહી થતાં ગઈકાલ તારીખ ૧૦/૧/૨૦૧૮ બુધવારે વર્લ્ડ હેલ્થ આર્ગોનાઈઝેશનની ટીમ હસનપુર ગામે દોડી આવી હતી. તા.વિકાસ અધિકારી ઉષાબેન જોષી, તા.આરોગ્ય અધિકારી ડાૅ.વી.એ ગઢવી તથા જિલ્લા તાલુકાના આરોગ્યના અધિકારીઓ એ રસ્ત પીવડાવવાના ફાયદા વિશે પરિવારોને સમજાવ્યા હતા.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ હસનપુર ગામે દાણ બનાવવાની ફેકટરી વર્ષોથી કાર્યરત છે જેમાં રાજસ્થાન પ્રાંતના મીર પરિવારો કામ કરે છે અને તેઓના ૧૭ ભૂલકાંઓને રસી પિવડાવવાની મનાઈ કરતાં તંત્ર દોડતું થયું છે.

પદ્માવત ફિલ્મ...

અનુસંધાન ૨ નુ ચાલુ..

ગુજરાત સરકારે પણ વિધાનસભા ની ચૂંટણી પૂર્વે ગુજરાતમાં ફિલ્મ પર પ્રતિબંધ મૂક્યો હતો. ત્યારે ચૂંટણી બાદ સરકાર આ ફિલ્મ રિલીઝ ના મુદ્દે મગ નું નામ મરી પાડવા તૈયાર નથી. ત્યારે ગુજરાત સરકાર ને બુધવારે ગુજરાત મહાકાલ સેના ના અગ્રણી ક્રિપાલસિંહ ચાવડા ની આગેવાની માં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સ માં ખુલ્લું અલ્ટીમેટમ આપતાં જણાવ્યું હતું કે, જો સરકાર ૧૧ દિવસ માં પદ્માવત ફિલ્મ પર પ્રતિબંધ નહિ મૂકે તો આગમી ૨૨ મી જાન્યુઆરી એ ગાંધીનગર સ્થિત ભાજપ ના પ્રદેશ કાર્યાલય કમલમ નો મહાકાલ સેના અને અન્ય સંગઠનો ઘેરાવો કરશે. ત્યારે આ કાર્યક્રમ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ બનશે તેની સંપૂર્ણ જવાબદારી સરકાર ની રહેશે તેવી ચેતાવણી પણ આપવામાં આવી હતી. આ પ્રસંગે ગુજરાત મહાકાલ સેનાના ક્રિપાલસિંહ ચાવડા, વિજયસિંહ ચાવડા તથા બળવંતસિંહ રાઠોડની સાથે અલગ અલગ જિલ્લા ના મહાકાલ સેના ના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અર્બુદા માધ્યમિક...

અનુસંધાન 3 નુ ચાલુ..

એવા જ સાધક ચંદુભાઈ પટેલ અગ્રગણ્ય વેપારી, ભારત વિકાસ પરિષદના મહામંત્રી જયેશભાઈ દેસાઈ, નાથાલાલ બ્રહ્મક્ષત્રિય તથા અન્ય સાધક ભાઈઓ-બહેનોની ટીમ બનાવીને શાળા-મહાશાળાઓમાં સોસાયટીઓમાંકે, શેરીઓ-મહોલ્લાઓમાં જઈને ભારતીય સંસ્કૃતિની વાતો દ્વારા બાળકોમાં સંસ્કાર ઘડતર, વિનમ્રતા, વિવેક, માતા-પિતા તથા ગુરૂજીનું પૂજન દેવ-દર્શન, સૂર્યને જળ ચઢાવવું, તુલસીનાં છોડનું પૂજન કરવું તથા ગીતા રામાયણ મહાભારત, ભાગવાત જેવા ગ્રંથોમાંથી જ્ઞાન મેળવીને જીવન ઉન્નત બનાવવાની વાતો કરતી આ સંસ્થાઓ અર્બુદા મા-શાળામાં કાર્યક્રમ આપ્યો ત્યારે શાળાના પ્રબુધ્ધ આચાર્ય વસંતભાઈ તથા સંગીતવૃંદે મીઠો આવકાર આપ્યો હતો.

ડીસા સાંઈબાબા...

અનુસંધાન 3 નુ ચાલુ..

ભાગવત કથા આયોજક કમિટિના સર્વ વિજયભાઈ મહેતા, માયાબેન કેટક (વકીલ), ડો. ગોવિંદભાઈ લીબાચીયા, અમરતભાઈ કે.ઠક્કર (મામા), રમેશભાઈ પંચાલ, શ્રીમતી ચારુબેન એ.ઠક્કર, ચંદુભાઈ ઠક્કર, ચીરાગભાઈ મહેતા, આનંદભાઈ મહેતા, ચમનજી ઠાકોર, કેતનભાઈ ઠક્કર, વેલાભાઈ નાઈ, હર્ષદભાઈ પટેલ, અંકિત મહેતા, વિક્રમ લીંબાચીયા, યોગેશ ઠક્કર તેમજ ડીસા સત્સંગ કેન્દ્રના સૌ ભાઈ - બહેનો ખૂબ જ નિષ્ઠાપૂર્વક મહેનત કરીને સમગ્ર આયોજનને સફળ બનાવી રહેલ છે. પૂજ્ય બાઈ શ્રી કરૂણામૂર્તિજી ખૂબ જ નાની ઉંમરે ભાગવતકથાના માધ્યમથી ખૂબ જ ઉંચા, સારા, સંસ્કારલક્ષી, સાંસ્કૃતિલક્ષી વિચારોનું પ્રસારણ કરી તેમની દિવ્યવાણીથી સુમધુર ભાગવતકથા દ્વારા અનેકજનોને જીવનલક્ષી ભાથું પુરું પાડી રહેલ છે. તા. ૧૨/૧/૨૦૧૮ ને શુક્રવારે કથા વિરામ પામનાર છે. પ્રથમ દિવસે જલારામ મંદિરથી પોથીયાત્રા શરૂ થઈ સાંઈબાબા મંદિર પહોંચી હતી. અનેક દાતાઓના અભૂતપુર્વ સહયોગથી ભાગવતકથામાં ખૂબ મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટતાં સમગ્ર આયોજક સમિતિએ પણ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

રવિવારે સૂર્ય...

અનુસંધાન 3 નુ ચાલુ..

અક્ષય તંદુરસ્તી ધન-ધાન્ય પ્રાપ્ત થાય છે. મીથુન રાશિ (ક.છ.ઘ) જાતકો એ ઉત્તરાયણના દિવસે ખાસ શિવપૂજન કરવી સૂર્ય-મકર રાશિ.પ્રવેશની કુંડલી જોતા કર્કનો રાહુ(ચોથે) મેષ લગ્ન લગ્નેથી મંગળ ગુરૂ સાથે છે. સૂર્ય કેતુ દસમે છે. જેના કારણે મોંઘવારી વધે. સત્તાધિકારી પક્ષમાં આંતરીક ખેંચતાણ થાય કેબીનેટમાં ખાતા સુધાર ફેરફાર થાય. નવા નેતાઓના ઉદય થાય. અનુજાતિ જન્મજાતિ ગરીબો માટે સરકાર લાભદાઈ યોજનાની જાહેરાત કરશે. સરહદો ઉપર આંતકવાદીઓનો પ્રવેશ ન થાય તે સારૂ કડક પગલાં લેવાશે-પૂર્વ ઉત્તર તરફ ધરતીકંપની અસર દેખાય ખેડૂતો માટે ચોમાસું ખુબ જ સંતોષ કાકર રહે છે. વરસાદ સારો થશે-રાષ્ટ્રીય નેતાઓની તંદુરસ્તી જાળવવા સલાહ છે. મકરસંક્રાતિ રાશિ ફળ નીચે પ્રમાણે મળશે.

લાખણી તાલુકાના...

પાના નં .૮ ચાલુ

નિષ્ઠા અને કામ જોઈને અમદાવાદમાં કામ મળ્યું અને અમદાવાદ સહિત અડધા ગુજરાતમાં કાપડ વેચવા ફરવા લાગ્યા તેમના કામને લઈને દુકાન માલિક પણ સંતુષ્ટ બન્યો અને તેમને ધંધામાં અમુક ટકાની હિસ્સેદારી આપવાની તૈયારી દર્શાવી પરંતુ તેમના મનમાં પોતાનાં દમ અને નામ ઉપર વિશ્વાસ હોવાથી અલગ જ સંકલ્પ હતો પરંતુ વેપાર ધંધો કરવા પૈસાની જરૂરીયાત હોવાથી તેમને એ શક્ય ન હોવાથી અમદાવાદ જ્યાં નોકરી કરતા હતા ત્યાં દુકાન માલિક સાથે રાજી ખુશીથી છૂટા થઈને પોતાના હિસાબના રૂપિયા લઈને છૂટા પડ્યા અને આણંદ ખાતે રોડ ઉપર પ્લાસ્ટિક પાથરીને કટલરી અને કાપડ વેચવાનું શરૂ કર્યું. લક્ષ્મણભાઈની મહેનત અને ધગશ જોઈ આણંદમાં મારૂતિ ફર્નિચરનો શો રૂમ ધરાવતા ભરતભાઈ ખરાદી ના મનમાં થયું કે આ છોકરો કંઈક કરશે. અને તેમણે લક્ષ્મણભાઈને ધંધામાં બનતી મદદ કરી લક્ષ્મણભાઈ ની પ્રામાણિકતા ના કારણે તેમનો વેપાર ધંધો વધવા લાગ્યો અને ધીમે ધીમે તે વટવૃક્ષ બની ગયો અને આજે આણંદમાં તેમના એક એકથી ચડિયાતા અને આધુનિક ૭ જેટલા શો રૂમ કાર્યરત છે જેમાં ૬૦ થી વધારે લોકો કામ કરી રહ્યા છે તેમના શો રૂમની મુલાકાત લેવામાં રાજકારણી ફિલ્મ અભિનેતા અભિનેત્રીઓ અને પ્રતિષ્ઠિત લોકો આવી રહ્યા છે. લક્ષ્મણભાઈના ભાઈ ભરત અને રામ પણ તેમની સાથે ખભેખભો મિલાવીને ધંધામાં સહયોગ આપી રહ્યા છે. આમ રામ લક્ષ્મણ અને ભરતની જોડીએ આણંદમાં બિઝનેસમેન તરીકે ગામનું તથા જિલ્લાનું નામ રોશન કર્યું છે તેમની વિશેષતા રહી છે કે કરોડોનું સામ્રાજ્ય ઊભું કરવા છતાં તેમનો ભૂતકાળ અને ગરીબાઈ ભૂલ્યા નથી અને પોતાના વેપાર ધંધાનો દસમો ભાગ સેવાના કામ માટે વાપરી રહ્યા છે. અને વતનનું ઋણ અદા કરવા પણ લાખણી વિસ્તારના ૫૫ જેટલા યુવાનોને રોજગારી પણ આપી છે.

આજે પણ તેઓ ગણતા ગામમાં પંદર દિવસે આવીને માતા પિતા સાથે રહે છે અને કોઈ જરૂરિયાતમંદ વ્યક્તિને અને તેના પરિવારને યથાશક્તિ મદદરૂપ પણ બની રહ્યા છે. એમનું સપનું છે કે તેમનું ગામ વિકસીત ગામ અને સ્વચ્છ ગામ અને શિક્ષિત ગામ બને અને યુવાનોને રોજગારી મળે એના માટે તેઓ સતત પ્રયત્નશીલ રહે છે. આજે પણ વર્ષમાં એક વાર પોતાના વતનમાં ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમ થકી સેવાનું કામ કરી રહ્યા છે.

શૂન્યમાંથી સર્જન કરી સફળતાના શીખરો સર કરનાર લક્ષ્મણભાઈ રાજપૂતે જણાવ્યું હતું કે હું મારો ભૂતકાળ ભૂલ્યા વગર કામ કરી રહ્યો છું અને દરેક યુવાનોને એક સંદેશ પણ આપું છું કે તમે કોઈ પણ પરિસ્થિતિમાં હો કે નિરાશ થયા વગર ખંતથી કામ કરતા રહો સફળતા જરૂર મળશે.

ગુજરાત ફૂડ એન્ડ...

પાના નં .૮ ચાલુ

પડે તો કાયદા પ્રમાણે જેલ સુધીની કડક સજાની જોગવાઈ પણ છે . દૂધના સેમ્પલોનો ટેસ્ટ આધુનિક એટોમેટીક મશીનથી કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે દૂધ સંપૂર્ણ આહાર છે એટલું જ નહી પરંતુ આપણા ત્યાં દૂધને સાત્વિક આહાર તરીકે ગણવામાં આવે છે. આપણે જીવનના વિવિધ પ્રસંગોમાં વિવિધ તબક્કે અલગ અલગ રીતે દૂધ અને દુધની બનાવટોનો ઉપયોગ કરતાં હોઈએ છીએ. જેવા કે નાના બાળકો અને અબાલ વૃદ્ધો કે બિમાર વ્યક્તિના ખોરાક તરીકે, સામાજિક પ્રસંગો અને પૂજામાં કે લગ્ન, મૃત્યુ કે સામાજિક ઉત્સવોમાં દૂધ-દહીં, ઘી કે તેમાંથી બનતી મીઠાઈઓનો મહત્તમ ઉપયોગ કરીએ છીએ, છેલ્લા ઘણા સમયથી નૈસર્ગિક રીતે પ્રાપ્ત થતાં દૂધની સાથે અનિષ્ટ તત્વો પોતાના અંગત સ્વાર્થ ખાતર ચેડા કરી દૂધમાં યુરિયા ખાતર, માલ્ટ્રોડેકસુટ્રીન, કપડાં ધોવાનો પાવડર વગેરે ભેળવીને કૃત્રિમ રીતે દૂધ બનાવવા કે દૂધમાં ફેટ વધારવાનો પ્રયાસ કરી દૂધ વેચાણ કરતાં હોય તેવું ધ્યાન પર આવેલ છે તે બાબતે ગુજરાતની અન્ય સહકારી ડેરીઓ અને ગુજરાત સરકારના ફૂડ એન્ડ ડ્રગ કન્ટ્રોલ એડમિનિસ્ટ્રેશન દ્વારા ખૂબ જ કડક પગલાં લેવામાં આવી રહ્યા છે.

બનાસ ડેરીને દૂધ ઉત્પાદકો, દૂધ મંડળીઓ અને અન્ય સંબંધિત સૌના સાથ સહકારથી શ્રેષ્ઠ ગુણવત્તાનું દૂધ પૂરું પાડવામાં સારી સફળતા મળી છે.

ડીસા નગરપાલિકા...

પાના નં .૮ ચાલુ

જોષી, ગણપતજી કચ્છવા, કિશોરજી સાંખલા, દીલીપભાઈ પટેલ સહિત સૌ સહયોગી કાર્યકરોએ આ સમાચાર સાંભળી નગરપાલિકા પ્રત્યે ઋણસ્વીકારવાની લાગણી વ્યક્ત કરેલ છે. ડીસા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ માળીના જણાવ્યાનુસાર ટુંક સમયમાં જ બંન્ને સ્મશાનભૂમિ ખાતે સરકારી નીતિનિયમોનુસાર કામગીરી શરૂ થનાર છે. ડીસા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ માળી અને એમની ટીમ દ્વારા ડીસા નગરમાં અનેક લોકાભિમૂખ કામો થઈ રહેલ છે ત્યારે સ્મશાનભૂમિમાં પણ સુધારાત્મક કામગીરી માટે વિશેષ ધ્યાન આપતા ડીસા નગરમાં આનંદની લાગણી પ્રસરેલી છે.

રાધનપુર તાલુકાના...

પાના નં .૮ ચાલુ

પામ્યું હતું.ગામના સરપંચ વાલાભાઈ જેવતભાઈ ચૌધરીના જણાવ્યા મુજબ એક મહિના પહેલા જ આ કેનાલ બની છે અને કેનાલ બનાવી ત્યારે જે માટીનું દબાણ કેનાલની આજુ-બાજુ કરવું જોઈએ તે કર્યું નથી કે રોલર પણ ફેરવવામાં નથી આવ્યું , માત્ર સિમેન્ટ લીપી દેવામાં આવી છે, જેના કારણે આ કેનાલ તૂટી જવા પામી છે અને ખેડૂતોને લાખો રૂપિયાનું નુકશાન થવા પામ્યું છે.ખેતરોમાંથી પાણી કાઢવા માટે હાલમાં ફાઈટર મશીનો લગાવવામાં આવ્યા છે.જો કે જીરાનો પાક બચાવવો મુશ્કેલ છે.

પદ્માવતી ફિલ્મના...

પાના નં .૮ ચાલુ

હંગામો કરી આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવાની પણ ચીમકી આપી હતી.

ફિલ્મ પદ્માવતી માં રજપુત સમાજની લાગણી દુભાઇ હોવાના મુદ્દે દેશભરમાં પદ્માવતી ફિલ્મ રિલીઝ કરવા સામે આંદોલન થતા સરકાર દ્વારા પદ્માવતી ફિલ્મ પર પ્રતિબંધ મુકાયો હતો .જોકે ફિલ્મના ગીતો હિટ થયા હોઇ તેમજ ફિલ્મનું ઘુમર નૃત્ય ખુબજ ધૂમ મચાવતું હોઇ આગામી પ્રજાસત્તાક દિન નિમિત્તે યોજાનારા સાંસ્કૃતિક પ્રોગ્રામોમાં આ ગીત પર શાળાઓ કોલેજો મા નૃત્ય સ્વરૂપે રજુ કરવામાં આવે તેવી સંભાવના હોઇ રજપુત સમાજ દ્વારા ઘુમ્મર ઘુમ્મર નૃત્યની પ્રસિદ્ધિ સામે પણ અવાજ ઉઠાવવામાં આવ્યો છે. જેમાં બુધવારે ડીસા ખાતે કરણી સેના દ્વારા જાગીરદાર ક્ષત્રિય સમાજના યુવા અગ્રણી કિશનસિંહ વાઘેલા,કરણી સેનાના પ્રમુખ રામસિંહ વાઘેલાની આગેવાની હેઠળ રેલી યોજી નાયબ કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવાયું હતું કે, ફિલ્મમાં રજપુત સમાજની લાગણી દુભાઇ હોવાથી ફિલ્મનું ઘુમર નૃત્ય કોઈપણ પ્રકારના કાર્યક્રમોમાં રજૂ થવું જોઈએ નહીં. ખાસ કરીને પ્રજાસત્તાક દિને યોજાતા કાર્યક્રમોમાં શાળા-કોલેજો અને અન્ય જગ્યાના ધ્વજવંદન કાર્યક્રમમાં સાંસ્કૃતિક પ્રોગ્રામ સ્વરૂપે ઘુમર નૃત્ય પ્રદર્શિત થવાની સંભાવના હોઇ તમામ શાળા-કોલેજો ને જાણ કરવી જરૂરી છે. જો ક્યાંય પણ ઘુમર નૃત્ય ગીત રજૂ થશે તો કરણી સેના આગામી સમયમાં આંદોલન કરશે.

ડીસાના નાયબ કલેકટર જીતેન્દ્ર વદરે કરણી સેનાના કાર્યકરોને તેઓની લાગણી શિક્ષણ વિભાગના અધિકારીઓ સુધી પહોંચાડવાની ખાત્રી આપી હતી.

ડીસાની બ્રાન્ચ...

પાના નં .૮ ચાલુ

શાળામાં દોડી આવી શાળાના આચાર્યને આ શિક્ષિકાને પરત મોકલ મોકલી દેવા રજૂઆત કરી હતી. વાલીઓએ આક્ષેપ કર્યો હતો કે મધુબેન પટેલ અગાઉ પણ કાટ, ગલાલપુરા ,રાજપુર સહિતની શાળાઓમાં જ્યાં નોકરી કરી છે ત્યા બાળકો સાથે, વાલીઓ સાથે અને સ્ટાફ સાથે ખૂબ જ ગેરવર્તન કરી શાળામાં અશાંતભરી પરિસ્થિતિ ઉભી કરી હતી.

ડીસામાંથી વિદેશી...

પાના નં .૮ ચાલુ

પાર્ક પાસે એક રજીસ્ટ્રેશન વગરની રીક્ષા પકડી પાડતા તેમાં દારૂ ભરેલો હતો.જેથી રીક્ષા ચાલક કાનાજી ભુરાજી પઢીયાર (રહે.માલગઢ તા.ડીસા)ને પકડી રીક્ષામાંથી વિદેશી દારૂની બોટલ નંગ-૯૪ કી.રૂ ૩૭,૬૦૦નો તથા મોબાઈલ અને રીક્ષાની કિ. રૂ.૧,૦૦,૦૦૦ એમ કુલ મુદા માલ કિ.રૂ ૧,૩૮,૧૦૦ નો ઝડપી લઇ તેના વિરુદ્ધ ડીસા શહેર ઉત્તર પોલિસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ધાનેરામાં આજે...

પાના નં .૮ ચાલુ

બાયોડેટા સાથે સવારે ૧૦ વાગે હાજર રહેવા ભારતીય જનતા પાર્ટી શહેર પ્રમુખ કાન્તિભાઈ ત્રિવેદી મહામંત્રી દશરથભાઈ મહેશ્વરી અને જબરસીંગ રાજપૂતે અખબારી યાદીમાં જણાવેલ છે.

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર(કીલોના)
ચાંદી ચોરસા ૩૯૧૦૦-૩૯૨૦૦
રૂપુ કાચું ૩૯૧૦૦-૩૯૨૦૦
સોનુ તોલો ૩૦૧૦૦-૩૦૩૦૦
તેલ બજાર
રાધે પામોલીન ૧૦૨૦
પામોલીન ૧૦૪૦
સોયા રીફાઈન ૧૩૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૧૦-૧૨૭૦
સીંગતેલ૧૫ કી. ૧૫૫૦-૧૯૨૦
સીંગતેલ ૧૫ લી.૧૫૫૦
સીગતેલ ૫ લી. ૫૦૫
તિરૂપતી કપા. ૧૨૫૦
૫ લીટર ૩૯૫
વનસ્પતિ ઘી ૧૦૬૦-૧૧૮૦
કોપરેલ ૧૫ કિલો ૩૨૦૦
૫ કે. કોપરેલ૧૧૭૦
૫લી. અંકુર સીંગતેલ ૫૦૫
૧૫ લીટર સનફલાય ૧૨૭૦
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૫૨૦
૨ લી. ૧૯૮
ચોખા-દાળ બજાર
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૭૮૦૦
હેરીટેજ દુબાર ૬૦૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પી ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૨૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
ખાંડ બજાર
(બોરીના ભાવ)
ખાંડ એસ. ૩૫૦૦-૩૫૭૦
ખાંડ એમ. ૩૫૦૦-૩૬૫૦
ખાંડએલ. ૩૭૦૦
ચા-બજાર
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
આખા મરચાં-હળદર
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ઠા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
ગોળ બજાર
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
ખોળ બજાર
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
પરચુરણ
સોજી ૭૮૦
મેંદો ૭૧૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૪૪૦૦
ખાંડ બુરૂ ૪૪૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૯૦૦-૧૧૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
શાકભાજી(૨૦ કિલોના ભાવ)
દુધી ૧૬૦-૨૦૦
સુકી ડુંગળી ૬૦૦-૭૦૦
લસણ ૩૦૦-૫૦૦
ધાણા ૩૦૦
મરચાં ૪૦૦-૬૦૦
લીંબુ ૩૦૦-૫૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૩૦૦-૪૦૦
ટામેટા ૧૪૦-૧૬૦
ભીંડા ૮૦૦-૯૦૦
કોબી ૧૮૦-૨૦૦
વટાણા ૪૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૧૦૦૦-૧૨૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૪૦
તુરીયા ૩૦૦-૬૦૦
તુવેર ૬૦૦-૮૦૦

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

હેપ્પી બર્થ-ડે પ્રકૃતિ પટેલ

નામ : પ્રકૃતિ પટેલ
પિતા : ધર્મેન્દ્ર પટેલ
માતા : તૃપ્તિ જોષી પટેલ
જ.તા. :૧૦/૦૧/૨૦૦૭
ઉ.વ.: ૧૦
પરિચય : ' રખેવાળ' દૈનિક મા દર સોમવારે સંવેદના ના ફૂલ કોલમ લખતા લેખક - પત્રકાર મનીષ જોષી "મૌન "ની ભાણેજ છે.
સરનામુ : ૨ સપ્તગિરિ સોસાયટી વિશ્વામિત્રી માજલપુર વડોદરા ૧૧મોકલનાર : મનીષ જોષી " મૌન

જન્મદિન મુબારક

નામ :...................... **પતિ/પિતા :**......................
માતા : ....**જ.તા.** ....**ઉ.વ.**
પરિચયઃ ....
સરનામુ : ....
મોકલનારની સહી : ....

ઓસ્ટ્રેલિયન ઓપન

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

આનો મતલબ એ થયો કે તે પણ ઓસ્ટ્રેલિયન ઓપનમાં રમનાર નથી. પહેલાથી જ તે પણ ઓસ્ટ્રેલિયન ઓપનમાંથી ખસી જવાની જાહેરાત કરી ચુક્યો છે. ત્રણ ટોપ સ્ટાર ઓસ્ટ્રેલિયન ઓપનમાંથી ખસી ગયા બાદ આયોજકોને મોટો ફટકો પડ્યો છે. ટુર્નામેન્ટના ડિરેક્ટર ક્રેગ ટિલેને ટાંકીને આયોજકોએ ટ્વિટર પર કહ્યું છે કે, આ વખતે ઓસ્ટ્રેલિયન ઓપનમાં એક ફેવરિટ સ્ટાર અઝારેન્કા રમી રહી નથી. વર્ષ ૨૦૧૨ અને ૨૦૧૩ એમ સતત બે વર્ષે વિક્ટોરિયા અઝારેન્કા ચેમ્પિયન બની હતી પરંતુ આ વર્ષે તે રમનાર નથી. અઝારેન્કા હાલમાં તેના પુત્ર લિયોને આવરી લેતા વિવાદને લઈને વ્યસ્ત છે. ૧૯મી ડિસેમ્બરના દિવસે તેનો જન્મ થયા બાદ કસ્ટડીને લઈને વિવાદ છે.

સ્વિટ્ઝર્લેન્ડમાં સેહવાગ, આફ્રિદી,સ્મિથ બરફ પર રમશે ક્રિકેટ

ભારતનો ભૂતપૂર્વ વિસ્ફોટક ઓપનિંગ બેટ્સમેન વીરેન્દ્ર સેહવાગ, પાકિસ્તાનનો ભૂતપૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદી અને દક્ષિણ આફ્રિકાનો ભૂતપૂર્વ કેપ્ટન ગ્રીમ સ્મિથ આગામી તા. ૮ અને ૯ ફેબ્રુઆરીએ સ્વિટ્ઝર્લેન્ડમાં રમાનાર સેન્ટ મેરિઝ આઈસ ક્રિકેટમાં રમશે. આ ટૂર્નામેન્ટ સાથે નિવૃત્ત થઈ ગયેલા ઘણા મોટા ક્રિકેટર્સ અગાઉથી જોડાઈ ચૂક્યા છે.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ બાદ પણ શાહિદ આફ્રિદી સતત કોઈ ને કોઈ લીગમાં ક્રિકેટ રમી રહ્યો છે, જ્યારે સ્મિથ ગત વર્ષે ફેબ્રુઆરીમાં માસ્ટર્સ ચેમ્પિયન લીગમાં ભાગ લીધા બાદ પહેલી વાર ક્રિકેટના બરફાચ્છાદિત મેદાનમાં જોવા મળશે.

આ ટૂર્નામેન્ટમાં વીરેન્દ્ર સેહવાગ, મોહંમદ કૈફ, શોએબ અખ્તર, માહેલા જયવર્ધને, લસિથ મલિંગા, માઈકલ હસી, જેક કાલિસ, ડેનિયલ વેટોરી, નાથન મેક્કુલમ, ગ્રાન્ટ ઈલિયેટ, મોન્ટી પાનેસર અને ઓવેસ શાહ જેવા ક્રિકેટર બરફાચ્છાદિત મેદાન પર ક્રિકેટ રમતા જોવા મળશે.

ભારતની વિરૂધ્ધ બીજી ટેસ્ટમાં દક્ષિણ આફ્રિકા ટીમમાં બે ફાસ્ટર

દક્ષિણ આફ્રિકાએ ભારતની વિરૂધ્ધ ૧૩ જાન્યુઆરીથી સેચુરિયનમાં યોજાનાર બીજી ટેસ્ટ મેચ માટે બે ફાસ્ટ બોલરો ડુએન ઓલિવિયર અને લુંગી નજીડીને ટીમમાં સામેલ કર્યા છે. સ્ટેનને ઈજાને કારણે સીરીજની બહાર થઇ ગયો છે અને તેના સ્થાન પર આ બે બોલરોને ટીમમાં પસંદ કરવામાં આવ્યા છે.

ઓલિવિયર ગત વર્ષ દ. આફ્રિકા તરફથી પાંચ ટેસ્ટ મેચ રમી ચુકયો છે જયારે લુંગીએ હજુ સુધી કોઇ ટેસ્ટ મેચ રમી નથી. લુંગીએ ગત વર્ષ શ્રીલંકાની વિરૂધ્ધ આંતરરાષ્ટ્રીય ટી ટવેન્ટીમાં પર્દાપણ કર્યું હતું. ઓલિવિયરે અતિમ વખતે ગત બાંગ્લાદેશની વિરૂધ્ધ સપ્ટેમ્બર ઓકટોબરમાં.

સાહાએ વિકેટની પાછળ દસ શિકાર કરનાર પહેલા ભારતીય કીપર બન્યો

દક્ષિણ આફ્રિકાની વિરૂધ્ધ અહીં રમાઇ રહેલ ટેસ્ટ મેચમાં ભારતીય સીમરોએ દક્ષિણ આફ્રિકાના બેટસમેનોને મુશ્કેલીમાં મુકીને ટીમને ૧૩૦ રનમાં જ ઓલઆઇટ કરી દીધી છે.આ દરમિયાન વિકેટની પાછળ વિકેટકીપર રિધ્ધિમાન સાહાએ ભારતીય ક્રિકેટ ઇતિહાસમાં સૌથી મોટી સિધ્ધી હાંસલ કરી. દક્ષિણ આફ્રિકાને ૧૩૦ રન પર ઓલઆઉટ કરવાની પાછળ સાહા અને બોલરોનું મિશ્ર યોગદાન રહ્યું છે. સાહાએ વિકેટની પાછળ ધોનીના સૌથી વધુ શિકારને પાછળ પાડી આ મામલામાં ભારતનો પહેલો વિકેટકીપર બની ગયો છે. પરંતુ આ રેકોર્ડ એક ખાસ વાતને કારણે વેરી વેરી સ્પેશલવ બની ગયો છે.

સાહા પહેલા આ સિધ્ધિ પૂર્વ સુકાની મહેન્દ્રસિંહ ધોનીએ કર્યો હતો અને આ તેણે ૨૦૧૪-૧૫ના ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન મેળવી હતી. ત્યારે ધોનીએ વિકેટની પાછળ નવ શિકાર કર્યા હતાં પરંતુ સાહા ફકત કેપટાઉનમાં ધોનીથી આગળ નિકળ્યો એટલું જ નહીં પરંતુ તેણે એક એવો રેકોર્ડ કર્યો જે કોઇ પણ વિકેટકીપર માટે તોડવો સરળ રહેશે નહીં.સાહા ધોનીનો રેકોર્ડને પાર કરતા વિકેટની પાછળ શિકાર કરનાર પહેલો વિકેટકીપર બની ગયો છે આ રેકોર્ડની ખાસ વાત એ રહી હતી કે સાહાએ વિકેટની પાછળ કરેલ દસ શિકાર કેચના રૂપમાં કર્યા હતાં. હકીકતમાં મેચમાં ૧૧ કેચ લઇ સાહાને પાછળ છોડવાનું કોઇ ભારતીય વિકેટકીપર માટે સરળ રહેશે નહીં

"ફ્રીડમ" શ્રેણીમાં દક્ષિણ આફ્રીકાનો કિલ્લો તોડવો ભારત માટે અશક્ય નથી !

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ટેસ્ટ શ્રેણી શરૂ થઈ ચૂકી છે. ક્રિકેટની આ શ્રેણીને "ફ્રીડમ" નું નામ આપવામાં આવ્યુંછે. આ બંને દેશોનો સ્વતંત્રતાનો સંઘર્ષ અને ક્રિકેટની રમત પ્રત્યેના પ્રેમ ની ઉજવણી સમાન આ "ફ્રીડમ" શૃંખલા છે. ૨૦૧૮ ના નવા વર્ષ થી ભારતીય ક્રિકેટનું નવું વર્ષ શરૂ થયું છે. વિશ્વ ક્રિકેટમાં બે નંબરનોક્રમ ધરાવતી દક્ષિણ આફ્રિકાની ટીમ પ્રથમ નંબરની ભારતીય ટીમ સામે ભિડાવવાની છે. ૨૦૧૭ ના વર્ષમાં અત્યંત સફળતા હાંસલ કરનારી ભારતીય ક્રિકેટ ટીમની આ ક્રિકેટશ્રેણીમાં આકરી કસોટી થનાર છે. જુસ્સા અને જોમ સાથે ભારતીય ટીમ દશમી ટેસ્ટ શ્રેણી જીતવાના મક્કમ ઈરાદા સાથે દક્ષિણ આફ્રીકા પહોંચી છે. વિદેશી ધરતી ઉપર જીત નો સિલસિલો તેણે સ્થાપિત કરવાનો રહેશે.

દક્ષિણ આફ્રિકા ની સફર ભારતે ૧૯૯૨-૯૩ માં કરી હતી. ૨૦૦૬ અને ૨૦૧૧ માં ભારતે ત્યાં ૧ – ૧ ટેસ્ટ જીતી હતી પરંતુ દક્ષિણ આફ્રિકામાં જઇ ને એક પણ શ્રેણી જીતી શકાઈ નથી. દક્ષિણ આફ્રિકામાં ઝડપી અને ઉછાળ વાળી પિચ ઉપર ગૃહસ્થ ટીમ વધુ ખતરનાક બની જાય છે. ભારત પાસે મજબૂતાઈ થી બેટિંગ કરવા માટે ઘાસ છાયી અને લીલીછમ પિચ ઉપર દ્રઢતાથી રમવા માટે મુરલી વિજય, શિખર ધવન, ચેતેશ્વર પૂજરા, સુકાની વિરાટ કોહલીને સાથ આપવા, રોહિત શર્મા અને અંજીક્ય રાહણે તૈયાર છે. સ્વિંગ અને ઉછાળ દડા નાંખવામાં સાઉથ આફ્રિકાના ઝડપી બોલરો ફિલાન્ડર, સ્ટેન, મોર્કલ અને રબાડા, સક્ષમ અને પીચથી માહિતગાર છે. તેમના મજબૂત બોલિંગ આક્રમણ સામે ભારતીય બેટ્ધરોએ ઝઝૂમવાનું છે. આ શ્રેણી દરમ્યાન ભારતીય બેટધરોએ વિશ્વના કોઈ પણ બોલિંગ આક્રમણ નો સામનો કરવામાટે તે સક્ષમ છે તે સાબિત કરવાનું છે.

બોલિંગ માં ભારતનું આક્રમણ છેલ્લા પાંચ દાયકમાં સર્વશ્રેષ્ઠ લાગી રહ્યું છે. ૧૪૦ની સ્પીડે બોલિંગ કરી શકવાની ક્ષમતા ધરાવનાર ભુવનેશ્વર, શમી, ઉમેશ યાદવ, જશપ્રીતબૂમરા, ઈશાંત શર્મા તથા હાર્દિક પંડ્યા દક્ષિણ આફ્રિકાની ભૂમિ પર તરખાટ મચાવીને આફ્રિકન બેટધરો ઉપર કાબૂ મેળવી શકે તેમ છે. આ ઝડપી બોલરોને લાલ રંગના કુકાબૂરા બ્રાંડના બોલ થી બોલિંગ કરવી પડકાર રૂપ બનશે. આ પ્રકારના બોલ થી બોલિંગ કરવી બહુ કપરી ગણાય છે. દક્ષિણ આફ્રિકાની ટીમ ને ઓછી આંકી શકાય તેમ નથી. બેટિંગમાં સુકાની દુપ્લેસિસ, હાશિમ આમલા, ડી'વિલિયર્સ ખૂબજ શ્રેષ્ઠ બેટ્સમેનોની છાપ છોડી છે ત્યારે તેમને કાબુમાં રાખવા અશ્વિન અને રવિન્દ્ર જાડેજા સહિતની ઝડપી બોલરોની ટુકડી ને પરસેવો પડે તેમ છે.

સમગ્ર દ્રષ્ટિએ જોતાં બે બળિયા બાથે વળગ્યા જેવી પરિસ્થિતી પ્રવર્તી રહી છે ત્યારે તેમાં કોણ

આગળ નીકળી જશે તે કહેવું ખૂબજ અઘરું છે. દક્ષિણ આફ્રિકાના ઝડપી ગોલંદાજો તેમનું મુખ્ય શસ્ત્ર છે એટ્લે આ શ્રેણીમાં તે નમતું જોખવા તૈયાર નથી. આ શૃંખલા એક ઉત્તમ બનશે તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. ભારતને ૨૦૧૮-૧૯ માં વિદેશી ધરતી ઉપર ૧૨ ટેસ્ટ મેચ રમવાની છે. દક્ષિણ આફ્રિકાના આ પ્રવાસ બાદ ઈંગ્લૈંડ અને ઑસ્ટ્રલિયનો પ્રવાસ પણ કરવાનો છે. જેથી આ શ્રેણી ના પરિણામ ઉપર ટીમની દિશા અને દશા નક્કી થનાર છે. તેથી ભારતે જોમ, જુસ્સો અને આક્રમકતા દાખવીને પોતાની તમામ તાકાત લગાવવાની છે. આશા રાખીએ કે ભારત આ અગ્નિ પરીક્ષામાં સારો દેખાવ કરીને ૨૦૧૮ ના વર્ષની શરૂઆત કરે.

લેખક : ગૌતમ ઠાકર (હિં.સ.)

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા

રખેવાળ

સાંતલપુર તાલુકાના વૌવામાં માછલીઓનો વરસાદ

રાધનપુર

સાંતલપુર તાલુકાના વૌવા ગામે ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં રોજ પ્રમાણે શિક્ષણ કાર્ય ચાલી રહ્યું હતું, બપોરે ૧.૪૦ વાગે એકા-એક ધાબા ઉપર અવાજ આવતા શાળાના સ્ટાફે ધાબા ઉપર જઈને તપાસ કરતા ધાબા ઉપર તેમજ પ્રાર્થના હોલના પતરા ઉપર પાણી વિના અસંખ્ય નાની-નાની માછલીઓ તરફડીયા મારીને મોતને ભેટેલી જોવા મળી હતી, શાળાના આચાર્ય કરમશીભાઈ એન.દેસાઈના જણાવ્યા મુજબ બપોરે ૧.૪૦ વાગે જાણે કે વરસાદ પડતો હોય તેવો અવાજ આવતા શિક્ષકો અને વિધાર્થીઓએ ઉપર જોઈને જોતા માછલીઓનો વરસાદ થયો હોવાનું માલુમ પડ્યું હતું.

બહુચરાજી એસ.ટી.ડેપોમાં ઓપન હાઉસ કાર્યક્રમ યોજાયો

ચાણસ્મા

એસ.ટી. નિગમના કર્મચારીઓની સકારાત્મકતામાં વધારો થાય અને કામદાર- મેનેજમેન્ટ વચ્ચેના સંબંધો સુદઢ બને તેવા ઉમદા આશયથી એસ.ટી. નિગમનાં ઉપાધ્યક્ષ સોનલ મિશ્રા દ્વારા રાજ્યના તમામ એસ.ટી.ડેપો લેવલે દર બુધવારે અને વિભાગીય નિયામક લેવલે દર માસની ૧૫ અને ૩૦ તારીખે 'ઓપન હાઉસ' કાર્યક્રમ શરૂ કરાયો છે. જેમાં નિગમના કર્મચારીઓ તેમના પ્રશ્નો, રજુઆત અને સુચનો રજુ કરી શકે છે. તંત્રના આ અભિગમને એસ.ટી. કર્મચારીઓમાં આવકાર સાંપડી રહ્યો છે. બહુચરાજી એસટી ડેપો ખાતે ડેપો મેનેજર ભાવેશ વૈદ્યની ઉપસ્થિતિમાં યોજાયેલા ઓપનહાઉસ કાર્યક્રમમાં એસ.ટી.ના ડ્રાઈવર - કંડકટરો, મિકેનિકલ તેમજ તમામ વહીવટી સ્ટાફે હાજરી આપી હતી. જેમાં ડેપો મેનેજરે કાર્યક્રમનો ઉદ્દેશ સમજાવ્યો હતો. જ્યારે કર્મચારીઓએ ફરજ દરમિયાન પડતી મુશ્કેલીઓ, એસટીની આવક વધે તે માટે એક રૂટમાં જરૂરી ફેરફાર કરવા સહિતના સુચનો કર્યા હતા. જેનો સ્થળ પર જ હકારાત્મક ઉકેલ લાવવામાં આવ્યો હતો. જેનો સ્થળ પર જ હકારાત્મક ઉકેલ લાવવામાં આવ્યો હતો. ડેપો મેનેજર દ્વારા આગામી સમયમાં કર્મચારીઓના આરોગ્યની ચકાસણી માટે હેલ્થ ચેકઅપ કેમ્પ યોજવા, ૧૪ મી જાન્યુઆરી ઉત્તરાયણના દિવસ પતંગ લૂંટવા બાળકોની દોડદોડ વચ્ચે અકસ્માત ન સર્જાય તે માટે એસટી લેવલે સુરક્ષા કાળજી લેવાય તેની સમજ આપી હતી. ઉલ્લેખનીય છે કે, બહુચરાજી એસ.ટી.ડેપો દ્વારા રૂટ મેનેજમેન્ટ અંગે તૈયાર કરાયેલા સોફ્ટવેરનો રાજ્યભરમાં અમલ કરાયો છે. આ સિદ્ધિ બદલ આગામી ૨૬ મી જાન્યુઆરીના રોજ મુખ્યમંત્રી હસ્તે ડેપોનું સન્માન થનાર છે.

તલોદ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે

તલોદ

રાજયમાં દર વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાય છે. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લાના પ્રવાસનને વેગ મળે તે તલોદ ખાતે પતંગ મહોત્સવનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.૧૩ જાન્યુઆરી ૨૦૧૮ના રોજ તલોદની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે યોજાનાર પંતગ મહોત્સવમાં ૧૧ દેશના ૩૫થી વધુ આંતરરાષ્ટ્રીય તથા ૧૫ જેટલા રાષ્ટ્રીય કક્ષાના પંતગબાજો ભાગ લેશે જેમાં દેશ-વિદેશના પંતગરસિકો અવનવી ડિઝાઈનવાળા પંતગો સાથે કરતબ બતાવશે આ મહોત્સવ માણવા તથા સહભાગી થવા જિલ્લા કલેકટર પી.સ્વરૂપે જણાવ્યું છે.

વિવિધ બજાર ભાવ

થરાદ	
રાયડો	૬૫૦-૬૮૧
એરંડા	૭૬૦-૭૯૩
મગ	૬૦૦-૯૫૦
મઠ	૫૮૧-૬૨૨
જીરુ	૨૯૫૦-૩૭૯૧
મેથી	૫૧૨-૬૯૧
ગવાર	૭૮૦-૮૩૪
મગફળી	૭૨૫-૮૨૧
અજમો	૮૦૦-૧૫૮૮
રજકાબાજરી	૩૧૨-૩૫૬
તલ	૧૩૯૦-૧૫૫૧
રાહ	
રાયડો	૬૫૦-૬૬૫
એરંડા	૭૬૦-૭૭૦
રજકાબાજરી	૩૩૦-૩૫૫
ધાનેરા	
ઘઉં	૩૧૩
બાજરી	૨૫૦-૨૯૦
અડદ	૬૩૦
મઠ	૫૫૫-૬૩૦
ગવાર	૭૫૦-૮૧૮
મગફળી	૬૫૦-૭૯૨
રાયડો	૬૫૦-૬૬૮
એરંડા	૭૬૫-૭૭૪
ઈસ.	૧૫૦૧-૧૮૩૪
જીરૂ	૩૩૦૧
તલ	૧૪૬૦-૧૭૦૧
સુવા	૮૬૧-૯૮૦
વરી.	૯૬૬-૧૦૫૧
અન્ય	૯૦૮
પાટણ	
એરંડા	૭૬૫-૮૦૧
રાયડો	૬૨૦-૬૬૫
મેથી	૪૦૦-૫૬૯
સુવા	૯૫૦-૧૦૪૦
જીરૂ	૨૦૦૦
વરી.	૧૦૧૦-૧૧૦૧
જુવાર	૫૬૨-૬૪૬
તલ	૧૩૫૦-૧૫૫૦
ઘઉં	૩૪૦-૩૭૦
મગ	૧૧૩૦
બાજરી	૨૨૦-૨૪૦
બંટી	૩૩૩-૩૬૨
જવ	૩૩૧
અજમો	૮૨૦-૯૫૧
તલ	૧૫૦૧
અડદ	૬૪૦-૮૬૭
ગવાર	૭૮૦-૮૩૧
કપાસ	૯૮૦-૧૦૬૭
થરા	
જીરૂ	૩૨૦૦-૩૭૨૦
એરંડા	૭૭૫-૭૯૩
રાયડો	૬૫૦-૬૫૬
ગવાર	૭૮૫-૮૨૪
ઘઉં	૩૨૮-૩૪૭
બાજરી	૨૨૦-૨૫૧
તલ	૧૫૮૦-૧૬૧૦
અડદ	૬૧૧-૭૦૫
સિદ્ધપુર	
ઘઉં	૩૪૫-૩૮૪
બાજરી	૨૨૦-૨૫૧
જુવાર	૫૩૮-૭૯૩
જવ	૩૬૪
એરંડા	૭૪૭-૭૯૬
મગ	૬૫૫-૬૭૫
અડદ	૬૯૦-૮૨૫
રાયડો	૬૪૦-૬૫૭
ગવાર	૭૫૦-૮૧૫
કપાસ	૮૭૧-૧૦૫૨

રાધનપુરમાંથી રૂ.૩.૩૧ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

રાધનપુર

રાધનપુર પોલીસને મળેલી બાતમીને આધારે હે.કો. દિનેશભાઈ રામા ભાઈ, હે.કો. ભરતભાઈ ધરમસિંહભાઈ, હે.કો. દેવશીભાઈ દેવાભાઈ, પો.કો. મહિપતસિંહ કરણ સિંહ, પો.કો. બિપીનભાઈ વજુ ભાઈ, પો.કો. મહેશભાઈ બચુભાઈ તેમજ પો.કો. પ્રતાપસિંહ શંકરજી વગેરે ભાભર ત્રણ રસ્તા પાસે વોચમાં હતા એ સમય દરમ્યાન ભાભર તરફથી એક સફેદ કલરનું ડાલુ આવતું હોઈ તેને ઉભું રાખવાનો ઈશારો કરતા ચાલકે પોલીસ સ્ટાફને જોઈને ડાલુ ભગાવ્યું હતું,જેનો પોલીસ સ્ટાફે ખાનગી વાહનમાં પીછો કર્યો હતો અને ડાલુ પાલનપુર રોડ ઉપર ભાડિયા ગામ તરફ ચાલકે વાળી દીધું હતું અને ભાડિયા ગામમાં ઠાકોરવાસ આગળ ડાલુ મૂકીને રોડની સાઈડે આવેલ બાવળની ઝાડીમાં ચાલક ભાગી ગયો હતો.જીપ ડાલા નંબર જોતા જી.જે ૧૩ એ પી ૪૧૯૭ હતો, જેમાં તપાસ કરતા પ્લાસ્ટિકની થેલીઓમાં ભંગાર ભરેલ હતો અને તેની નીચે ૮૨૮ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવેલ જેની કિંમત રૂ. ૩,૩૧,૨૦૦ થવા પામી હતી,ડાલાની કિંમત રૂ. ૨ લાખ ગણીને પોલીસે કુલ ૫,૩૧,૨૦૦ નો મુદ્દામાલ કબજે કરીને પ્રોહોબિશન ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી હતી.

અંકલેશ્વરના જીતાલી ગામે વર્મી કમ્પોઝ પ્લાન્ટમાં અસામાજીક તત્વોએ આગ લગાડી

અંકલેશ્વર

અંકલેશ્વરના જીતાલી ગામે વર્મી કમ્પોઝ પ્લાન્ટમાં અસામાજીક તત્વોએ આગ લગાડી હતી.

રોટરી કલબ દ્વારા ઉભા કરેલા વર્લી કમ્પોઝ પ્લાન્ટમાં અસામાજીક તત્વોએ આગ લગાવી હોવાની ઘટના બની છે. ગામમાંથી ગાર્બેજ વેસ્ટ એકત્ર કરી ખાતર બનાવી તેનો ખેતીમાં ઉપયોગ કરવામાં આવે છે. રાજ્ય ગ્રામ્ય કક્ષા પ્રથમ નંબર વર્મી કમ્પોઝ પ્રોજેક્ટ છે. ગામાથી એક કીલોમીટર દુર સરકારી જગ્યામાં આવેલા પ્લાન્ટમાં આગ લગાડવા પાછળનું ચોક્કસ કારણ હજી બહાર આવ્યું નથી. અંકલેશ્વર રોટરી કલબ દ્વારા અંદાજીત ૨ લાખ ખર્ચે જીતાલી ખતે સેંગપુર રોડ પર ગામમાંથી કચરો એકત્ર કરી ખાતર બનવાનો પ્રોજેક્ટ ઉભો કર્યો હતો. ગત રાત્રે કેટલાક અસામાજીક તત્વોએ પ્લાન્ટના શેડમાં આગ લગાવી હતી. સવારે જીતાલીના સરપંચ મહંમદ પાંડોર તેમજ રોટરી કલબના નરેન્દ્રભાઈને જાણ થતાં તેઓ ઘટના સ્થળે આવી ઘટના અંગે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. સરપંચ મહંમદ પાંડોરે જણાવ્યું હતું કે સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ગ્રામજનોએ રોટરી કલબની મદદથી આ પ્રોજેક્ટ ઉભો કર્યો હતો. ગામના વિકાસ માટે આ અનોખો પ્રોજેક્ટ કેટલાક વિઘ્નસંતોષી તત્વોએ આગ લગાવી હોવાનું રોટરી કલબના નરેન્દ્ર ભટ્ટે જણાવ્યુ હતું.

ચાણસ્મા તાલુકા પંચાયતમાં સત્તા હસ્તગત કરવા ભાજપ દ્વારા કવાયત શરૂ

આ અંગે તાલુકા પંચાયત પ્રમુખ કોકીલાબેન પટેલને પૂછતાં તેઓએ જણાવ્યું હતું કે, ખુદ કોંગ્રેસ પક્ષના જ સદસ્યો પોતાને નિષ્પક્ષ રીતે કામ કરવા દેતા નથી અને અવિશ્વાસની દરખાસ્તના નામે બ્લોકમેનેલિંગ કરતા હોવાના આક્ષેપ કર્યો હતો. તેમના વિરૂધ્ધની અવિશ્વાસની દરખાસ્તનો કરૂણ રકાસ થશે તેમ જણાવી ઉમેર્યું હતું કે, તાલુકા પંચાયતના કેટલાક સદસ્યો પાર્ટી સાથે છેડો ફાડી ભાજપમાં જોડાનાર છે તે વાતથી તેવો અજાણ હોવાનું જણાવ્યું હતું.

ચાણસ્મા

પાટણ જિલ્લા પંચાયત સંચાલિત ચાણસ્મા તાલુકા પંચાયતમાં હાલ સત્તાના સૂત્રો કોંગ્રેસ પાસે છે. આ તાલુકા પંચાયતમાં કુલ ૧૮ બેઠકો પૈકી કોંગ્રેસ પક્ષે ૧૫, અપક્ષ-૨ અને ભાજપના એક ઉમેદવાર વિજેતા બનેલા છે. છેલ્લા બે વર્ષના કોંગ્રેસ હસ્તકની આ તાલુકા પંચાયતમાં ખુદ કોંગ્રેસ પક્ષના જ કેટલાક અસંતુષ્ટ સદસ્યોએ પ્રમુખ અને કારોબારી અધ્યક્ષને હોદ્દા પરથી દૂર કરવા વારંવાર અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરી સત્તાધારી પક્ષને જ મોટું નુકશાન પહોંચાડ્યું છે. ફરી એકવાર કોંગ્રેસના સ્થાનિક સંગઠનના હોદ્દેદારોએ હાલના તાલુકા પંચાયતનાં મહિલા પ્રમુખ સામે અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરી ફરી એકવાર અસંતુષ્ટોએ સતા કબજે કરવા પોતાનું પોત પ્રકાશ્યું છે. તેવા સંજોગોમાં તાલુકાના ભાજપના સંગઠન તેમજ આ વિસ્તારના ધારાસભ્ય અને રાજયના એક કેબિનેટ મંત્રીના ઈશારે કોંગ્રેસના આંતરકલહનો લાભ લેવા સોકઠાબાજી શરૂ કરી છે. અને નજીકના જ દિવસોમાં તાલુકાના કોંગ્રેસના ૧૦ કરતાં પણ વધારે સદસ્યો એકસાથે કોંગ્રેસ પક્ષને અલવિદા કરી ચાણસ્મા તાલુકામાં ભાજપના નેતૃત્વ નીચે તાલુકા પંચાયતમાં સત્તા હસ્તગત કરવા કવાયત હાથ ધરી છે.

રાજકીય સૂત્રોના જણાવ્યા મુજબ, ચાણસ્મા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કોંગ્રેસના શાસનકાળમાં વિકાસના કામો પર ધ્યાન કેન્દ્રીત કરવાના બદલે ચૂંટાયેલા સદસ્યોએ સત્તા મેળવવા છેલ્લી કક્ષાનું રાજકરણ અપનાવ્યું છે અને તેનો ભરપૂર લાભ લેવા ભાજપ દ્વારા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. ચાણસ્મા વિધાનસભા મત વિસ્તાર માત્ર ચાણસ્મા તાલુકામાંથી જ કોંગ્રેસને બહુમતી મળી હતી. જ્યારે સમી, હારિજ અને શંખેશ્વરમાંથી ભાજપને સરસાઈ મળી હતી. પરિણામે આ બેઠક ભાજપની ઝોલીમાં ગઈ હતી.

ચાણસ્મા નગર પંચાયતની ચૂંટણી ટૂંક સમયમાં યોજાવા જઈ રહી છે અને લોકસભાની ચૂંટણીઓ પણ નજીકના ભવિષ્યમાં યોજાવાની છે ત્યારે ભાજપ દ્વારા તેનો સીધો લાભ ઉઠાવવા અને ચાણસ્મા તાલુકા પંચાયતમાં કોંગ્રેસને મ્હાત કરી તાલુકા પંચાયતમાં ભાજપ સત્તા મેળવવા મરણિયો બન્યો છે.

તાલુકા પંચાયતના કોંગ્રેસ પક્ષના ૧૦ કરતાં પણ વધારે સદસ્યો ભાજપના પ્રદેશના એક નેતાના સંપર્કમાં છે અને આગામી દિવસોમાં એકસાથે કોંગ્રેસમાંથી રાજીનામુ આપી તાલુકા પંતાયતમાં ભાજપના નેતૃત્વ નીચે સત્તા હસ્તગત કરવા કવાયત હાથ ધરવામાં આવી છે. ભાજપના તાલુકા અને જિલ્લાના સંગઠન સાથે તેમજ આ વિસ્તાર ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી ખુદ અંગત રસ લઈ આ કવાયત અંગે આખરી નિર્ણય લઈ ચાણસ્મા તાલુકા પંચાયતમાં કોંગ્રેસને સાફ કરી ભાજપનો કેસરિયો લહેરાવવા સક્રિય બન્યા છે. બીજી બાજુ, કોંગ્રેસના સંગઠનના હોદ્દેદારોની કનડગતના કારણે ખુદ પક્ષના સભ્યો પક્ષ છોડવા મજબૂર બની રહ્યા છે. ત્યારે પક્ષપલટુંઓ સામે મતદારોમાં ભારે નારાજગી ઉભી થઈ છે.

લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સ-પાટણ ખાતે કિવઝ કોમ્પીટેશન યોજાઈ

પાટણ

તારીખ ૮-૧-૨૦૧૮ ના રોજ લોર્ડ ક્રિષ્ના સ્કૂલ ઓફ સાયન્સના જુદા જુદા વિભાગોમાં કવીઝ કોમ્પીટેશન યોજાઈ હતી માધ્યમિક, પ્રાથમિક પૂર્વ પ્રાથમિક વિભાગોમાં દરેકમાં ચાર વિદ્યાર્થીઓ એવી કુલ પાંચ ટીમોમાં ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કવીઝ માસ્ટર દ્વારા ગોઠવવામાં આવેલ વિવિધ રાઉન્ડ અંતર્ગત પૂછાયેલા વિવિધ ક્ષેત્રોનાં સામાન્યજ્ઞાનના પ્રશ્નોના વિદ્યાર્થીઓએ પોતાની સૂઝ પ્રમાણે ઉત્તર આપ્યાં હતા. ઓડીસન્સને પૂછેલ પ્રશ્નોના પણ સારા ઉત્તર મળ્યાં હતા. કાર્યક્રમના અંતે વિજેતા બનેલ ટીમને તથા રનર્સઅપને સર્ટીફીકેટ તથા ઈનામ વડે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. કાર્યક્રમના સંયોજક તરીકે માધ્યમિક વિભાગમાં કેતનભાઈ પટેલ, પ્રાથમિક વિભાગમાં જગદીશભાઈ પટેલ તથા પૂર્વ પ્રાથમિક વિભાગમાં તન્વીબેન મોદીએ જવાબદારી નિભાવી હતી. પ્રાથમિક આચાર્ય જગદીશભાઈ પંચાલ તથા માધ્યમિક આચાર્ય કિશોરભાઈ રામીએ તમામ પ્રતિભાગી વિદ્યાર્થીઓની પ્રતિભાને બિરદાવી હતી. શાળાનાં મેનેજીંગ ડીરેક્ટર અમિતભાઈ, ડીરેક્ટર કે.પી. સર, ડી.એન. સર અને એલ.કે.સર તથા પ્રમુખશ્રી દિનાબેન પટેલ ઈનામો વડે વિદ્યાર્થીઓને પ્રાત્સાહિત કર્યા હતા.

પાટણમાં વારાહી ખાતે

વારાહી નજીક ટ્રેકટરની ટક્કરથી પત્નીની નજર સામે પતિનું મોત

પાટણ

સાંતલપુર તાલુકાના ડાભી ગામનો યુવક અને તેની પત્ની બાઈક પર વારાહી જઈ રહ્યા હતા. તે વખતે રસ્તામાં માનપુર પાટિયા નજીક યુવકની પત્ની લઘુ શંકા કરવા માટે ગઈ હતી. તે વખતે પાછળથી આવેલા ટ્રેલરે બાઈકને ટક્કર મારતા યુવકનું ઘટના સ્થળે તેની પત્નીની નજર સામે મોત થયું હતું.

ડાભી ગામનો પોપટભાઈ મેળાભાઈ ઠાકોર (૨૩) અને તેમની પત્ની કકીબેન ઠાકોર કરીયાણાની ખરીદી કરવા માટે રવિવારે બપોરના ૧૨:૩૦ અરસામાં બાઈક પર વારાહી જઈ રહ્યા હતા. તે વખતે માનપુર પાટિયા નજીક પહોંચતા કકીબેન ઠાકોર લઘુશંકા કરવા માટે ગયા હતા. અને પોપટભાઈ બાઈક લઈને રોડની સાઈડમાં ઊભાં હતાં તે વખતે પાછળથી એક ટ્રેલરે બાઈકને ટક્કર મારતા પોપટભાઈ ઠાકોર ડિવાઈડર પર પટકાતાં તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું ઘટના સ્થળે મોત થયું હતું. ટ્રેલરનો ચાલક નાશી ગયો હતો. કકીબેન ઠાકોરે તેમના પતિને નીચે પડેલા જોઈ તેઓ પણ બેભાન થઈ ગયા હતા.

ઊંઝા એપીએમસીમાંથી દર વર્ષે ૧ લાખ ટન જીરુની નિકાસ

ઊંઝા

ઊંઝાના જીરૂની ડિમાન્ડ વધતાં આ વર્ષે ૭૫ ટકા નિકાસ વિશ્વના દેશોમાં થવાનો અંદાજ સેવાઈ રહ્યો છે. નોંધનીય છે કે વિશ્વના દર ૧૦ દેશોમાંથી ૮ દેશોમાં ઊંઝાનું જીરું ખરીદાય છે. બે વર્ષથી સિરિયામાં ચાલી રહેલા આંતરિક વિવાદને લઈને જીરુની નિકાસ ઉપર અસર પડતાં ભારતમાંથી જીરાની માંગ વધી રહી છે. એમાંથી સૌથી વધુ ઊંઝાના જીરુની માંગ વધી છે. ઊંઝા એપી એમસી માંથી દર વર્ષે ૧ લાખ ટન જીરુની નિકાસ થાય છે. ઊંઝા એપીએમસી ચૈરમેન ગૌરાંગ ભાઈ એન.પટેલે જણાવ્યું કે, સમગ્ર વિશ્વ ના દર ૧૦ દેશોમાંથી ૮ દેશોમાં ગુજરાતના ઊંઝાનું જીરું ખરીદાય છે. ગત વર્ષે વિશ્વની કુલ જીરા નિકાસમાંથી ૭૧ % તો માત્ર ઊંઝાના નિકાસકરોએ નિકાસ કરી હતી. ગત વર્ષે ગુજરાતમાં જીરાનું વાવેતર કુલ ૨.૭૨ લાખ હેક્ટરમાં થયું હતું. જે આ વર્ષે ૩.૮૫ લાખ હેક્ટર માં ખેડૂતોએ જીરાનું વાવેતર કર્યું છે, છેલ્લા બે વર્ષથી સિરિયામાં આંતરિક વિવાદને લઈ જીરુની નિકાસ ઉપર અસર પડી છે, જેનો સીધો લાભ ભારતને થયો છે.

હિંમતનગર નજીક ટ્રક-બાઈક વચ્ચે અકસ્માતમાં રાજસ્થાનનાં બે યુવાનના મોત

હિમતનગર

હિંમતનગર શહેરના મોતીપુરા બાયપાસ રોડ પર સોમવારે રાત્રે પાઈપો ભરેલા વાહને આગળ જઈ રહેલા બાઈકને ટક્કર મારતાં બંને બાઈક સવારના સારવાર દરમિયાન મોત નીપજ્યા હતા. ત્યારે ટોલનાકા પર આ ટ્રક સીસીટીવીમાં કેદ થતાં એડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. હિંમતનગર શહેરના મોતીપુરા બાયપાસ રોડ પર સોમવારે સાંજે નવેક વાગ્યાના સુમારે બહેરા મૂંગા શાળા આગળ બાઈક અને પાઈપો ભરેલા વાહન વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. રાજસ્થાનથી હિંમતનગરમાં કડીયાકામે આવેલ અને હિંમતનગર બાયપાસ ટોલપ્લાઝા પાસે નવા બની રહેલ કોમ્પ્લેક્ષમાં કડીયાકામ કરતા સુરેશભાઈ ખાતુજી અસારી (મૂળ રહે. અમજેર,નલાફળો તા.બીછીવાડા જી.ડુગરપુર) અને પપ્પુભાઈ લક્ષ્મણભાઈ ડામોર બંને સોમવારે રોજ રાત્રે નવેક વાગ્યાના સુમારે બાઈક (નં. આર.જે-૧૨-એસ.એમ. ૬૦૩૯) લઈને બજારમાં આવવા નીકળ્યા હતા બાયપાસ રોડ પર મોતીપુરા ખાતે બહેરામૂંગા શાળા આગળ આર.ટી.ઓ તરફથી આવી રહેલ ટાટા કંપનીની સિમેન્ટના પાઈપો ભરેલ વાહન (નં. જી.જે-૧-બી.વાય. ૫૧૮૫) ના ચાલકે બાઈકને પાછળથી ટક્કર મારતાં બાઈક પર બેઠેલા બંને જણા રોડ પર પટકાયા હતા અને માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ થઈ હતી અને અકસ્માત સર્જનાર વાહન લઈને ફરાર થઈ ગયોહતો.અર્જુનભાઈ ખાતુજીએ એડિવિઝન પોલીસ સ્ટેશનમાં સુરેશભાઈ (ઉ.વ.૪૨) અને પપ્પુભાઈ (ઉ.વ.૨૮)નુ મોત નીપજાવી વાહન (નં. જી.જે-૧-બી.વાય.૫૧૮૫) નો ચાલક ફરાર થઈ ગયો હોવા અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે ફરાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી હતી.

મહેસાણા જિલ્લામાં ખાનગી વાહનોમાં અમર્યાદિત મુસાફરો ભરી દોડતા વાહનોઃ કાયદાની ઐસીતૈસી

મહેસાણા

મહેસાણા જિલ્લામાં પોલીસતંત્રની રહેમ નજર તળે કાયદાની ઐસી કી તૈસી કરીને વિવિધ રૂટો પર રોજિંદા અમર્યાદિત મુસાફરો ભરીને ખાનગી વાહનો દોડી રહ્યા છે. છતાં પોલીસ તથા આર.ટી.ઓ. તંત્ર દ્વારા કાનૂની રાહે કોઈ કડક પગલાં ભરાતાં નથી. પરિણામે અવારનવાર જીવલેણ તેમજ અન્ય અકસ્માતો સર્જાય છે. જેમાં કેટલાયે માનવીઓની જીવનદોરી ટૂંકાય છે. આ વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન હાઈવે પર તેમજ અન્ય માર્ગો ઉપર ખાનગી વાહનોના અકસ્માતોના ઘણા કિસ્સા નોંધાયા છે.

મહેસાણા જિલ્લાના જુદા જુદા રૂટો પર ખાનગી વાહનો એસ.ટી.ની શિડ્યુલ બસોની સમાંતર દોડી રહ્યા છે. આવા વાહનોમાં ઘેટાં- બકરાંની જેમ અમર્યાદિત મુસાફરો ભરાય છે. આવા વાહનોના ચાલકો કમાવવાની લ્હાયમાં પુરઝડપે અને ગફલતભરી રીતે વાહનો હંકારીને મુસાફરોની જીંદગી જોખમમાં મુકે છે.

ગેરકાયદેસર મુસાફર ભરીને દોડતા વાહનો મુખ્યત્વે એસ.ટી.બસ મથકોની આસપાસ અડ્ડો જમાવે છે અને મોટાભાગે એસ.ટી. બસોના મુસાફરોને જ પોતાના વાહનોમાં ખેંચી જાય છે. જેથી એસ.ટી.તંત્રની આવક પર આની સીધી અસર પડે છે. નામદાર રાજ્યની વડી અદાલતે બસ મથકોની આસ પાસના ચોક્કસ વિસ્તારમાં ખાનગી વાહનો ઉભા રાખવા પર છેલ્લા ઘણા વખતથી પ્રતિબંધ ફરમાવેલ છે. આ ઉપરાંત જિલ્લાના અધિક કલેક્ટર દ્વારા પણ જાહેરનામું બહાર પડાયેલ છે. તેમ છતાં તેનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું હોય તેમ જણાય છે.પોલીસતંત્રમાં ભ્રષ્ટાચાર જાણે શિષ્ટાચાર બની ગયો હોય તેવી સ્થિતિ પેદા થઈ હોવાનું ચર્ચાય છે. કેવળ નાણાં કમાવા પર જ પોલીસે ધ્યાન કેન્દ્રિત કર્યું હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. કહે છે કે, ભ્રષ્ટાચારના કુંડાળામાં કોન્સ્ટે.થી માંડીને ઉચ્ચ પોલીસ અધિકારીઓના પગ ખરડાયેલા હોવાનું બોલાય છે. ખાનગી વાહનોમાં અમર્યાદિત મુસાફરો ભરીને કાયદાની ઐસી કે તૈસી થઈ રહી છે. અને અવાર નવાર જીવલેણ અકસ્માતોમાં કેટલાયના મોત થતા જાય છે. પોલીસની પરવાનગી વગર ખાનગી વાહનો આવી રીતે દોડી શકે તેમ નથી તેવું લોકોનું માનવું છે. મુસાફરો ભરીને દોડતા ખાનગી વાહનોના ચાલકો કે સંચાલકો તરફથી ટ્રાફિક પોલીસ તેમજ જે તે હદની પોલીસને દર મહિને તગડા હપ્તાઓ ચુકવાતા હોવાનું ચર્ચાય છે. જિલ્લાની લાંચ રૂશ્વત વિરોધી શાખાનું તંત્ર પણ ભ્રષ્ટાચારની બદીને ડામવવામાં સદંતર નિષ્ફળ નિવડ્યું હોવાની છાપ લોકમાનસમાં ઉભી થઈ છે.

ઉંઝા-મહેસાણા હાઈવે પર બ્રિજના કામ માટે કરાયેલા ખાડાથી અકસ્માતનો ભય

ઉંઝા

ઉંઝાથી મહેસાણા તરફના હાઈવે પર થોડાક મહિનાઓ અગાઉ બ્રિજનુ કામ શરૂ કરાયું હતું. પરંતુ ટુંકા ગાળામાં રોડ બંધ કરી દેવામાં આવ્યો છે પરંતુ રોડ પર આવેલા ખાડાઓના કારણે વાહનો પટકાઈ રહ્યા હોવાથી જીવલેણ અકસ્માત થવાનો ભય સેવાય છે.કોન્ટ્રાકટરો બ્રિજનું કામ બંધ કરીને જતા રહ્યા પરંતુ રોડ પરના ખાડાઓનું પુરાણ થયું નથી. જેના કારણે પેટ્રોલપંપ સુધીનો રોડ હાલ અકસ્માઝોન બની ગયો છે. અને વાહન ખાડામાં પટકાતા વાહનો અને મુસાફરોને ભારે પરેશાન થવું પડે છે.જ્યારે ખાડાઓની આસપાસ કોઈ પ્રોટેક્શન કે ઈન્ડીકેટર નહિં હોવાથી ખાસ કરીને રાત્રી દરમ્યાન અકસ્માતની ભીતિ સેવાય છે. છતાં માર્ગ મકાન વિભાગનું પેટનું પાણી હાલતું ન હોવાથી લોકોમાં રોષ ફેલાયો છે.